RNI NO GUJ/GUJ/2005/23890

LEELA NEWS NETWORK P. LTD

ભાવનગર, રાજકોટ, જામનગર અને અમરેલીથી એક સાથે પ્રસિદ્ધ થતું સાંધ્ય દૈનિક

# સૌરાષ્ટ્ર આસપાસ

સનસનાટી નહીં, સત્ય. અફવા નહીં આધાર !

AMRELI
www.aaspassdaily.com

LEELA WORLD WIDE
લીલા વર્લ્ડ વાઈડ ગ્રુપનું અખબાર સમુહ

● મેનેજીંગ તંત્રી : કોમલકાંત શર્મા નારાયણ આર્કેડ, ભીડભંજન મહાદેવ સામે લીલીયા રોડ, અમરેલી.

● સંવત ૨૦૮૨ શ્રાવણ વદ - ૩ સોમવાર તા.૩૧-૦૮-૨૦૨૬ અંક : ૨૦૬ વર્ષ : ૨૧ email :rajkot@aaspassindia.com કિંમત રૂા. ૨-૫૦ પાના - ૮

# અન્ય લોકોને મદદ કરવી એ ભારતની સનાતન પરંપરા: ભાગવત

## 'જો હિન્દુ જાગશે તો જ દુનિયા જાગશે.', કેનેડાના ટોરેન્ટોમાં હિન્દુ વિશ્વ બંધુ - એમ્બ્રેસ ધ વર્લ્ડ ઈન ફ્રેન્ડશિપ' શીર્ષક હેઠળ યોજાયેલા કાર્યક્રમમાં મોહન ભાગવતનું સંબોધન

ટોરેન્ટો,

ભારતનો ઉદય તે કેટલો શક્તિશાળી બને છે તેનાથી નહીં, પરંતુ તે એકતાપૂર્ણ માનવતામાં કેટલું યોગદાન આપે છે તેના પરથી માપવો જોઈએ. કેનેડાના ટોરોન્ટોમાં ભારતીય સમુદાયને સંબોધતા રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘ (ઇજીજી)ના વડા મોહન ભાગવતે સેવા, વિવિધતા અને વૈશ્વિક બંધુત્વના ભારતીય સંસ્કૃતિના વિચાર પર પ્રકાશ પાડ્યો હતો. 'હિન્દુ વિશ્વ બંધુ - એમ્બ્રેસ ધ વર્લ્ડ ઈન ફ્રેન્ડશિપ' શીર્ષક હેઠળ યોજાયેલા કાર્યક્રમમાં મોહન ભાગવતે જણાવ્યું હતું કે, 'જો હિન્દુ જાગશે તો જ દુનિયા જાગશે.' ભારતના 'ડીએનએ'નો ઉલ્લેખ કરતા તેમણે અન્ય લોકો તરફ મદદનો હાથ લંબાવવાની ભારતની સનાતન પરંપરા પર ભાર મૂક્યો હતો.

ઇજીજીના વડા મોહન ભાગવતે વધુમાં જણાવ્યું કે, 'ભારતના અભ્યુદયનો અર્થ વધુ સંગઠિત અને મુક્ત માનવતા છે. ભારતને એક સમયે મહાસત્તા કહી શકાતું હતું, પરંતુ તેણે ક્યારેય તેવો દાવો કર્યો નથી. ભારતે હંમેશાં વિશ્વની સેવા કરી છે અને પોતાના ઉચ્ચ ચરિત્રને કારણે તે 'વિશ્વગુરુ' બન્યું છે, શાસક મહાસત્તા નહીં.'વિવિધતાને ભારતની એકતાનો અવિભાજ્ય અંગ ગણાવતા તેમણે કહ્યું કે, 'ભારતમાં ભિન્નતાને અવરોધ તરીકે જોવામાં આવતી નથી. ભારતની પરંપરા લોકોને વિવિધતામાં એકતાના દર્શન શીખવે છે અને વિવિધતા



પોતે જ એકતાનું એક સ્વરૂપ છે.'

આ વિચારને "વસુધૈવ કુટુંબકમ" સાથે જોડતા ઇજીજીના વડા મોહન ભાગવતે કહ્યું કે, 'આખું વિશ્વ એક પરિવાર છે. આ સિદ્ધાંત હેઠળ લોકોએ બાહ્ય ભેદભાવોથી પર થઈને સાર્વત્રિક માનવતાને ઓળખવી જોઈએ.'સંઘના વડા મોહન ભાગવતે ઉમેર્યું કે, 'સેવાની ભાવના ભારતના ચરિત્રમાં ઊંડે સુધી વણાયેલી છે. ભારતે ક્યારેય વિશ્વમાં ક્યાંય પણ મદદ કરવાનો ઇનકાર કર્યો નથી અને વિનંતી વગર પણ સહાયનો હાથ લંબાવ્યો છે. ભારતના પૂર્વજોનો ઉદ્દેશ્ય રાજકીય નિયંત્રણ સ્થાપિત કરવાનો નહોતો, પરંતુ જ્ઞાન વહેંચવાનો હતો.ટોરોન્ટોમાં યોજાયેલા આ કાર્યક્રમનું આયોજન 'કેનેડિયન હિન્દુઝ ફોર આઉટરીચ, રિલેશન્સ એન્ડ ડાયલોગ' (ઝઉઁઈઠ) દ્વારા કરવામાં આવ્યું હતું. કેનેડાના પૂર્વ સંરક્ષણ મંત્રી અને આલ્બર્ટાના પૂર્વ પ્રીમિયર જેસન કેનીએ પણ આ કાર્યક્રમમાં હાજરી આપી હતી. તેમણે કેનેડા-ભારત સંબંધોમાં નવી ગતિશીલતાનું સ્વાગત કર્યું હતું.

# પીએમ મોદીને ઉઝબેકિસ્તાનનું સર્વોચ્ચ સન્માન

## "ઓલી દરાજલી દોસ્તલિક" એનાયત કરવામાં આવ્યું, અત્યાર સુધીમાં ૩૬ દેશોએ તેમને સન્માનિત કર્યા છે

નવીદિલ્હી,

વડાપ્રધાન નરેન્દ્ર મોદીને ઉઝબેકિસ્તાનનું સર્વોચ્ચ રાજ્ય સન્માન, "ઓલી દરાજલી દોસ્તલિક" એનાયત કરવામાં આવ્યું. ઉઝબેકિસ્તાનના રાષ્ટ્રપતિ શવકત મિર્ઝીયોયેવે રવિવારે વડા પ્રધાન મોદીને આ સન્માન એનાયત કર્યું. જુલાઈ ૨૦૨૬ માં ઈન્ડોનેશિયાના સર્વોચ્ચ નાગરિક સન્માન, "ઈન્ડોનેશિયા પ્રજાસત્તાકના બિન્ટાંગ આદિપૂર્ણા" પ્રાપ્ત થયા પછી, વિદેશોમાંથી વડા પ્રધાન નરેન્દ્ર મોદીને મળેલા આંતરરાષ્ટ્રીય સન્માનોની સંખ્યા ૩૫ પર પહોંચી ગઈ છે.

ભારત અને ઉઝબેકિસ્તાન રવિવારે વેપાર અને રોકાણ, ડિજિટલ કનેક્ટિવિટી, સંરક્ષણ અને ઊર્જા ક્ષેત્રોમાં સહયોગ વધારવા સંમત થયા. વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ તાશ્કંદમાં ઉઝબેકના રાષ્ટ્રપતિ શવકત મિર્ઝીયોયેવ સાથે પ્રતિનિધિમંડળ સ્તરની વાટાઘાટો કરી. બંને દેશોએ વ્યૂહાત્મક ભાગીદારીને આગળ વધારવા અને સહિયારા વિકાસ લક્ષ્યોને પ્રાપ્ત કરવા તરફ કામ કરવા પર ભાર મૂક્યો.વડાપ્રધાન મોદી ૨૯ થી ૩૦ ઓગસ્ટ સુધી ઉઝબેકિસ્તાનની બે દિવસીય રાજ્ય મુલાકાતે છે. આ મુલાકાત રાષ્ટ્રપતિ મિર્ઝીયોયેવના આમંત્રણ પર થઈ રહી છે.

# રાજધાની દિલ્હીમાં સ્લીપર બસમાં ધો.૧૧ની વિદ્યાર્થીની પર સામુહિક દુષ્કર્મ બે ઝડપાયા

## ડ્રાઈવર અને કંડક્ટરે ચાલતી બસમાં વારાફરતી બળાત્કાર ગુજાર્યો

નવીદિલ્હી,

દેશની રાજધાની દિલ્હીમાં મહિલાઓની સુરક્ષા પર ફરી એકવાર ગંભીર સવાલો ઊભા થયા છે. કાશ્મીરી ગેટ વિસ્તારમાંથી એક અત્યંત શરમજનક અને હચમચાવી નાખતી ઘટના સામે આવી છે, જ્યાં ખાલી સ્લીપર બસમાં ૧૬ વર્ષની સગીર વિદ્યાર્થીની સાથે સામૂહિક બળાત્કાર આચરવામાં આવ્યો હતો. આ ક્રૂર ઘટના ગત ૪ ઓગસ્ટની રાત્રે બની હતી. પોલીસે આ પ્રકરણમાં ત્વરિત કાર્યવાહી કરીને બસના ડ્રાઈવર કુલદીપ અને કંડક્ટર સંદીપની ધરપકડ કરી લીધી છે.

પ્રાપ્ત માહિતી મુજબ, પીડિતા ઉત્તર પ્રદેશના મૈનપુરી જિલ્લાની વતની છે અને ધોરણ ૧૧માં અભ્યાસ કરે છે. તે પોતાના પરિવારથી નારાજ થઈને કોઈને કહ્યા વગર ઘરેથી નીકળી ગઈ હતી અને નોઈડા સ્થિત પોતાના પિતરાઈ ભાઈના ઘરે જઈ રહી હતી. ભારે વરસાદ અને રાત્રિના અંધકારને કારણે તે ભૂલથી પરી ચોક પર ઉતરી ગઈ હતી. તે જ સમયે ત્યાંથી એક ખાલી સ્લીપર બસ પસાર થઈ રહી હતી. વિદ્યાર્થીનીએ બસને રોકવાનો સંકેત આપ્યો અને ડ્રાઈવર-કંડક્ટરે તેને નોઈડા સેક્ટર ૬૩ તરફ જવાનું કહીને બસમાં બેસાડી. પરંતુ બસ થોડે આગળ વધ્યા બાદ જ કંડક્ટરે સગીરા સાથે અભદ્ર વર્તન શરૂ કરી દીધું. પીડિતાના જણાવ્યા મુજબ, ડ્રાઈવર અને કંડક્ટરે ચાલતી બસમાં તેની પર વારાફરતી બળાત્કાર ગુજાર્યો અને જો તે બૂમાબૂમ કરશે તો તેને જાનથી મારી નાખવાની ધમકી પણ આપી હતી. આ પાશવી કૃત્ય આચર્યા બાદ આરોપીઓએ મોડી રાત્રે કાશ્મીરી ગેટ બસ સ્ટેશન નજીક રિંગ રોડ પર તેને ઉતારી દીધી અને ફરાર થઈ ગયા.

# એક મહિનાની શાંતિ બાદ ફરી યુદ્ધ, અમેરિકા દ્વારા એરસ્ટ્રાઈક બાદ ઈરાને ઝીંકી મિસાઈલો

## ઈરાને જોર્ડનમાં આવેલા અમેરિકન સૈન્ય મથકો પર મિસાઈલો અને ડ્રોન વડે પલટવાર કર્યો

તહેરાન,

અમેરિકા અને ઈરાન વચ્ચે એક મહિનાની શાંતિ બાદ ફરી એકવાર ભયાનક યુદ્ધ શરૂ થઈ ગયું છે. અમેરિકન સેનાએ સ્ટ્રેટ ઓફ હોર્મુઝમાં સ્થિત ઈરાનના લારક ટાપુ પર મોટો હુમલો કર્યો છે, જેના જવાબમાં ઈરાને જોર્ડનમાં આવેલા અમેરિકન સૈન્ય મથકો પર મિસાઈલો અને ડ્રોન વડે પલટવાર કર્યો છે.

અમેરિકાના સેન્ટ્રલ કમાન્ડ (ઝઈદ્ઘર્ઝસ) મુજબ, હોર્મોઝ જળમાર્ગમાં જહાજોની સુરક્ષા



જાળવી રાખવા માટે આ લશ્કરી કાર્યવાહી કરવામાં આવી છે. અમેરિકન અધિકારીઓએ દાવો કર્યો હતો કે ઈરાનના ઈસ્લામિક રિવોલ્યુશનરી ગાર્ડ કોર્પ્સ (ઈય્ઞ) ના જવાનો લારક ટાપુ પર એવા રોકેટ તૈયાર કરી રહ્યા હતા જે દરિયાઈ માઈન્સ (બારૂદી સુરંગો) ને હીટ કરી શકે. આ હુમલામાં અનેક સૈનિકો અને નાગરિકોના મોત થયા છે તથા ઘણા લોકો ઈજાગ્રસ્ત થયા છે. અમેરિકન હુમલાના થોડા જ કલાકોમાં ઈરાને પણ વળતો પ્રહાર કર્યો છે. ઈરાનના રિવોલ્યુશનરી ગાર્ડ્સે જોર્ડનમાં આવેલા અમેરિકા સંચાલિત 'કિંગ હુસૈન એરબેઝ' અને 'અલ-અઝરક એરબેઝ' પર મિસાઈલ અને ડ્રોન વડે હુમલા કર્યા છે. ઈરાની મીડિયાના દાવો છે કે આ હુમલાથી અમેરિકન ટેકનિકલ ઈન્ફ્રાસ્ટ્રક્ચર અને યુદ્ધ વિમાનોના મથકોને ભારે નુકસાન પહોંચ્યું છે, જ્યારે અમેરિકાએ દાવો કર્યો છે કે તેમની એર ડિફેન્સ સિસ્ટમે મોટાભાગની મિસાઈલોને હવામાં જ તોડી પાડી હતી.છેલ્લા ૬ મહિનાથી અમેરિકા અને ઈરાન વચ્ચે સંઘર્ષ ચાલી રહ્યો છે. વિશ્વના સૌથી મહત્વપૂર્ણ દરિયાઈ વેપાર માર્ગોમાંથી એક એવો સ્ટ્રેટ ઓફ હોર્મુઝ આ યુદ્ધનું મુખ્ય કેન્દ્ર બની ગયો છે. ૨૯ જુલાઈ પછી અમેરિકાનો ઈરાન પર આ પહેલો સીધો સૈન્ય હુમલો છે.

### ડોનાલ્ડ ટ્રમ્પ ઉપર વધતું રાજકીય દબાણ

અમેરિકામાં નવેમ્બરમાં યોજાનારી મિડ ટર્મ ચૂંટણીઓ પહેલા ઈરાન સાથે વધી રહેલા યુદ્ધને કારણે ડોનાલ્ડ ટ્રમ્પ પર રાજકીય દબાણ વધી રહ્યું છે. ડેમોક્રેટિક સીનેટરોનું કહેવું છે કે ૬ મહિનાનો સમય વિતવા છતાં પણ યુદ્ધનો કોઈ ચોક્કસ ધ્યેય પ્રાપ્ત થયો નથી અને તેનાથી મિડલ ઈસ્ટમાં અમેરિકાની સ્થિતિ નબળી પડી છે.

# યુક્રેનના હુમલાથી રશિયામાં પેટ્રોલનું ઉત્પાદન ઘટ્યું

## ભારતીય રિફાઈનરીઓએ છેલ્લા બે મહિનામાં રશિયાને ૧૦ લાખ બેરલ પેટ્રોલ મોકલ્યું, ગુજરાતની વાડીનાર રિફાઈનરીનો મોટો ફાળો

નવીદિલ્હી,

યુક્રેનના ડ્રોન હુમલાની અસર હવે રશિયાના ઈંધણ બજાર પર સ્પષ્ટ જોવા મળી રહી છે. રશિયાની અનેક ઓઈલ રિફાઈનરી પર થયેલા હુમલાને કારણે ત્યાં પેટ્રોલનું સ્થાનિક ઉત્પાદન પ્રભાવિત થયું છે. આવી સ્થિતિમાં રશિયાને પોતાની જરૂરિયાત પૂરી કરવા માટે અન્ય દેશોમાંથી પેટ્રોલ મંગાવવું પડી રહ્યું છે. આ સ્થિતિમાં ભારત રશિયા માટે પેટ્રોલના મોટા સપ્લાયર તરીકે સામે આવ્યું છે.

ઊર્જા બજાર પર નજર રાખતી કંપની વૉર્ટેક્સના આંકડા મુજબ, ઓગસ્ટમાં રશિયાની દરિયાઈ માર્ગે પેટ્રોલની આયાત વધીને દરરોજ લગભગ ૧.૨૫ લાખ બેરલના રેકોર્ડ સ્તરે પહોંચી છે. સમગ્ર ઓગસ્ટ દરમિયાન આ જથ્થો લગભગ ૪.૭૦ લાખ ટન રહેવાનો અંદાજ છે. મીડિયા રિપોર્ટ્સ મુજબ, ભારતીય રિફાઈનરીઓએ છેલ્લા બે મહિનામાં રશિયાને લગભગ ૧૦ લાખ બેરલ પેટ્રોલ મોકલ્યું છે. તેમાં સૌથી મોટો ફાળો ગુજરાતની વાડીનાર રિફાઈનરીનો હોવાનું કહેવાય છે. આ રિફાઈનરી નાયરા એનર્જી ચલાવે છે, જેમાં રશિયાની સરકારી ઓઈલ કંપની રોસનેફ્ટની લગભગ ૫૦ ટકા ભાગીદારી છે.

૨૦૨૨ બાદથી ભારતે રશિયા પાસેથી મોટા પ્રમાણમાં કાચું તેલ ખરીદવાનું શરૂ કર્યું છે. રશિયા પાસેથી મળતું કાચું તેલ ભારતની રિફાઈનરીઓમાં પહોંચે છે અને તેમાંથી પેટ્રોલ-ડીઝલ જેવા ઈંધણ તૈયાર કરવામાં આવે છે. જૂન અને જુલાઈમાં ભારતે રશિયા પાસેથી દરરોજ ૨૬ લાખ બેરલથી વધુ કાચું તેલ ખરીદ્યું હતું. આ ફેબ્રુઆરીમાં દરરોજ લગભગ ૧૦ લાખ બેરલની ખરીદીની સરખામણીએ ઘણું વધારે છે. આ ભારતની કુલ કાચા તેલની આયાતના અડધાથી પણ વધુ હિસ્સા જેટલું હતું. આવી સ્થિતિમાં એવી શક્યતા વ્યક્ત કરવામાં આવી રહી છે કે રશિયાને મોકલવામાં આવેલા કેટલાક પેટ્રોલનું ઉત્પાદન પણ રશિયાના કાચા તેલમાંથી થયું હોઈ શકે છે.

રશિયા વિશ્વના મોટા કાચા તેલ નિકાસકાર દેશોમાં સામેલ છે. તેમ છતાં તેને પેટ્રોલની આયાત કરવી પડી રહી છે. તેનું મોટું કારણ યુક્રેનના ડ્રોન હુમલા છે. આ હુમલાઓથી રશિયાની ઊર્જા સુવિધાઓને નુકસાન થયું છે અને કેટલાક સમયગાળા દરમિયાન સ્થાનિક પેટ્રોલ ઉત્પાદનમાં ૭૦ ટકા સુધીનો ઘટાડો થયો છે. તેના કારણે દેશના અનેક વિસ્તારોમાં ઈંધણની અછતની સ્થિતિ સર્જાઈ હતી. સ્થાનિક સપ્લાય જાળવી રાખવા માટે રશિયાએ પેટ્રોલના વેચાણ પર કેટલાક પ્રતિબંધો પણ લગાવ્યા છે. સાથે જ તેણે પેટ્રોલની નિકાસ પરનો પ્રતિબંધ જાન્યુઆરી ૨૦૨૭ના અંત સુધી લંબાવ્યો છે. ડીઝલની નિકાસ પર પણ પ્રતિબંધ લાગુ છે. ભારત ઉપરાંત તુર્કી અને મોરોક્કો પણ ઓગસ્ટમાં રશિયાને પેટ્રોલ સપ્લાય કરનારા દેશોમાં સામેલ રહ્યા છે.

# ડીઆરઆઈનું 'ઑપરેશન મિડનાઈટ ગોલ્ડસ્ટ્રાઈક' ૧૦.૭૫ કરોડનું સોનું જપ્ત

મુંબઈ:

ડિરેક્ટરેટ ઓફ રેવન્યુ ઇન્ટેલિજન્સે (ડીઆરઆઇ) 'ઑપરેશન મિડનાઈટ ગોલ્ડસ્ટ્રાઈક' હાથ ધરી સોનાની દાણચોરીના આંતરરાષ્ટ્રીય રૅકેટનો પર્દાફાશ કર્યો હતો અને તેમાં સામે એરપોર્ટ સ્ટાફ મેમ્બર તથા પાંચ બાંગ્લાદેશી નાગરિકની ધરપકડ કરીને ૧૦.૭૫ કરોડ રૂપિયાનું સોનું જપ્ત કર્યું હતું, એમ અધિકારીએ જણાવ્યું હતું.

ડીઆરઆઇના મુંબઇ ઝોનલ યુનિટની ટીમે ચોક્કસ માહિતીને આધારે મુંબઈના છત્રપતિ શિવાજી મહારાજ આંતરરાષ્ટ્રીય એરપોર્ટ થકી વિદેશી મૂળના સોનાની દાણચોરીમાં સંડોવાયેલી સુસંગઠિત સિન્ડિકેટને ઉઘાડી પાડી હતી, જેમાં દુબઇ, બેંગકોક અને માલે વાયા મુંબઈ વચ્ચે પ્રવાસ કરનારા પાંચ ટ્રાન્ઝિટ પ્રવાસી અને એરપોર્ટ સ્ટાફ મેમ્બરનો સમાવેશ હતો. ડીઆરઆઇના અધિકારીઓએ શનિવારે મધરાતે હાથ ધરેલા ઑપરેશન મિડનાઈટ ગોલ્ડસ્ટાઇકના ભાગરૂપે મીણના સ્વરૂપમાં ગોલ્ડ ડસ્ટ ધરાવતી સાત કૅપ્સ્યૂલ્સ સાથે એરપોર્ટની બહાર નીકળી રહેલા સ્ટાફ મેમ્બરને આંતરવામાં આવ્યો હતો. તેની પૂછપરછ કરવામાં આવતાં આ દાણચોરી અને એરપોર્ટમાંથી સોનું બહાર કાઢવા માટે ટ્રાન્ઝિટ પ્રવાસીઓ સંડોવણી હોવાનું જણાવ્યું હતું. આ પ્રકરણે પાંચ ટ્રાન્ઝિટ પ્રવાસી (તમામ બાંગ્લાદેશી નાગરિક) અને એરપોર્ટ સ્ટાફ મેમ્બરની ધરપકડ કરવામાં આવી હતી.

# નેપાળ પૂરમાં ડૂબી બેંક, ૫૦ કરોડનું સોનું મળી આવ્યું!

## જોખમી સુરંગોમાં રેસ્ક્યુ ઓપરેશન શરૂ

કાઠમંડુ,

નેપાળમાં ભારે પૂર બાદ પાણીમાં ડૂબી ગયેલી બેંક શાખામાંથી મોટી માત્રામાં સોનું અને રોકડ મળી આવી છે. અહેવાલ મુજબ, બેંકમાંથી અંદાજે ૫૦ કરોડ રૂપિયાનું સોનું અને રોકડ મળી આવતા ચકચાર મચી છે.

બચાવ અને તપાસ ટીમ દ્વારા સમગ્ર સામાન સુરક્ષિત રીતે બહાર કાઢવાની કાર્યવાહી હાથ ધરાઈ છે. નેપાળ પિયર અત્યાર સુધીમાં ૮૦૦થી વધુ લોકોના મૃતદેહો મળી આવ્યા છે અને ૩૦૦૦ જેટલા લોકો હજુ ગમ થયાનું કહેવાય છે.

નેપાળમાં જોખમી સુરંગોમાં ફસાયેલા લોકોને બચાવવા રેસ્ક્યુ ઓપરેશન શરૂ કરવામાં આવ્યું છે. ભારતીય ટીમે નેપાળી સેના સાથે મળીને સંયુક્ત બચાવ અભિયાન હાથ ધર્યું છે. મુશ્કેલ અને જોખમી પરિસ્થિતિ વચ્ચે બંને દેશોના જવાનો ખડેપગે તૈનાત છે. ફસાયેલા લોકોના જીવ બચાવવા બચાવ ટીમો દ્વારા પૂરજોશમાં પ્રયાસો કરવામાં આવી રહ્યા છે.


# ડિજિટલ ધરપકડ પર ન્યાયતંત્ર સક્રિય, સંસદ દ્વારા કાયદો ઘડવાની રાહ જોતી નથી: સીજેઆઇ સૂર્યકાંત

## કેન્દ્ર અને રાજ્ય સરકારોને સમસ્યાનું પ્રમાણ મૂલ્યાંકન કરવાનો નિર્દેશ આપ્યો

નવીદિલ્હી,

ભારતના મુખ્ય ન્યાયાધીશ (સીજેઆઇ) સૂર્યકાંતે કહ્યું છે કે ભારતીય ન્યાયતંત્ર 'ડિજિટલ ધરપકડ' જેવા ઉભરતા ગુનાઓ સામે સક્રિય પગલાં લઈ રહ્યું છે અને આવા મુદ્દાઓ પર સંસદ દ્વારા નવા કાયદા ઘડવાની રાહ જોઈ રહ્યું નથી.

લંડનમાં આયોજિત ૪૩મા આંતરરાષ્ટ્રીય આર્થિક ગુના પરિસંવાદના સમાપન સત્રને સંબોધતા, સીજેઆઇ સૂર્યકાંતે કહ્યું કે સુપ્રીમ કોર્ટે તાજેતરમાં "ડિજિટલ ધરપકડ" છેતરપિંડીની સ્વતઃ નોંધ લીધી છે. તેમણે સમજાવ્યું કે આવા ગુનાઓમાં,



છેતરપિંડી કરનારાઓ લોકોને ડરાવવા અને તેમની પાસેથી પૈસા પડાવવા માટે વીડિયો કોલ દ્વારા પોલીસ અધિકારીઓ, ન્યાયિક અધિકારીઓ અથવા અમલદારો તરીકે ઓળખાવે છે.

મુખ્ય ન્યાયાધીશે કહ્યું કે આવા કેસોની ગંભીરતાને ધ્યાનમાં રાખીને, કોર્ટે કેન્દ્ર અને રાજ્ય સરકારોને સમસ્યાનું પ્રમાણ મૂલ્યાંકન કરવાનો નિર્દેશ આપ્યો છે.

કોર્ટે આવા ગુનાઓ માટે અલગ કાનૂની જોગવાઈઓ ઘડવાની જરૂરિયાત પર પણ ભાર મૂક્યો, જેમાં થયેલા નુકસાનની ગંભીરતા અનુસાર દંડની જોગવાઈ કરવામાં આવે.તેમણે કહ્યું કે આ એક વ્યાપક વલણને પ્રતિબિંબિત કરે છે જેમાં ભારતીય ન્યાયતંત્ર ઉભરતા અને બદલાતા છેતરપિંડી ગુનાઓ પ્રત્યે સક્રિય રીતે પ્રતિક્રિયા આપી રહ્યું છે. ન્યાયતંત્ર ફક્ત સંસદ દ્વારા આવા મુદ્દાઓ પર કાયદો ઘડવાની રાહ જોતું નથી.

# પટનામાં દારૂ પીધા બાદ ચાર મિત્રોના કરૂણ મોત

## પોલીસ દ્વારા ઝેરી દારૂની આશંકા વ્યક્ત કરાઈ

પટણા,

પટના: બિહારના પટનામાં દારૂ પાર્ટી બાદ એક મોટી ઘટના બની છે. જેમાં દારૂ અને માંસાહારની પાર્ટી બાદ ચાર મિત્રોના એક પછી એક મોત થયા છે. જેની બાદ પોલીસે આ સમગ્ર કેસની તપાસ હાથ ધરી છે. આ સમગ્ર કેસની વિગત મુજબ શ્રાવણ મહિનાની સમાપ્તિ બાદ ચાર મિત્રોએ સાથે બેસીને દારૂ અને માંસાહારની પાર્ટી યોજી હતી. ગ્રામીણોના જણાવ્યા મુજબ દારૂ પીધા પછી ચારેય વ્યક્તિઓની તબિયત અચાનક બગડી હતી. તેમજ પરિવારના સભ્યોએ તેમને સારવાર માટે ઉતાવળમાં બારહ સબ-ડિવિઝનલ હોસ્પિટલમાં લઈ ગયા હતા. પ્રાથમિક સારવાર આપ્યા બાદ હોસ્પિટલના ડોકટરોએ તેમની સ્થિતિ ગંભીર હોવાથી તેમને વધુ મેડિકલ સારવાર માટે જિલ્લા હોસ્પિટલમાં રિફર કર્યા હતા. આ ઉપરાંત ચારેય વ્યક્તિઓની તબિયત એકસાથે બગડી અને તેમાંથી બેના મોઢામાંથી ફીણ નીકળ્યું હતું. જેના પગલે ઝેરી દારૂની આશંકા વ્યક્ત કરવામાં આવી છે જોકે, હજુ સુધી આ વાતની કોઈ સત્તાવાર પુષ્ટિ થઈ નથી. તેમના પરિવારોના જણાવ્યા અનુસાર, ચારેય યુવાનો એક રૂમમાં સાથે દારૂ પી રહ્યા હતા.

# ગુજરાતના શિક્ષકો દિલ્હી ગજવશેઃ જંતર-મંતરથી લઈ સંસદ સુધી ત્રણ તબક્કાનું મોટું પ્લાનિંગ

## ગુજરાત રાજ્ય પ્રાથમિક શિક્ષક સંઘ દ્વારા પોતાની લાંબા સમયથી પડતર માંગણીઓને સંતોષવા માટે આક્રમક આંદોલનની જાહેરાત

ગાંધીનગર,

ગુજરાત રાજ્ય પ્રાથમિક શિક્ષક સંઘ દ્વારા પોતાની લાંબા સમયથી પડતર માંગણીઓને સંતોષવા માટે એક વ્યાપક અને આક્રમક આંદોલનની જાહેરાત કરવામાં આવી છે. રાજ્યના લાખો શિક્ષકો હવે જૂની પેન્શન યોજનાની પુનઃસ્થાપના અને ટેટ પરીક્ષામાંથી મુક્તિ જેવા મહત્વના મુદ્દે સરકાર સામે આરપારની લડાઈ લડવા તૈયાર થયા છે. આ વિરોધ પ્રદર્શન માત્ર ગુજરાતના જિલ્લા મથકો પૂરતું મર્યાદિત નહીં રહે, પરંતુ દેશની રાજધાની દિલ્હીમાં જંતર-મંતર અને સંસદ સુધી પહોંચશે.

આજે મળેલી બેઠકમાં આ આંદોલનકારી પગલાં લેવાનો નિર્ણય કરવામાં આવ્યો છે. ત્યારે સુપ્રીમ કોર્ટના તાજેતરના આદેશને પગલે ૨૦૧૦ પહેલાના સેવાકીય શિક્ષકો માટે પણ ટેટ પરીક્ષા ફરજિયાત બનાવવાનો મુદ્દો ગંભીર ચિંતાનો વિષય બન્યો છે. સંઘની મુખ્ય માંગણી છે કે રાઈટ ટુ એજ્યુકેશન કાયદાના અમલીકરણ પહેલા નિયુક્ત થયેલા શિક્ષકોને આ પરીક્ષામાંથી મુક્તિ આપી રાહત આપવામાં આવે. આ ઉપરાંત સરકારી કર્મચારીઓની જૂની અને અનિવાર્ય માંગ એવી જૂની પેન્શન યોજનાને તાત્કાલિક ધોરણે પુનઃસ્થાપિત કરવા માટે પણ દબાણ કરવામાં આવી રહ્યું છે.

આ આખા વિરોધ પ્રદર્શનને અંગે અખિલ ભારતીય પ્રાથમિક શિક્ષક સંઘના માર્ગદર્શન હેઠળ ગુજરાત રાજ્ય પ્રાથમિક શિક્ષક સંઘે ત્રણ તબક્કામાં વહેંચ્યા હોવાની જાહેરાત કરી છે. એટલે કે પ્રથમ તબક્કા અનુસાર ૫ સપ્ટેમ્બર એટલે કે રાષ્ટ્રીય શિક્ષક દિવસે જ શિક્ષકો દ્વારા બ્લેક ડે મનાવી વિરોધ નોંધાવાશે. જેમાં રાજ્યભરના શિક્ષકો પોતાના હાથ પર કાળી પટ્ટી ધારણ કરી ફરજ બજાવશે. જ્યારે ૬થી ૯ ઓક્ટોબરે દિલ્હીના જંતર-મંતર ખાતે ઝોનલ કક્ષાના ધરણાં કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું છે.

નોંધનીય છે કે, આ આંદોલનમાં ગુજરાત રાજ્યના તમામ જિલ્લાઓમાંથી મોટી સંખ્યામાં શિક્ષકો ઉપસ્થિત રહે તે માટેની તૈયારીઓ શરૂ કરી દેવામાં આવી છે. આ ઉપરાંત જ્યારે સંસદનું શિયાળુ સત્ર ચાલતું હશે, ત્યારે નવી દિલ્હી ખાતે રાષ્ટ્રીય સ્તરના વિશાળ ધરણાં યોજી કેન્દ્ર સરકાર સમક્ષ માંગણી ઉગ્ર કરશે. આમ શિક્ષકોના ભાવિ સાથે જોડાયેલા આ પ્રશ્નોના કાયમી નિરાકરણ માટે સંઘે મક્કમ નિર્ધાર કરીને આગામી દિવસોમાં વિરોધ અંગે રણનીતિ ઘડવામાં આવી છે.

# ૧૦૮ કલાકારોના ડમરુ નાદથી સમગ્ર વડનગર શિવમય બન્યું

## મહેસાણાના વડનગરમાં શ્રાવણ ઉત્સવ અંતર્ગત ભવ્ય ડમરુ યાત્રા યોજાઈ



મહેસાણા,

જીલ્લાના જિલ્લાના વડનગરમાં પવિત્ર શ્રાવણ ઉત્સવ અંતર્ગત ભવ્ય ડમરુ યાત્રાનું આયોજન કરવામાં આવ્યું હતું જેમાં ૧૦૮ કલાકારો દ્વારા એકસાથે ડમરુ નાદ કરવામાં આવતા સમગ્ર વડનગર શિવમય બની ગયું હતું. શ્રાવણ માસના પવિત્ર માહોલમાં યોજાયેલી આ યાત્રાએ શહેરમાં ધાર્મિક અને ભક્તિમય વાતાવરણ ઊભું કર્યું હતું.

આ ડમરુ યાત્રામાં રાજ્યના ઉર્જા મંત્રી ઋષિકેશ પટેલે પણ હાજરી આપી હતી. મંત્રીની ઉપસ્થિતિમાં યાત્રામાં મોટી સંખ્યામાં શ્રદ્ધાળુઓ અને સ્થાનિક લોકો જોડાયા હતા. ડમરુના નાદ સાથે આગળ વધતી યાત્રામાં ભક્તિ અને ઉત્સાહનો માહોલ જોવા મળ્યો હતો.

વડનગરના વિવિધ માર્ગો પરથી ડમરુ યાત્રા ભવ્ય રીતે પસાર થઈ હતી. ૧૦૮ કલાકારોના ડમરુ નાદથી રસ્તાઓ પર અનોખું ધાર્મિક વાતાવરણ સર્જાયું હતું. શ્રાવણ ઉત્સવ નિમિત્તે યોજાયેલી યાત્રાને જોવા માટે માર્ગો પર સ્થાનિકો અને શ્રદ્ધાળુઓની ભીડ પણ જોવા મળી હતી. ભવ્ય ડમરુ યાત્રા વડનગરના પ્રસિદ્ધ હાટકેશ્વર મહાદેવ મંદિર ખાતે પહોંચી હતી. મંદિર પરિસરમાં પહોંચ્યા બાદ યાત્રાનું વિધિવત સમાપન કરવામાં આવ્યું હતું.

# પંચમહાલના નાગણોદ ગામમાં છેલ્લા ૨-૩ દિવસથી દીપડો જોવા મળતા લોકોમાં ફફડાટ

પંચમહાલ,

જિલ્લાના મોરવા હડફ તાલુકાના નાગણોદ ગામમાં છેલ્લા બે-ત્રણ દિવસથી દીપડો દેખાતાં ગ્રામજનોમાં ભારે ફફડાટ વ્યાપી ગયો છે. નાગલોદ ગામના પગી ફળિયામાં રહેતા લાલાભાઈ પગીના ઘરની છત પર સમી સાંજે અચાનક એક દીપડો આવીને આરામથી બેસી ગયો હતો. વનસ્પતિ અને જંગલ વિસ્તારની આસપાસ વસતા આ દીપડાને અચાનક વસ્તી વચ્ચે ઘરની છત પર બિન્દાસ્ત બેઠેલો જોઈને સ્થાનિક રહીશોના શ્વાસ અધ્ધર થઈ ગયા હતા.

ઘરની છત પર દીપડો આવ્યો હોવાની વાત વાયુવેગે પ્રસરતાની સાથે જ આસપાસના લોકો ઘટનાસ્થળે મોટી સંખ્યામાં એકત્રિત થઈ ગયા હતા. ગ્રામજનો દ્વારા તરત જ આ અંગેની જાણ વન વિભાગને કરવામાં આવી હતી. દીપડાની હાજરીને કારણે સમગ્ર ફળિયામાં ભારે ભય અને ફફડાટનો માહોલ છવાઈ ગયો હતો. જોકે, રાહતની વાત એ રહી કે દીપડાએ આ દરમિયાન કોઈ પણ મનુષ્ય કે પશુને નુકસાન પહોંચાડ્યું નહોતું.

સાંજ ઢળતી ગઈ તેમ અંધારું થતાં જ આ દીપડાએ પોતાની મેળે જ ઘરની છત પરથી નીચે ઉતરવા માટે સીડીનો સહારો લીધો હતો. સીડી ઉતરીને આ દીપડો આરામથી જંગલ તરફ રવાના થઈ ગયો હતો. જંગલ તરફ જતી વખતે આ દીપડો ગામના તળાવની પાળ પરથી પસાર થતો પણ સ્થાનિકો દ્વારા નજરે પડ્યો હતો. દીપડો કોઈપણ પ્રકારનું નુકસાન કર્યા વગર સલામત રીતે જંગલ તરફ ચાલ્યો જતાં ગ્રામજનો અને વન વિભાગે હાશકારો અનુભવ્યો હતો.

# DGP કપ રેસલિંગ ક્લસ્ટરમાં ૧૪ મેડલ સાથે જેલ વિભાગ ચેમ્પિયન ટ્રોફી વિજેતા બન્યું

## GIPCA અમદાવાદ ખાતે ઝોન વાઈઝ કબડ્ડી અને રસ્સા ખેંચ સ્પર્ધા યોજાઈ

અમદાવાદ,

સ્પોર્ટ્સ ઓથોરિટી ઓફ ઈન્ડિયા દ્વારા આયોજિત નેશનવાઈડ સેલિબ્રેશન ઓફ નેશનલ સ્પોર્ટ્સ ડે ૨૦૨૬ અંતર્ગત તા. ૨૮ થી ૩૦ ઓગસ્ટ, ૨૦૨૬ દરમિયાન "ખેલેગા ભારત, જીતેગા ભારત', થીમ હેઠળ વિવિધ રમતગમત સ્પર્ધાઓનું આયોજન કરવામાં આવ્યું હતું. જેના ભાગરૂપે ગુજરાત ઈન્સ્ટિટ્યુટ ઓફ પ્રિઝન્સ એન્ડ કરેક્શનલ એડમિનિસ્ટ્રેશન (GIPCA), અમદાવાદ ખાતે ક્રાઈમ ડીજીપી ડો. કે. એલ. એન. રાવની અધ્યક્ષતામાં જેલ વિભાગના અધિકારીઓ અને કર્મચારીઓ માટે ઝોન વાઈઝ કબડ્ડી તેમજ રસ્સા ખેંચ સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું.

આ પ્રસંગે ડો. રાવે જણાવ્યું હતું કે, રમતગમત એ શારીરિક ક્ષમતા સાથે ટીમ ભાવના અને શિસ્ત કેળવવાનું ઉત્તમ માધ્યમ છે. પોલીસ આવાસ નિગમ દ્વારા ફેઝ-૧ અંતર્ગત GIPCAનું અદ્યતન નવીનીકરણ કરવામાં આવી રહ્યું છે. આ નવનિર્મિત કેમ્પસમાં જેલ સહાયકથી લઈને નાયબ અધિક્ષક સુધીના અધિકારીઓ અને કર્મચારીઓ માટે સ્માર્ટ ક્લાસરૂમ, કોમ્પ્યુટર લેબ અને લાઈબ્રેરી સહિતની ઉચ્ચ કક્ષાની તાલીમ વ્યવસ્થાઓ ઉપલબ્ધ બનશે.

વધુમાં તેમણે ઉમેર્યું હતું કે, અમદાવાદ ખાતે યોજાનાર ઓલિમ્પિક તેમજ કોમનવેલ્થ ગેમ્સને ધ્યાનમાં રાખીને કૅમ્પસ પરિસરમાં વિવિધ રમતોના આધુનિક ગ્રાઉન્ડ્સ પણ તૈયાર કરવામાં આવી રહ્યા છે, જેનો લાભ તાલીમાર્થીઓને મળશે. ડીજીપીશ્રીએ હાલ ૯ માસની પાયાની તાલીમ લઈ રહેલા તાલીમાર્થીઓને તાલીમ પૂર્ણ કરી નિષ્ઠાપૂર્વક ફરજ બજાવવા પ્રોત્સાહિત કર્યા હતા.

આ ઉપરાંત નડિયાદ સ્પોર્ટ્સ કોમ્પ્લેક્સ ખાતે યોજાયેલ 'ડીજી કપ ૨૦૨૬-૨૭ - ગુજરાત પોલીસ રેસલિંગ ક્લસ્ટર કોમ્પિટિશન'માં સમગ્ર રાજ્યમાંથી ૨૨ ટીમોએ ભાગ લીધો હતો. જેમાં ગુજરાત જેલ વિભાગના ખેલાડીઓએ ઉત્કૃષ્ટ પ્રદર્શન દાખવીને ૬ ગોલ્ડ, ૬ સિલ્વર અને ૨ બ્રોન્ઝ સહિત કુલ ૧૪ મેડલ પોતાના નામે કરી સમગ્ર ટુર્નામેન્ટની પ્રતિષ્ઠિત 'ચેમ્પિયન ટ્રોફી' હાંસલ કરી જેલ વિભાગનું નામ રોશન કર્યું છે. આ તકે ડો. રાવે જેલ વિભાગના ખેલાડીઓને અભિનંદન પાઠવ્યા હતા.

# શેરબજારમાં વળતરની લાલચ આપી સુરતમાં યુવાન સાથે રૂ. ૧૩.૧૦ લાખની સાયબર ઠગાઈ




સુરત,

શહેરના અડાજણ વિસ્તારમાં રહેતા એક એન્જિનિયર યુવાન સાથે સાયબર ઠગાઈની ઘટના બનવા પામી હતી છે જેમાં, સાયબર ઠગો દ્વારા એક એન્જિનિયર યુવાનનો સંપર્ક કરી તેને શેરબજારમાં રોકાણ કરવાની સ્કીમો બતાવી હતી. ઠગોએ યુવકને વિશ્વાસમાં લીધો હતો કે જો તે શેરબજારમાં નાણાં રોકશે તો તેને દર મહિને ૫ ટકા સુધીનો ચોક્કસ નફો (વળતર) મળશે જ તેવી લાલચ પણ આપવામાં આવી હતી.

સાયબર ઠગોની નફાની લોભામણી વાતોમાં આવી જઈને એન્જિનિયર યુવકે શરૂઆતમાં નાની રકમ રોકી હતી. ત્યારબાદ વધુ વળતર મેળવવાની લાલચમાં અલગ-અલગ ટ્રાન્ઝેક્શન દ્વારા કુલ રૂ. ૧૩.૧૦ લાખ સાયબર માફિયાઓના એકાઉન્ટમાં ટ્રાન્સફર કરી દીધા હતા.જ્યારે યુવકે પોતાના રોકેલા નાણાં અને નફાની રકમ ઉપાડવાનો પ્રયાસ કર્યો ત્યારે તેને અલગ-અલગ ટેક્સ અને ચાર્જના નામે વધુ રૂપિયા ભરવા જણાવવામાં આવ્યું હતું.

# અમદાવાદમાં છેલ્લા એક મહિનામાં ડેન્ગ્યુના ૧ હજાર જેટલા કેસ નોંધાયા

## કન્સ્ટ્રક્શન સાઈટ્સ, ઘરમાં મચ્છરનો ઉપદ્રવથી રોગચાળો વકર્યો



અમદાવાદ,

હાલ ચોમાસાની વરસાડી સીઝન ચાલી રહી છે ત્યારે અચાનક તાવ, ઉધરસ લોકો માટે ખૂબ જ ચિંતાનું કારણ બની રહ્યો છે. અમદાવાદ શહેરમાં મચ્છરજન્ય રોગચાળો વકર્યો છે. છેલ્લા એક મહિનામાં ડેન્ગ્યુના ૧ હજારથી વધુ કેસ નોંધાયા છે.ઓગસ્ટમાં અસારવા સિવિલમાં ડેન્ગ્યુના ૪૫, સોલા સિવિલમાં ૨૬૭ કેસ નોંધાયા છે.ગોતા, થલતેજ, બોપલ, નવરંગપુરા, જોધપુરમાં ડેન્ગ્યુના વધુ કેસ છે.કન્સ્ટ્રક્શન સાઈટ્સ, ઘરમાં મચ્છરનો ઉપદ્રવથી રોગચાળો વકર્યો છે. તે પણ મહત્વનું છે કે, ડેન્ગ્યુમાં ઘણીવાર તાવ, શરીરમાં દુખાવો, માથાનો દુખાવો અને નબળાઈ આવી જાય છે. જોકે, જો સામાન્ય રીતે અવગણવામાં આવે તો કેટલાક લક્ષણો ગંભીર બની શકે છે. ડેન્ગ્યુના લક્ષણો પર ખાસ ધ્યાન આપવાની જરૂર છે. ડેન્ગ્યુ એક વાયરલ ચેપ છે, અને મોટાભાગના દર્દીઓ યોગ્ય દેખરેખ, આરામ અને તબીબી સલાહથી સ્વસ્થ થઈ જાય છે.

ડેન્ગ્યુ એ વાયરસથી થતો રોગ છે, જે એડીસ મચ્છરના કરડવાથી ફેલાય છે. લક્ષણોમાં તાવ, માથાનો દુખાવો, શરીરમાં દુખાવો, ઉલટી અને થાકનો સમાવેશ થાય છે. ડેન્ગ્યુ તાવ લગભગ ૨ થી ૭ દિવસ સુધી રહે છે.

# વડોદરાના શિનોરમાં ફૂડ એન્ડ ડ્રગ્સ વિભાગના દરોડા : સેમ્પલ લેવાયા

વડોદરા,

શહેરના શિનોરમાં ફૂડ એન્ડ ડ્રગ્સ વિભાગની ટીમે તહેવારોની સીઝન ને ધ્યાનમાં રાખીને દરોડા પાડ્યા હતા જેમાં તંત્ર દ્વારા દરોડા દરમિયાન શિવશક્તિ ડેરીમાંથી પનીર સહિત વિવિધ મીઠાઈઓના સેમ્પલ લેવામાં આવ્યા છે. જેમાં લુસ પનીર, પેંડા, મઠો સહિતની મીઠાઈઓના સેમ્પલ લેવામાં આવ્યા છે. ફૂડ એન્ડ ડ્રગ્સ વિભાગ દ્વારા લેવામાં આવેલા આ સેમ્પલને હવે તપાસ માટે લેબોરેટરીમાં મોકલવામાં આવશે. રિપોર્ટમાં જો પનીર કે મીઠાઈમાં ભેળસેળ સાબિત થશે તો જવાબદારો સામે કડક કાર્યવાહી કરવામાં આવશે.

શિનોરમાં ફૂડ એન્ડ ડ્રગ્સ વિભાગની કાર્યવાહી બાદ પનીર અને મીઠાઈમાં ભેળસેળ કરનારા દુકાનદારોમાં ફફડાટ ફેલાયો છે. તહેવારો અને અન્ય પ્રસંગોમાં પનીર તથા મીઠાઈની માંગ વધતી હોય છે, ત્યારે ખાદ્ય પદાર્થોમાં ભેળસેળ ન થાય તે માટે વિભાગ દ્વારા તપાસ હાથ ધરવામાં આવી રહી છે. શિવશક્તિ ડેરીમાંથી લેવામાં આવેલા પનીર અને મીઠાઈના સેમ્પલના રિપોર્ટ પર હવે સૌની નજર છે. રિપોર્ટ આવ્યા બાદ ખાદ્ય પદાર્થોમાં ભેળસેળ અંગેની હકીકત સામે આવશે. જો તપાસમાં ભેળસેળ હોવાનું બહાર આવશે તો જવાબદાર લોકો સામે નિયમ મુજબ કડક કાર્યવાહી કરવામાં આવશે. ફૂડ એન્ડ ડ્રગ્સ વિભાગની આ કાર્યવાહીથી ભેળસેળ કરનારા દુકાનદારોમાં ચિંતા જોવા મળી રહી છે.

# સુરત રેલવે સ્ટેશન પર થૂંક્યા તો ચૂકવવો પડશે બમણો દંડ, નહીં ભરો તો કેસ કોર્ટ સુધી જશે!




સુરત,

ભારતીય રેલવે દ્વારા સ્ટેશન પરિસરની સ્વચ્છતા જાળવવા અને ગંદકી ફેલાવતી પ્રવૃત્તિઓને ડામવા માટે એક મોટો અને કડક નિર્ણય લેવામાં આવ્યો છે. સુરત રેલવે સ્ટેશન પર હવે જો કોઈ પણ મુસાફર થૂંકતા કે કચરો ફેંકતા પકડાશે, તો તેમને ભારે દંડનો સામનો કરવો પડશે. રેલવે સ્ટેશન પરિસરમાં કોઈપણ પ્રકારની ગંદકી ફેલાવવા બદલ હવે મુસાફરોએ પહેલા કરતા બમણો દંડ ચૂકવવાની તૈયારી રાખવી પડશે.

રેલવે વિભાગ દ્વારા સુધારેલા નવા નિયમો હેઠળ, ગંદકી કરવા પર લાગતા દંડની રકમમાં ધરખમ વધારો કરવામાં આવ્યો છે. અગાઉ રેલવે સ્ટેશન પર ગંદકી ફેલાવવા કે થૂંકવા બદલ રૂ. ૫૦૦ નો દંડ ફટકારવામાં આવતો હતો, જે હવે વધારીને સીધો રૂ. ૧,૦૦૦ કરી દેવામાં આવ્યો છે. આ નવા નિયમ મુજબ, જો કોઈ મુસાફર સ્ટેશન પરિસરમાં સ્વચ્છતાના નિયમોનું ઉલ્લંઘન કરતો જોવા મળશે, તો તેની પાસેથી સ્થળ પર જ ૧,૦૦૦ રૂપિયાની પેનલ્ટી વસૂલવામાં આવશે.

રેલવે તંત્ર આ મામલે સહેજ પણ બાંધછોડ કરવાના મૂડમાં નથી. જો કોઈ વ્યક્તિ ગંદકી કરતા પકડાય અને દંડ ભરવાનો ઈનકાર કરે કે આનાકાની કરે, તો તેની સામે કાયદેસરની કાર્યવાહી કરવામાં આવશે અને કેસ સીધો કોર્ટ સુધી જશે. આ નવા નિયમનો કડકાઈથી અમલ શરૂ થઈ ચૂક્યો છે. નિયમ લાગુ થતાં જ ઉધના અને સુરત રેલવે સ્ટેશને ચેકિંગ દરમિયાન નવા નિયમ મુજબ કાર્યવાહી હાથ ધરીને ૨ લોકોને પેનલ્ટી ફટકારીને દાખલો પણ બેસાડવામાં આવ્યો છે.

# મન કી બાત એટલે પ્રેરણા, ઊર્જા અને રાષ્ટ્ર નિર્માણનો સંકલ્પ"સકારાત્મક વિચારો અને જનસહભાગિતા વધારવાનો પ્રેરક સંદેશ આપતો કાર્યક્રમ

## મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે ઘાટલોડિયા વિધાનસભાના થલતેજ વોર્ડ ખાતે બૂથના કાર્યકર્તાઓ અને આગેવાનો સાથે વડાપ્રધાનના મન કી બાતનું શ્રવણ કર્યું



અમદાવાદ,

વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદીના લોકપ્રિય રેડિયો કાર્યક્રમ 'મન કી બાત'ના ૧૩૭મા એપિસોડનું સમગ્ર દેશ અને રાજ્યભરમાં સામૂહિક શ્રવણ કરવામાં આવ્યું હતું.

મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલે ઘાટલોડિયા વિધાનસભા વિસ્તારના થલતેજ વોર્ડ ખાતે બૂથ સ્તરના કાર્યકર્તાઓ, સ્થાનિક આગેવાનો અને નાગરિકો સાથે ઉપસ્થિત રહીને વડાપ્રધાનશ્રીના આ પ્રેરણાદાયી રાષ્ટ્રજોગા સંદેશનું શ્રવણ કર્યું હતું.

મુખ્યમંત્રીશ્રીએ પોતાના મતવિસ્તારના થલતેજ વોર્ડમાં બૂથ સ્તરના કાર્યકર્તાઓ અને સ્થાનિક નાગરિકો સાથે પ્રત્યક્ષ બેસીને વડાપ્રધાનશ્રીના વિચારો સાંભળ્યા હતા અને સંગઠનની શક્તિ તેમજ જનસેવાના સંકલ્પને વધુ સુદ્રઢ બનાવ્યો હતો.

વડાપ્રધાનશ્રી દ્વારા 'મન કી બાત' થકી દેશના ખૂણે-ખૂણે થતા સામાજિક પરિવર્તનો, સ્વચ્છતા, સ્થાનિક કલા-સંસ્કૃતિ અને 'વોકલ ફોર લોકલ' જેવા વિષયો પર આપવામાં આવતા માર્ગદર્શનને ગુજરાતના જન-જન સુધી પહોંચાડવાનો સંકલ્પ દોહરાવવામાં આવ્યો હતો.

પ્રધાનમંત્રીશ્રીએ દેશના સર્વાંગી વિકાસ માટે જનભાગીદારીને મુખ્ય આધાર ગણાવીને નાગરિકોને સકારાત્મક વિચારો સાથે પ્રગતિના માર્ગે આગળ વધવા આહ્વાન કરવામાં આવ્યું. વિવિધ ક્ષેત્રોમાં કરવામાં આવી રહેલા નવા પ્રયોગો, સ્ટાર્ટઅપ્સ અને ટેક્નોલોજીના ઉપયોગની સરાહના કરી હતી તેમજ વોકલ ફોર લોકલ સ્થાનિક ઉત્પાદનો, કલા-સંસ્કૃતિ અને સ્વદેશી ચીજવસ્તુઓને પ્રોત્સાહન આપી 'આત્મનિર્ભર ભારત' બનાવવાની દિશામાં યોગદાન આપવા પર ભાર મુકાયો હતો સ્વચ્છતા અભિયાન, પર્યાવરણ જતન અને 'નારી શક્તિ' (મહિલા સશક્તિકરણ) અંગે દેશભરમાં થયેલા સફળ પ્રયોગો રેખાંકિત કરાયા હતા.

# ધોરણ-૧૨ સાયન્સના વિદ્યાર્થીનો આપઘાત, એકના એક પુત્રના મોતથી પરિવાર શોકમાં

## વડોદરા શહેરના આજવા રોડ વિસ્તારમાં ધોરણ-૧૨ સાયન્સમાં અભ્યાસ કરતા ૧૮ વર્ષીય વિદ્યાર્થીના આપઘાતની ઘટના

વડોદરા,

વડોદરા શહેરના આજવા રોડ વિસ્તારમાં ધોરણ-૧૨ સાયન્સમાં અભ્યાસ કરતા ૧૮ વર્ષીય વિદ્યાર્થીના આપઘાતની ઘટનાસામે આવતા ચકચાર મચી ગઈ છે. વિદ્યાર્થી એક બેંક મેનેજરનો એકનો એક પુત્ર હતો. ઘટનાને પગલે પરિવાર પર આભ તૂટી પડ્યું છે. બાપોદ પોલીસે ઘટનાની જાણ થતાં સ્થળ પર પહોંચી જરૂરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

આજવા રોડ પર પંડિત દીનદયાલ હોલ નજીક આવેલી સાઈકૃપા રેસિડેન્સીમાં બિનોદકુમાર ગુપ્તા પરિવાર સાથે રહે છે અને બેંક મેનેજર તરીકે ફરજ બજાવે છે. તેમનો ૧૮ વર્ષીય પુત્ર ધોરણ-૧૨ સાયન્સમાં અભ્યાસ કરતો હતો. પરિવારના એકના એક પુત્રના અચાનક મૃત્યુથી સમગ્ર પરિવારમાં શોકનો માહોલ છવાઈ ગયો છે.

મળતી માહિતી મુજબ, વિદ્યાર્થી અગાઉની રાત્રે ટીવી જોયા બાદ પોતાના રૂમમાં ગયો હતો. સવારે પરિવારજનો દ્વારા તેને બોલાવવામાં આવ્યો હતો, પરંતુ કોઈ પ્રતિસાદ ન મળતાં પરિવારજનોને શંકા ગઈ હતી. ત્યારબાદ રૂમમાં તપાસ કરતાં વિદ્યાર્થી ગંભીર હાલતમાં મળી આવ્યો હતો. પરિવારજનો દ્વારા તાત્કાલિક ઘટનાની જાણ પોલીસને કરવામાં આવી હતી. ઘટનાની જાણ થતાં બાપોદ પોલીસ મથકના એએસઆઈ હર્ષિતભાઈ સહિતનો પોલીસ સ્ટાફ સ્થળ પર પહોંચ્યો હતો. પોલીસે જરૂરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી. વિદ્યાર્થીના મૃતદેહને પોસ્ટમોર્ટમ માટે મોકલી આપવાની કાર્યવાહી કરવામાં આવી હતી.

પોલીસની પ્રાથમિક તપાસમાં સામે આવેલી માહિતી મુજબ, વિદ્યાર્થીને ધોરણ-૧૨ની બોર્ડ પરીક્ષામાં ૭૪ ટકા મળ્યા હતા. પરિણામ બાદ કરિયર અને ભવિષ્યને લઈને તે ચિંતામાં હતો કે કેમ તે અંગે પોલીસ દ્વારા તપાસ કરવામાં આવી રહી છે. હાલ કરિયરની ચિંતાને ઘટનાનું સંભવિત કારણ માનવામાં આવી રહ્યું છે, પરંતુ ચોક્કસ કારણ અંગે સત્તાવાર નિષ્કર્ષ તપાસ બાદ જ સામે આવશે.

આ બનાવ અંગે બાપોદ પોલીસે અકસ્માતે મોતની નોંધ કરી વધુ તપાસ શરૂ કરી છે. વિદ્યાર્થીના પરિવારજનો, પરિચિતો અને ઘટનાક્રમ અંગેની અન્ય વિગતોના આધારે તપાસ કરવામાં આવી રહી છે.

### ગાંધીવાદી મૂલ્યો, નઈ તાલીમ અને વ્યવહારૂ જીવન કૌશલ્યો દ્વારા

# સામાજિક સમરસતા અને સજીવ ખેતીનું ઉત્કૃષ્ટ ધામ: ખડસલી લોકશાળા,વિદ્યાર્થીઓના સર્વાંગી ઘડતર કરતી અનોખી સંસ્થા

(મિલાપ રૂપારેલ દ્વારા)

અમરેલી:

સાવરકુંડલા તાલુકાના ખડસલી મુકામે આવેલ ખડસલી લોકશાળા ગાંધી વિચાર, સમૂહ શિક્ષણ, નઈ તાલીમ અને પ્રાકૃતિક કૃષિના સમન્વય સાથે વિદ્યાર્થીઓને સ્વાશ્રયી અને સ્વાવલંબી બનાવતી એક માપ્રયમ તરીકે ઊભરી આવી છે. આ શાળામાં કાગળ પરના જ્ઞાન ઉપરાંત જીવન ઉપયોગી મૂલ્યોનું જતન અને સંવર્ધન કરવામાં આવે છે.

ધોરણ-૯ માં કોઈ પણ લાગવગ વગર 'વહેલા તે પહેલા'ના ધોરણે પ્રવેશ આપવામાં આવે છે. બક્ષીપંચ અને ઓપન કેટેગરીના વિદ્યાર્થીઓ માટે વાર્ષિક ૨૧,૦૦૦







લવાજમ રાખવામાં આવ્યું છે, જેમાં ભોજન, કમ્પ્યુટર ફી, બે જોડી ગણવેશ અને અન્ય સુવિધાઓનો સમાવેશ થાય છે. જ્યારે બી.સી. કેટેગરીના બાળકોની ફી સમાજ કલ્યાણ વિભાગ દ્વારા ચૂકવાતી હોવાથી તેમના માટે આ શિક્ષણ નિઃશુલ્ક રહે છે.

કેમ્પસમાં જ આવેલી ગૌશાળાની ગીર ગાયોનું ૪૦૦ ગ્રામ (બે ટાઈમ ૨૦૦-૨૦૦ ગ્રામ) શુદ્ધ દૂધઅને સાત્વિક નાસ્તો-ભોજન બાળકોને પીરસવામાં આવે છે. કેમ્પસની વિશાળજમીનમાં જીવામૃત આધારિત પેસ્ટીસાઈડ-મુક્તત સજીવ ખેતી કરવામાં આવે છે. આંબાવાડી, ચીકુડી, દાડમી, જામફળ જેવા ફળવૃક્ષો અને શાકભાજીનું વાવેતર કરીને ઓર્ગેનિક ખોરાક પૂરો પાડવામાં આવે છે. વિદ્યાર્થીઓ સ્વયં ઓર્ગેનિક ખેતીના પાઠ શીખી સમાજને સજીવ ખેતી તરફ વાળવા પ્રેરણારૂપ બને છે.

આ કેમ્પસમાં વેટરનરી સાયન્સનો ૬ સેમેસ્ટરનો અભ્યાસક્રમ પણ ચલાવવામાં આવે છે. સંસ્થાના મંત્રી રાજેન્દ્રભાઈ ખીમાણી, પ્રમુખ હિંમતભાઈ ગોડા અને આચાર્ય મકવાણા સાહેબના નેતૃત્વ હેઠળ સમગ્ર ટીમ નૈતિક મૂલ્યોનું સિંચન કરે છે.

સંનિષ્ઠ સિનિયર શિક્ષક ગોવાભાઈ જાહેર રજાના દિવસોમાં પણ વિવિધ શિક્ષણેતર પ્રવૃત્તિઓનું સંચાલન કરે છે. વર્ષ ૨૦૨૯ માં તેઓ નિવૃત્ત થઈ રહ્યા છે, જે ખોટ પૂરવી સંસ્થા માટે પડકારરૂપ રહેશે. શાળાના ભૂતપૂર્વ વિદ્યાર્થીઓ આજે દેશ-વિદેશમાં ઉચ્ચ હોદ્દાઓ પર કાર્યરત છે અને અવારનવાર માતૃસંસ્થાની મુલાકાત લઈ તેને ઉપયોગી થવાનો પ્રયાસ કરે છે. આ અનોખી સંસ્થાની મુલાકાત દેશ અને રાજયના અનેક રાજકીય તથા સામાજિક અગ્રણીઓ લેતા રહે છે.

# અમરેલીમાં "ખેલો ઈન્ડિયા" અંતર્ગત વડાપ્રધાન સાથે સીધો સંવાદ અને નશા મુક્ત ભારત કાર્યક્રમ યોજાયો

અમરેલી:ભારત સરકારના યુવા કાર્યક્રમ અને ખેલ મંત્રાલય અંતર્ગત માય ભારત અમરેલી કચેરી, કે. કે. પારેખ કોમર્સ કોલેજ અમરેલી તથા એચ. ડી. સંઘવી મહિલા આર્ટ્સ એન્ડ કોમર્સ કોલેજ રાજુલાના સંયુક્ત ઉપક્રમે તા. ૨૭ ઓગસ્ટ ૨૦૨૬ના રોજ 'ખેલો ઈન્ડિયા (ખેલ કી બાત પીએમ નરેન્દ્ર મોદી કે સાથ)' કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું.

આ પ્રસંગે વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદી સાથે લાઈવ ઓનલાઈન સંવાદ યોજાયો હતો, જેમાં ૨૮૬ એન.એસ.એસ. વોલિએન્ટર્સ અને યુવાઓએ ઉત્સાહભેર ભાગ લીધો હતો. કાર્યક્રમ દરમિયાન જિલ્લા યુવા અધિકારી રાકેશ બિશનોઈએ ખેલો ઈન્ડિયા વિશે માર્ગદર્શન આપ્યું હતું



અને ઓફિસ આસિસ્ટન્ટ દ્વારા યુવાઓને નશા મુક્તિ અંગેના શપથ લેવડાવવામાં આવ્યા હતા.

આ તકે નેશનલ ગેમ ગોલ્ડ મેડાલિસ્ટ નકુમ માર્ગી નિલેશભાઈ અને તવિયા ગુંજન અજયભાઈએ ખાસ ઉપસ્થિત રહીને યુવાનોને પ્રેરણા આપી હતી. પ્રોફેસર ડૉ. આશિષ ગોરવાડિયાના સ્વાગત પ્રવચન અને રાહુલભાઈ (અગ્નિવીર ટ્રેનર)ના સંચાલન સાથે આશિષ જાદવ અને તેમની ટીમે કાર્યક્રમને સફળ બનાવવા ભારે જહેમત ઉઠાવી હતી તેમ માય ભારત અમરેલી કચેરીની યાદીમાં જણાવવામાં આવ્યું છે.

# જિલ્લા અને નગર વિશ્વ હિન્દુ પરિષદ દ્વારા અમરેલી ખાતે જિલ્લા જેલમાં બંદીવાનોને રક્ષા સુત્ર બાંધીને રક્ષાબંધનની ઉજવણી કરાઈ

## વિહિપ, દુર્ગા વાહિની, નગર માતૃ શકિતનાં આગેવાનો જોડાયા

(મિલાપ રૂપારેલ દ્વારા)

અમરેલી:

વિશ્વ હિન્દુ પરિષદ અમરેલી જિલ્લા અધ્યક્ષ વિજયભાઈ દેસાઈનાં માર્ગદર્શન હેઠળ વિશ્વ હિન્દુ પરિષદ અમરેલી જિલ્લા, માતૃ શક્તિત, દુર્ગા વાહિની તેમજ વિશ્વ હિન્દુ પરિષદ અમરેલી નગર, માતૃ શક્તિત અને દુર્ગા વાહિનીની બહેનો દ્વારા રક્ષાબંધન પર્વ નિમિત્તે રક્ષા સૂત્ર બાંધવાનો ભાવસભર કાર્યક્રમ યોજાયો હતો.

આ કાર્યક્રમ અંતર્ગત બહેનોએ અમરેલી જિલ્લા જેલ ખાતે ઈન્ચાર્જ અધીક્ષક અર્જુનસિંહ પરમાર, જેલર જે. આર. ચાનીયા, જેલનાં સ્ટાફ કર્મચારીઓ તેમજ જેલમાં રહેલા બંદીવાનોને રક્ષા સૂત્ર (રાખડી) બાંધી



રક્ષાબંધનની ઉજવણી કરી હતી. આ પ્રસંગે બહેનોએ ભાઈ -બહેનનાં પવિત્ર સંબંધનું મહત્વ સમજાવી રાષ્ટ્ર અને સમાજની સુરક્ષા તથા વ્યવસ્થામાં યોગદાન આપતા ભાઈઓ પ્રત્યે સ્નેહ, સન્માન અને કૃતજ્ઞતાની લાગણી વ્યક્તત કરી હતી.

કાર્યક્રમમાં વિશ્વ હિન્દુ પરિષદ અમરેલી જિલ્લા સહમંત્રી રશ્મિનભાઈ ત્રિવેદી, કોષાધ્યક્ષ ડો. પંકજભાઈ ત્રિવેદી તેમજ અમરેલી નગર મંત્રી પંકજભાઈ કાનાણી અને લાલજીભાઈ ચાવડાની વિશેષ ઉપસ્થિતિ રહી હતી.

આ પ્રસંગે વિશ્વ હિન્દુ પરિષદઅમરેલી જિલ્લા ઉપાધ્યક્ષા ગોપીબેન રાઠોડ, દુર્ગા વાહિની સહ-સંયોજિકા હિરલબા વાળા, નગર માતૃ શક્તિત સંયોજિકા આરતીબેન ચોવટિયા, સહ-સંયોજિકા ઉર્વીબેન ગોહિલ, મંજુબેન મકવાણા, વિશાખાબેન મકવાણા સહિત મોટી સંખ્યામાં કાર્યકર્તા બહેનોએ ઉપસ્થિત રહી રક્ષા સૂત્ર બાંધી રક્ષાબંધનની ભાવસભર ઉજવણી કરી હતી.

સમગ્ર કાર્યક્રમ દરમિયાન ભાઈચારો, રાષ્ટ્રભાવના, પરસ્પર સ્નેહ, સન્માન અને સામાજિક એકતાનો સંદેશ આપવામાં આવ્યો હતો. રક્ષાબંધનનાં પવિત્ર પર્વને સમાજનાં વિવિધ વર્ગો સાથે જોડીને ઉજવવાનો આ પ્રયાસ સૌ માટે લાગણીસભર અને યાદગાર બની રહ્યો હતો.

### દિવંગત દામજીભાઈ વ્યાસના પરિવાર દ્વારા નેત્રદાનનો નિર્ણય

# બે દ્રષ્ટિહીન વ્યક્તિઓનું જીવન રોશન કરાયું, સાવરકુંડલાના મેહૂલભાઈ વ્યાસ દ્વારા ૬૯૪મું ચક્ષુદાન સંપન્ન

(મિલાપ રૂપારેલ દ્વારા)

અમરેલી:

હાલમાં ૨૫ ઓગસ્ટ થી ૮ સપ્ટેમ્બર દરમિયાન રાષ્ટ્રીય ચક્ષુદાન સપ્તાહની ઉજવણી થઈ રહી છે, ત્યારે શાંતાબા મેડિકલ કોલેજ એન્ડ સિવિલ હોસ્પિટલ ખાતે માનવતા અને સામાજિક જવાબદારીનું ઉત્તમ ઉદાહરણ જોવા મળ્યું છે.

તાજેતરમાં દામજીભાઈ દેવજીભાઈ વ્યાસનું દુઃખદ અવસાન થતાં, તેમના પરિવારજનોએ શોકની ક્ષણોમાં પણ હિંમત દાખવીનેદિવંગત સ્વજનનું નેત્રદાન (ચક્ષુદાન) કરવાનો ઉમદા અને પવિત્ર નિર્ણય લીધો હતો.



આ સંવેદનશીલ નિર્ણયને અમલમાં મૂકવા માટે હોસ્પિટલના મેડિકલ ઓફિસર ડો. પંડયા મેડમે ત્વરિત સજગતા દાખવીને ઈન્ડિયન રેડક્રોસ સોસાયટી, સાવરકુંડલાના સેક્રેટરી મેહુલભાઈ વ્યાસનો સંપર્ક કર્યો હતો. ત્યારબાદ જરૂરી કાનૂની અને તબીબી પ્રક્રિયા પૂર્ણ કરીને સફળતાપૂર્વક ચક્ષુદાન મેળવવામાં આવ્યું હતું. આ સમગ્ર ચક્ષુદાન પ્રક્રિયાને સુચારૂ રૂપે પૂર્ણ કરાવવામાં શ્રીમતી ઈલાબેન વાઢેર તેમજ ડો. હરેશભાઈ યાદવનો સંપૂર્ણ સહયોગ સાંપડયો હતો.

શાંતાબા મેડિકલ કોલેજ એન્ડ જનરલ હોસ્પિટલની સમય સૂચકતા અને સજગતાના પરિણામે હવે બે દ્રષ્ટિહીન વ્યક્તિતઓના અંધકારમય જીવનમાં રોશની પથરાશે. નોંધનીય છે કે, સેવાભાવી મેહુલભાઈ વ્યાસના અવિરત પ્રયાસોથી આ ૬૯૪મું ચક્ષુદાન સફળતાપૂર્વક સંપન્ન થયું છે. દિવંગત આત્માના પરિવારે લીધેલા આ નિર્ણયથી સમાજમાં નેત્રદાન પ્રત્યે જાગૃતતા વધશે અને અન્ય લોકોને પણ પ્રેરણા મળશે.

# વરસાદની ખેંચ: કપાસમાં થ્રિપ્સનો પ્રકોપ, પાન સુકાવા લાગ્યા:ખેડૂતો ચિંતિત,મોંઘી દવાઓ પણ નિષ્ફળ



(કૈલૈશ ભટ્ટ દ્વારા) ઉના:

સામતેર અને આસપાસના ગ્રામ્ય વિસ્તારોમાં વરસાદની ખેંચ વચ્ચે કપાસના પાકમાં 'થ્રિપ્સ' નામની જીવાતનો પ્રકોપ જોવા મળ્યો છે. આ જીવાતને કારણે ઊભા કપાસના પાન સુકાવા લાગ્યા છે, જેનાથી ખેડૂતો ચિંતાતુર બન્યા છે. મોંઘીદાટ જંતુનાશક દવાઓના છંટકાવ છતાં જીવાત કાબૂમાં ન આવતાં ખેડૂતો લાચાર સ્થિતિમાં મુકાયા છે.

ચાલુ વર્ષે ચોમાસું નબળું રહેતાં અને વરસાદ ખેંચાતાં સામતેર પંથકના ખેડૂતો પહેલેથી જ ચિંતિત હતા. તેમાં હવે કપાસના મુખ્ય પાકમાં 'થ્રિપ્સ' નામની ચૂસિયા પ્રકારની જીવાતનો ભારે આતંક ફેલાયો છે. આ રોગચાળાને કારણે લીલોછમ ઊભો કપાસના પાન સુકાઈ રહ્યો છે, જે ખેડૂતો માટે વધુ એક આફત સમાન છે. સ્થાનિક ખેડૂતોના જણાવ્યા અનુસાર, કપાસના પાકને બચાવવા માટે તેઓ બજારમાંથી મોંઘી જંતુનાશક દવાઓ લાવીને અનેક ડોઝ આપી ચૂક્યા છે. જોકે, હજારો રૂપિયાનો ખર્ચ કરવા છતાં 'થ્રિપ્સ' જીવાત પર કોઈ સચોટ પરિણામ મળ્યું નથી. દવાઓ પાછળના આંધણથી ખેડૂતો આર્થિક બોજા તળે દબાઈ રહ્યા છે. કૃષિ નિષ્ણાતોના મતે, થ્રિપ્સ એ સૂકા અને ગરમ વાતાવરણમાં ખૂબ ઝડપથી ફેલાતી જીવાત છે. હાલમાં વરસાદ ખેંચાવાને કારણે આ જીવાતને ફેલાવા માટે અનુકૂળ વાતાવરણ મળ્યું છે.

નિષ્ણાતોનું કહેવું છે કે, આ જીવાત પર કેમિકલ દવાઓ કરતાં કુદરતી પરિબળ વધુ અસરકારક સાબિત થાય છે. જો પંથકમાં એકાદ-બે સારા અને ધોધમાર વરસાદના રાઉન્ડ આવે તો કપાસના પાક પરથી આ જીવાત ધોવાઈ જશે અને પાકને નવું જીવન મળશે.

હાલ સામતેર પંથકના ખેડૂતો મોંઘા બિયારણ, ખાતર અને દવાનો ખર્ચ માથે પડવાની ભીતિ વચ્ચે, પોતાના સુકાતા કપાસને બચાવવા માટે આકાશ તરફ મીટ માંડીને મેઘરાજાના આગમનની આતુરતાથી રાહ જોઈ રહ્યા છે.

# મેજર ધ્યાનચંદજીના જન્મદિવસ નિમિત્તે સોમનાથ એકેડેમીમાં ભવ્ય સ્પોટ્ર્સ ડે ની ઉજવણી



(કૈલૈશ ભટ્ટ દ્વારા) ઉના:

મેજર ધ્યાનચંદજીના જન્મદિવસને રાષ્ટ્રીય રમત દિવસ તરીકે ઉજવવામાં આવે છે. તેના અનુસંધાને તા. ૨૯/૦૮/૨૦૨૬ના રોજ સોમનાથ એકેડેમી, કોડીનાર ખાતે સ્પોટ્ર્સ ડેની ઉત્સાહભેર ઉજવણી કરવામાં આવી હતી.

કાર્યક્રમમાં સોમનાથ એકેડેમીના તમામ વિદ્યાર્થીઓ, શાળાના સ્ટાફ તેમજ DLSSના સ્ટાફ અને ખેલાડીઓએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો. રમતગમતના મહત્વ, શિસ્ત, ટીમવર્ક અને ખેલદિલીની ભાવનાને પ્રોત્સાહન મળે તે હેતુથી વિદ્યાર્થીઓને રમતગમત પ્રત્યે જાગૃત કરવામાં આવ્યા હતા.

આ પ્રસંગે શાળાના પ્રમુખ શ્રી કરસનભાઈ સોલંકી, School Directro શ્રી કુણાલભાઈ સોલંકી, Campus Directro શ્રી સંજયભાઈ સોલંકી, DLSS Manager શ્રી રણજીતભાઈ ડાહીમા, Incharge Coach રીટાબેન ચૌધરી તેમજ સમગ્ર DLSS સ્ટાફ અને ખેલાડીઓ ઉપસ્થિત રહ્યા હતા.

મેજર ધ્યાનચંદજી ભારતના મહાન હોકી ખેલાડી તરીકે જાણીતા છે. તેમના રમતપ્રેમ, શિસ્ત અને સમર્પણમાંથી પ્રેરણા લઈને વિદ્યાર્થીઓમાં રમતગમત પ્રત્યે રસ વધે અને તેઓ શારીરિક તેમજ માનસિક રીતે સક્ષમ બને તે માટે આવા કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું હતું.

સમગ્ર કાર્યક્રમ દરમિયાન શાળામાં રમતગમતમય અને ઉત્સાહભર્યું વાતાવરણ જોવા મળ્યું હતું. વિદ્યાર્થીઓએ ઉમંગ અને ઉત્સાહ સાથે ભાગ લઈને "રમત સાથે વિકાસ"નો સંદેશ સાર્થક કર્યો હતો.

સોમનાથ એકેડેમી દ્વારા વિદ્યાર્થીઓના સર્વાંગી વિકાસમાં શિક્ષણની સાથે રમતગમતને પણ મહત્વ આપવામાં આવે છે. આ પ્રકારના કાર્યક્રમો દ્વારા વિદ્યાર્થીઓમાં રમતગમતની ભાવના, નેતૃત્વ, આત્મવિશ્વાસ અને ટીમવર્ક જેવા ગુણોનો વિકાસ થાય છે.આ સમગ્ર કાર્યક્રમને સફળ બનાવવા બદલ શાળા પરિવાર, ઢ્ન્જીજી સ્ટાફ, કોચિંગ ટીમ તથા તમામ વિદ્યાર્થીઓનો સહયોગ બદલ આભાર વ્યક્ત કરવામાં આવ્યો હતો.

# આઈ.ટી.આઈ સંસ્થાઓમાં પ્રવેશ પ્રક્રિયાનો ચોથો રાઉન્ડ શરૂ : તા. ૧૦ સપ્ટેમ્બર સુધીમાં અરજી કરવી

અમરેલી:

અમરેલી જિલ્લાની તમામ ઔદ્યોગિક તાલીમ સંસ્થાઓ ખાતે શૈક્ષણિક વર્ષ ૨૦૨૬ માટે આગામી તા. ૨૯/૦૮/૨૦૨૬ થી ૧૦/૦૯/૨૦૨૬ સુધી પ્રવેશ પ્રક્રિયાના ચોથા રાઉન્ડનો પ્રારંભ થશે. ગુજરાત સરકારના શ્રમ, કૌશલ્ય વિકાસ અને રોજગાર વિભાગ હસ્તકની અમરેલી જિલ્લાની તમામ સરકારી અને ગ્રાન્ટ-ઈન-એઈડ ઔદ્યોગિક તાલીમ સંસ્થાઓ ખાતે ત્રીજા રાઉન્ડની પ્રવેશ પ્રક્રિયા પૂર્ણ થયા બાદ, સંસ્થાઓ ખાતે મૂળ રાજ્ય વ્યવસાય (સ્ઝફ઼) ના ટ્રેડ તથા દ્મઝફ઼ ર્દ્બહ-છકકૈંર્ઙ્ઘૈંઙ્ઘ ટ્રેડની ખાલી રહેલ બેઠકો પર વધુમાં વધુ ઉમેદવારો પ્રવેશ મેળવી શકે તે હેતુથી, સદર ખાલી રહેલ બેઠકો પર તા. ૧૦/૦૯/૨૦૨૬ સુધી "વહેલા તે પહેલા" ના ધોરણે અરજી ફોર્મ

Industrial Training Institute

ભરવા અંગેની પ્રવેશ પ્રક્રિયા શરૂ થશે. જે ઉમેદવારો ફોર્મ ભરવાનું ચૂકી ગયા હોય અથવા પ્રવેશ મળ્યો ન હોય, તે તમામ ઉમેદવારોએ નજીકની આઈ.ટી.આઈ. નો રૂબરૂ સંપર્ક કરી વહેલા તે પહેલાના ધોરણે પ્રવેશ મેળવી શકશે. અમરેલી જિલ્લાના તમામ ઉત્સુક અને લાયક ભાઈઓ-બહેનોને રોજગારીલક્ષી ટેકનિકલ કોર્સીસમાં પ્રવેશ મેળવી પોતાનું ભવિષ્ય ઉજ્જવળ બનાવવા માટે આ ચોથા રાઉન્ડનો મહત્તમ લાભ લેવા અમરેલી આઈ.ટી.આઈ. આચાર્યશ્રી દ્વારા એક યાદીમાં અનુરોધ કરવામાં આવ્યો છે.

# નાના કાણકબરડા પાટિયે દિશાસૂચક બોર્ડ, સિગ્નલ લાઈટ બંધ

## ભાવનગર-સોમનાથ હાઈવે પર વાહનચાલકો, ગ્રામજનો પરેશાન

(કૈલૈશ ભટ્ટ દ્વારા) ઉના:

ભાવનગર-સોમનાથ નેશનલ હાઈવે પર ઉના તાલુકાના કાણકબરડા ગામના પાટિયે દિશાસૂચક બોર્ડ અને બંધ સિગ્નલ લાઈટના કારણે વાહનચાલકો તેમજ સ્થાનિકોને ભારે હાલાકીનો સામનો કરવો પડી રહ્યો છે. તંત્રની બેદરકારીને કારણે અકસ્માતનો ભય પણ સતત તોળાઈ રહ્યો ગામમાં પ્રવેશવા માટેનું મુખ્ય દિશાસૂચક બોર્ડ હજી સુધી લગાવવામાં આવ્યું નથી. જેના કારણે સ્થાનિકો અને બહારથી આવતા મુસાફરોને ભારે મુશ્કેલી પડે છે. ખાસ કરીને ઉના તરફથી આવતા વાહનચાલકો કાણકબરડા દિશાસૂસક બોર્ડ ના હોવાના કારણે ગામઆવવા ના બદલે આગળ નીકળી જાય છે, જેનાથી સમય અને ઈંધણનો બગાડ થાય છે. ગ્રામજનોના જણાવ્યા અનુસાર, કાણકબરડાના પાટિયે ઘણા સમય પહેલાં તૂટી ગયેલી ટ્રાફિક સિગ્નલ લાઈટ હજી સુધી રીપેર કરવામાં કે નવી લગાવવામાં આવી નથી. આ હાઈવે પર વાહનો પૂરપાટ ઝડપે દોડતા હોવાથી અકસ્માતનો ભય રહે છે. રાત્રિના સમયે આ સ્થળે ભારે અંધારપટ છવાઈ જતો હોવાથી વાહનચાલકોને વળાંક લેવામાં મુશ્કેલી પડે છે.

# અમરેલી જિલ્લામાં મિઠાઈ-ફરસાણની દુકાનોની ચકાસણી જરૂરી

### તહેવારોમાં હલ્કી ગુણવતાની મિઠાઈ- ફરસાણનું વેચાણ કરનાર સામે કડક કાર્યવાહી કરવા માંગ

(મિલાપ રૂપારેલ દ્વારા)

અમરેલી: અમરેલી જિલ્લાનાં મિઠાઈ અને ફરસાણનાં અમુક વેપારીઓ રક્ષાબંધન, જન્માષ્ટમી, ગણેશોત્સવ, નવરાત્રિ, દશેરા અને દિવાળીનાં તહેવારોમાં વધારે નફો મેળવી લેવાની લાલચમાં સજી સજીને તૈયાર થઈ રહ્યા હોય ફૂડ વિભાગે આગામી ૩ મહિના સુધી અવિરત રીતે મીઠાઈ-ફરસાણની દુકાનો ઉપર બાજ નજર રાખવી જરૂરી છે.

બનાવટી દૂધનો માવો, માવાથી બનતી વિવિધ મિઠાઈઓ, હલ્કી ગુણવત્તાની તેલમાં એકથી વધુ વખત ફરસાણ તળીને ગ્રાહકોને પધરાવી દેવાની તૈયારી શરૂ કરવામાં આવી છે. સાથો સાથ, ગ્રાહકો પાસેથી તગડો નફો વસુલ કરવા માટે ભાવ વધારો કે વજનમાં છેતરપીડીનું કારસ્તાન પણ અમુક વેપારીઓ દર વર્ષની જેમ આ વર્ષે પણ કરવા તૈયારીમાં લાગી રહ્યા છે.

જિલ્લાનાં તાલુકા મથકો ઉપરાંત, જિલ્લાનાં મુખ્ય મથકનાં કયાં વેપારીઓ હલ્કી ગુણવત્તાની મિઠાઈ અને ફરસાણ વેચે છે તેની જાણકારી જાગૃત ગ્રાહકોને છે પણ ફૂડ વિભાગને ખબર ન હોય તે માની શકાય તેમ નથી.


અમરેલી શહેરમાં સારી કવોલિટીનું ફરસાણ અને મિઠાઈ ગણ્યાગાંઠયા વેપારીઓ જ કરે છે. બાકીનાં દે ધનાધન કરીને ટૂંક સમયમાં સારી કમાણી કરી ચુકયા છે. તહેવારોમાંગરીબ અને મધ્યમવર્ગીય પરિવારો મહામુસીબતે મિઠાઈ- ફરસાણ ખરીદતાં હોય તે સમયે ફૂડ વિભાગની ફરજ બને છે કે તેમને સારી ગુણવત્તા મિઠાઈ અને ફરસાણ સરળતાથી મળે.

# નાના કાજરડીના ૩૫ વર્ષીય માછીમાર પાંચ દિવસથી દરિયામાં લાપતા

(કૈલૈશ ભટ્ટ દ્વારા) ઉના:

કેન્દ્રશાસિત પ્રદેશ દીવના વણાકબારાથી માછીમારી માટે નીકળેલી બોટમાંથી ઉના તાલુકાના કાજરડી ગામના ૩૫ વર્ષીય માછીમાર દેવશીભાઈ બાબુભાઈ મકવાણા દરિયામાં પડી જતા ગયા છતાં હજુ સુધી તેમનો કોઈ પત્તો મળ્યો નથી. પરિવારજનો માટે પસાર થતી દરેક ક્ષણ ચિંતાજનક બની છે.

દેવશીભાઈ વણાકબારાના નાનજીભાઈ પુંજાભાઈ IND-DD-02-MM-710 બોટમાં ખલાસી તરીકે કામ કરતા હતા. તા. ૧૯ ઓગસ્ટે બોટ વણાકબારાથી માછીમારી માટે



નીકળી હતી. માઢવાડ મુકામ સામે આશરે ૧૧ નોટિકલ માઈલ દૂર મધદરિયામાં બોટ ફિશિંગ કરી રહી હતી. દરમિયાન તા. ૨૭ ઓગસ્ટે વહેલી સવારે આશરે ૪ વાગ્યાના અરસામાં દેવશીભાઈ બોટમાંથી દરિયામાં પડી ગયા હોવાનું જાણવા મળ્યું હતું. સવારે આશરે ૫ વાગ્યે સાથી માછીમારો દેવશીભાઈને જગાડવા ગયા ત્યારે તેઓ બોટમાં જોવા મળ્યા નહોતા. ત્યારબાદ બોટમાં તાત્કાલિક તેમની શોધખોળ શરૂ કરવામાં આવી હતી. દરિયાની વિશાળ લહેરો વચ્ચે આશરે ત્રણ દિવસ સુધી શોધખોળ હાથ ધરવામાં આવી, પરંતુ દેવશીભાઈનો કોઈ પત્તો મળ્યો નહોતો. બોટ કાંઠે પરત આવ્યા બાદ સમગ્ર ઘટનાની જાણ પોલીસ અને ફિશરીઝ વિભાગને કરવામાં આવી હતી. બોટના માલિકે દેવશીભાઈ ગુમ થયાની માહિતી કાજરડી ગામના સરપંચ પ્રતિનિધિ નાનુભાઈ ચારણીયાને આપી હતી. ત્યારબાદ પરિવારજનોને જાણ થતાં જ ઘરમાં શોકનો માહોલ છવાઈ ગયો હતો.

સૌરાષ્ટ્ર આસપાસ
Owner: Leela News Network Private Limited, Printer & Publisher Komalkant Fakirchand Sharma, on behalf of Leela News Network Private Limited. Printed at 1/6 Ghanchivad , Near Jilla Garden, Rajkot. Published at Narayan Arcde, Nr.Old Bus Stand, Amreli. Res.Editor: Rajesh Kiritbhai Dave (Responcible for News editing as per PRB ACT)

સૌરાષ્ટ્ર આસપાસ

## હાઇવે પર જીવનની એક કલાકની લડત

રાષ્ટ્રીય ધોરી માર્ગોને આપણે વિકાસની ધમની ગણીએ છીએ. આ જ માર્ગો પરથી દેશની આર્થિક પ્રગતિ દોડે છે, પરંતુ આ જ માર્ગો પર દરરોજ માનવ જીવનની સૌથી કરુણ લડાઈ પણ લડાય છે. આજે જ્યારે ભારત ટેક્નોલોજી, અવકાશ અને ડિજિટલ ક્રાંતિમાં વિશ્વનું નેતૃત્વ કરવાની વાત કરે છે, ત્યારે એક સવાલ આપણી સામે મોટા અક્ષરે ઊભો રહે છે કે શું આપણા ધોરી માર્ગો પર અકસ્માતમાં ઘાયલ થયેલી વ્યક્તિને સમયસર જીવન બચાવવાની સારવાર મળે છે ખરી? કમનસીબે તેનો જવાબ નકારમાં છે. સત્ય એ છે કે હાઇવે પર થતા મોટા ભાગના મૃત્યુ ગંભીર ઈજાને કારણે નથી થતા, પરંતુ સમયસર મદદ ન મળવાને કારણે થાય છે. આ પરિસ્થિતિમાં સૌથી મોટી અને તાત્કાલિક જરૂરિયાત એ છે કે દેશના દરેક નેશનલ હાઇવે પર દર પચાસ કિલોમીટરના અંતરે સંપૂર્ણ સુસજ્જ ટ્રોમા સેન્ટર અને અત્યાધુનિક રેસ્ક્યુ સિસ્ટમ ઊભી કરવામાં આવે.તબીબી વિજ્ઞાનમાં અકસ્માત પછીની પહેલી સાઠ મિનિટને ગોલ્ડન અવર તરીકે ઓળખવામાં આવે છે. આ એક કલાક એવો છે જે જીવન અને મૃત્યુ વચ્ચેની ભેદરેખા નક્કી કરે છે. આ સમયગાળા દરમિયાન જો ઘાયલ વ્યક્તિને લોહી વહેતું અટકાવવા, શ્વાસ ચાલુ રાખવા અને હૃદયના ધબકારા સ્થિર કરવા જેવી પ્રાથમિક સારવાર મળી જાય, તો મૃત્યુદરમાં ત્રણ ગણા સુધીનો ઘટાડો થઈ શકે છે. આ એક વૈજ્ઞાનિક રીતે સાબિત હકીકત છે. પરંતુ આપણી વ્યવસ્થા આ ગોલ્ડન અવરને સાચવવામાં નિષ્ફળ રહી છે. એક દ્રશ્યની કલ્પના કરો, મધરાતનો સમય છે, ધોરી માર્ગ પર એક વાહનનું ટાયર ફાટવાને કારણે તે પલટી ખાઈ જાય છે. અંદર બેઠેલા લોકો ગંભીર રીતે ઘાયલ છે, આસપાસ કોઈ વાહન નથી, મોબાઇલમાં નેટવર્ક નથી અને મદદ માટે પોકાર સાંભળનારું કોઈ નથી. ધીમે ધીમે ઘાયલ વ્યક્તિનો શ્વાસ અટકી રહ્યો છે. આ દ્રશ્ય કોઈ ફિલ્મનું નથી, પણ આપણા હાઇવે પરની રોજિંદી વાસ્તવિકતા છે.કેન્દ્રીય માર્ગ પરિવહન અને રાજમાર્ગ મંત્રાલયે આ સમસ્યાને ધ્યાનમાં રાખીને એક ખૂબ જ સુંદર અને વ્યવહારુ નીતિ ઘડી હતી. આ નીતિ મુજબ દેશના તમામ નેશનલ હાઇવે પર દર પચાસ કિલોમીટરે એક આધુનિક ટ્રોમા સેન્ટર, તાલીમબદ્ધ રેસ્ક્યુ ટીમ અને એડવાન્સ લાઇફ સપોર્ટ ધરાવતી એમ્બ્યુલન્સ તૈનાત કરવાની હતી. કાગળ પર આ યોજના સંપૂર્ણ લાગે છે, પરંતુ તેનો અમલ કાગળ પરથી નીચે ઉતર્યો જ નથી. આજે પણ વાસ્તવિકતા એ છે કે મોટા ભાગના હાઇવે પર સો કે દોઢસો કિલોમીટર સુધી એક પણ કાર્યરત ટ્રોમા સેન્ટર મળતું નથી. જે છે તે પણ પૂરતા સ્ટાફ, સાધનો અને દવાઓ વગર માત્ર શોભાના ગાંઠિયા સમાન છે. સરકાર ગાઈડલાઈન બનાવીને પોતાની ફરજ પૂરી થઈ ગઈ હોવાનું માની લે છે, પરંતુ તે ગાઈડલાઈનને જમીન પર ઉતારવા માટે જે રાજકીય ઈચ્છાશક્તિ અને પ્રામાણિકતા જોઈએ તેનો સદંતર અભાવ જોવા મળે છે. આપણે એ ભૂલી જઈએ છીએ કે એક ઘાયલ વ્યક્તિના જીવનની કિંમત કોઈ પણ ફ્લાયઓવર કે સિક્સ લેન રોડના ખર્ચ કરતા અનેક ગણી વધારે છે.આ સ્થિતિને બદલવા માટે માત્ર સરકાર તરફ આંગળી ચીંધવાથી કામ નહીં ચાલે, પરંતુ એક સામૂહિક અને વૈજ્ઞાનિક અભિગમ અપનાવવો પડશે. સૌ પ્રથમ તો દરેક રાજ્ય સરકાર અને કેન્દ્રશાસિત પ્રદેશોએ પોતાની ભૂમિકા ગંભીરતાથી નિભાવવી પડશે. દરેક રાજ્ય પાસે પોતાના હાઇવે પર ક્યાં, ક્યારે અને કેવા અકસ્માતો વધુ થાય છે તેનો પૂરો ડેટા હોય છે.

# પાંચ ટ્રિલિયન ઈકોનોમીની સંકલ્પના આત્મનિર્ભર ગામડાં સાકાર કરી શકશે

**વિકાસ અને વિકલ્પ** -ડૉ. નાનક ભટ્ટ

ગુજરાતના ગ્રામીણ ક્ષેત્રોમાં રોજગારીની શક્યતાઓ વિકસે, વ્યસનમુક્ત અને સાક્ષર લોકો સંગઠિત બની વિકાસ કાર્યમાં સહભાગી થાય તથા સ્વાવલંબી સમાજનું સ્વપ્ન સાકાર થાય તે ભાવનાથી ગુજરાતની સ્વૈચ્છિક સંસ્થાઓની ઉપસ્થિતિમાં તાજેતરમાં બે કાર્યક્રમો યોજાઈ ગયા.

પ્રથમ કાર્યક્રમ કમિશનર ગ્રામવિકાસ અને ડાયરેક્ટર સ્ટાર્ટઅપ (દિલ્હી) દ્વારા યોજાયો. જેમાં તાલીમ અને ગ્રામ્ય વિસ્તારમાં વિકાસના કાર્યો કરતી સંસ્થાઓએ ભાગ લીધો હતો. આ કાર્યક્રમનાં આયોજકોએ જણાવ્યું કે સ્કિલ ઈન્ડિયા મિશન હેઠળ ગત વર્ષમાં ૧૩ ટકા વધુ ખર્ચ કરાયો છે. પરંતુ તાલીમનો પ્રત્યક્ષ ઉપયોગ કરનાર યુવકોનું પ્રમાણ ઘટ્યું છે. ઉપરાંત ગ્રામીણ તાલીમાર્થીઓ માટે અપેક્ષા મુજબ રોજગારીની તકો ઉપલબ્ધ ન થતાં ગામડાંમાંથી તાલીમ પામેલા યુવકોનું શહેર તરફ સ્થળાંતર વધ્યું છે. અહેવાલના પ્રતિભાવમાં સ્વૈચ્છિક સંસ્થાઓએ જણાવ્યું કે ગ્રામીણ શિક્ષિત બેરોજગારીની સ્થિતિ પાછળ વિવિધ સ્તરે સરકારી તુમારશાહી જવાબદાર છે. કાર્યક્રમોમાં ઉપસ્થિત જિલ્લા સ્તરના અધિકારીઓએ પોતાના અનુભવોને ટાંકતા જણાવ્યું કે પક્ષીય ભૂમિકામાંથી આવતી સંસ્થા અને એજન્ટો તાલીમ માટે ફાળવવામાં આવેલ ભંડોળને સમુદાય વિકાસના બદલે સંસ્થાગત વિકાસ માટે વધુ ખર્ચે છે, તેવું જોવા મળ્યું છે.

બીજો એક કાર્યક્રમ ગુજરાત, મધ્યપ્રદેશ, મહારાષ્ટ્ર અને રાજસ્થાનની ગ્રામીણ સંસ્થાઓની ઉપસ્થિતિમાં યોજાયો. જેમાં 'દેશની મૂળભૂત સમસ્યાઓનું નિરાકરણ લાવી શકાયું નથી. તેમ જ વિકાસનો સ્વીકૃત ઢાંચો તૈયાર કરી શકાયો નથી'' તે બાબતે ચિંતા વ્યક્ત કરતા જણાવાયું કે ગ્લોબલ માર્કેટના નામે આર્થિક નીતિ અપનાવતા દેશનાં ૧૦% લોકોના હાથમાંથી રાષ્ટ્રના ૬૫ ટકા સાધનોનું સંચાલન જતું રહ્યું છે. પરિણામે શહેરોમાં પ્રદૂષણ, કરચોરી, ગુનેખોરી અને કોમી વિખવાદ જેવા પ્રશ્નો વ્યાપક બની રહ્યા છે બીજી બાજુ ગામડાંઓમાં શોષણ, બેરોજગારી, ગરીબી અને સ્થળાંતર જેવા પ્રશ્નો વ્યાપક બનતા જાય છે.

પરીસંવાદમાં ગામડાંઓનાં સ્વાવલંબન માટેની કાર્યપદ્ધતિ અંગે વિચારાયું કે રાષ્ટ્રના વિકાસનો ઢાંચો વિકેન્દ્રિત ધોરણે તૈયાર કરવામાં આવે તથા ગામડાં પગભર બને તેવું આયોજન કરવામાં આવે. ગ્રામીણ ક્ષેત્રે પૈસાનાં સ્થાને શ્રમનું ઊંચું મૂલ્ય અંકાય તેમ જ વિકાસ યોજનાઓ રોજગારલક્ષી બને. વિકાસના કાર્યક્રમો ઉચ્ચ સ્તરેથી લાદવાના બદલે સ્થાનિક પર્યાવરણ કૃષિ તથા જરૂરિયાતને અનુરૂપ બને તેવી વાત સ્વીકારવામાં આવી. ગ્રામીણોને સંગઠિત કરી વિકાસનો વહીવટ સ્થાનિક પંચાયતી વ્યવસ્થા દ્વારા થાય તેમજ તમામ સ્તરે શિક્ષણના ભાગરૂપે કૃષિ, પશુપાલન, સ્વચ્છતા, આરોગ્ય, મહિલાવિકાસ અને ગ્રામોદ્યોગને સમાવી લેવામાં આવે. તે વાતે સર્વ સહમતી સધાઈ. આ પ્રસંગે ઉપસ્થિત ગાંધીજનોનો મત હતો કે વિકાસની પ્રક્રિયા સાથે માનવીય ચેતનાનો વિકાસ થવો ઘટે. વ્યક્તિ, સૃષ્ટિ અને સમષ્ટિની એકાત્મક્તા એટલે જ વિકાસ હોઈ શકે. ગામડાંઓનાં વિકાસ માટે મહિલાઓની સહભાગી વધારવા માટેના કાયક્રમો નક્કી કરવા વિચારાયું.

ગુજરાતની સ્વૈચ્છિક સંસ્થાઓ તેમની કાર્યશક્તિ માટે જાણીતી છે. જે સંદર્ભમાં ઉપરોક્ત બંને બેઠકોની અપેક્ષાઓ બર આવે તો આપણાં ગામડાંઓ સ્માર્ટગ્રામ બને અને રાષ્ટ્રનિર્માણનાં મૂલ્યોનો જયજયકાર થાય. પરંતુ પ્રશ્ન છે કે આજે સમાજ બદલાયો છે. મૂલ્યો સમૂળગાં બદલાય ચૂક્યાં છે ત્યારે કલ્પનાનું સ્વર્ગ સંભવી શકે તેમ છે?

બીજી તરફ ગુજરાતનાં ગામડાંઓની સ્થિતિ જોઈએ તો ખેડૂતનો છોકરો બાપની મહેનતકશ ખેતી કરવા તૈયાર નથી. તેઓ આકાશી ખેતી કે બજારમાં ઊભેલા કમિશન એજન્ટો દ્વારા નફો-નુકસાન નક્કી થાય તેવી પરવશ સ્થિતિમાં રહી શાક-રોટલા અને છાશનાં હાંડલાં માટે જાત તોડી નાંખવા માગતા નથી. બદલાતી પરિસ્થિતિ તો એ હદ સુધી પહોંચી છે કે ખેડા અને વડોદરા જિલ્લા જેવાં સિંચાઈના વિસ્તારોમાં ચાર-સાડા ચાર વીઘામાં ખેતી કરનાર યુવકને કોઈ છોકરી આપવા તૈયાર નથી. લોધિકા જેવા રાજકોટ જિલ્લાનાં સૂકી ખેતીનાં ગામોમાં યુવકો માટે લગ્નપસંદગી મેળાવડા યોજાય છે. તે પહેલાં છોકરાઓ ઓળખાણ-પિછાણ આગળ કરીને ખેતીવાડી બજાર ઉત્પન્ન સમિતિઓમાં નોકરીઓ લઈ લે છે. કારણ કે માબાપ પોતાની દીકરીને ખેડૂમાં સોંપવા રાજી નથી. શહેરી જીવનની સુંવાળપે ગામડાંમાં પરિશ્રમી જીવનને હલકું પાડ્યું છે. આથી સુરતમાં હીરાનું કામ કરતા યુવકો ચોમાસુ ખેતી માટે દેશમાં પૈસા મોકલી આપે છે, પણ જાતે વતનમાં આવી ખેતી કરવા રાજી નથી.

અમદાવાદ શહેરના લો ગાર્ડનની ફૂટપાથો પર વહેંચાતું સૌરાષ્ટ્રનું હાથનું ભરતકામ શહેરી ઘરોમાં પીલો કવર કે બેડશીટની બોર્ડરમાં આવી વસ્યું છે કારણ હવે ગામડાંની બહેનોમાં રંગીન ભાતનું શિફોન પ્રચલિત થયું છે. ગામડાની ડોશીઓ તો છણકો મારતાં કહે જ, 'સુધરેલીથી વજન ખમાતું નથી.' વડોદરા જિલ્લાનું તિલકવાડા ૭૦૦૦ માણસોની વસ્તીનું નાનું ગામ છે. હાઈવે ઉપરના આ ગામમાં આજે ૩૩૨ ઘરોમાં ગેસના સિલિન્ડરો છે. એક સમયે ગેસ સિલિન્ડર વડોદરા કે રાજપીપળામાં રહેતા સગાંસંબંધીઓ પાસેથી તિલકવાડા પહોંચતાં વધારાનો ? ૮૫૦/- ખર્ચ થતા, પુરુષો માટે આ સુવિધા વધુ ખર્ચાળ અને કષ્ટદાયી હોવા છતાં બાયોગેસના સ્થાને સ્ત્રીઓ એ પોતાનો મોભો જમાવવા અને વધુ આરામદાયી જિંદગી જીવવા ગેસ સિલિન્ડરોની રસોઈને અપનાવી લીધી છે. ગામડાંઓમાં દૂર-દૂર સુધી આ સુધારાની હવાના કારણે પેઢી દર પેઢીથી જંગલો અને પહાડોમાં રહેતા આદિવાસીઓ આજે નર્મદાબંધ યોજનાની સગવડતા હાથ ધરવા મેદાની વિસ્તારમાં નિવાસી બન્યાં છે, એટલું જ નહીં પણ અસરગ્રસ્તોની નવી વસાહતોમાં સ્થાયી થઈ ચૂકેલા આદિવાસીઓની શૈલી બીજા આદિવાસીઓને પણ સ્થળાંતર કરવા ખેંચી લાવી છે.

આપેલા દસ્તાવેજ (ઇમેજ) લખાણનું વર્ડ (.ઙ્ઘષ્ઠટ) ફોર્મેટ માટેનું ગુજરાતી ટ્રાન્સક્રિપ્શન નીચે મુજબ છે. તમે આ લખાણને કોપી કરીને વર્ડ ફાઈલમાં પેસ્ટ કરી શકો છોઃ

આમ, રંગમંચના એક તખ્તા ઉપર સરકારમાં સ્માર્ટસિટીના અધિકારીઓનું હિત પોષાતું જોવા મળે છે, તો બીજા તખ્તા ઉપર સ્વૈચ્છિક સંસ્થાઓ, ગરીબોને આશાનાં છાંયડે બાંધી સંસ્થાકીય હિત સાધતા દેખાય છે. બદલાતી સ્થિતિનાં ચિતાર જોઈ શકનાર વેપારી પેઢીઓએ સાબુ અને ટૂથપેસ્ટથી માંડી મોબાઈલ, બિસ્કીટો અને પીણાંઓનાં વેચાણકેન્દ્રોને ગ્રામકેન્દ્રો સુધી લંબાવ્યાં છે. ૨૦૩૦માં ગામડું લક્ઝરી ગુડ્ઝનું બજાર બનશે તેવી બિઝનેસ ઈન્ડિયાની ભવિષ્યવાણી, જોતજોતામાં આકાર લઈ રહી છે અને આપણા સહુની નજર સમક્ષ ટી.વી. અને ઈન્ટરનેટમાં પ્રસિદ્ધ થતી જાહેરખબરો દ્વારા જોવાઈ રહ્યું છે.

સ્વતંત્ર ભારતમાં નવરચના સમયે મળેલ સ્વાવલંબી સજીવ ગામનો વિચાર અયોગ્ય નહોતો. પણ આજે માહોલ બદલાઈ ચૂક્યો છે. મોર્ડન એજ તરફ ધસમસતી દુનિયાના ઘડતર અને ચણતરમાં હવે વ્યક્તિનાં સ્થાને બનાવોનું પદાર્પણ વધી રહ્યું છે. આર્થિક મૂલ્યના માપદંડ પ્રચલિત બન્યાં છે. તે વેળાએ ભૂતકાળ તરફ પાછા ફરવાનું શક્ય નથી, જે તે સ્થિતિને નિખાલસતાથી સ્વીકારી લેવી પડશે. એટલું જ નહીં પણ મર્યાદિત જીવન જરૂરિયાતવાળાં સ્વાવલંબી ગામડાંઓમાં મુક્ત જીવનનાં પ્રયોગો છોડી ગામડાંઓ વધુ સ્વાવલંબી અને શિક્ષિત બને તે પ્રકારે સ્વયં સંચાલિત કાર્ય પ્રણાલીઓ ગોઠવવી પડશે.

સમૂહ સંચાર માધ્યમોનાં કારણે લોકોનું પસંદગી ક્ષેત્ર વ્યાપક બન્યું છે અને ગામડાંઓમાં પણ આર્થિક હેતુની સમાનતા ધરાવતાં જૂથો સંગઠિત થતાં જાય છે. આ તબક્કે સ્વૈચ્છિક સંસ્થાઓને ગામડાંઓમાં ઉત્પન્ન થતી ચીજવસ્તુઓનાં ઉત્પાદન અને વેચાણનાં કામમાં મદદરૂપ થવું જરૂરી બને છે. ગામડાંઓમાં રહેતા યુવકને વધુ આર્થિક લાભ અંગેની વહીવટી અને તકનિકી તાલીમ મળે તેવા પ્રયત્નો કરવા પડશે. પરિવર્તનના વળાંકે સરકારે પોતાના સકંજામાં જકડી રાખેલ માળખાગત વિકાસ, વાહનવ્યવહાર, સંચારસેવા, વીજળી અને પાણી જેવી વ્યવસ્થાઓનાં સ્થાયી તંત્રોને ક્રમશઃ પ્રજાના હાથમાં સોંપી લોકોને વધુ સારા જીવન માટે ઉત્સાહિત કરવા ઘટે છે. રાજકીય પક્ષો માટે લોકરંજનના સ્થાને આમપ્રજાને વિકાસના કાર્યક્રમોના અમલમાં ભાગીદાર બનવાનો સમય પાકી ગયો છે. ત્યારે ગામડાંને સ્માર્ટ સિટી નહીં પણ જાગૃત ગ્રામ તરીકે ઘડવાની જરૂર છે.

# નમસ્કાર કે શેકહેન્ડ : સમય-સંજોગો પ્રમાણે અભિવાદનની સ્ટાઇલ બદલો

**વિશેષ**

આ શીર્ષક વાંચીને તમે ક્યાંય પરેશાન તો નથી થઈ ગયાને? તમે વિચારતાં હશો કે અમે તમને તમારી સભ્યતા અને સંસ્કૃતિ ભૂલી જવા માટે કહી રહ્યા છીએ, પરંતુ એવું નથી. અમે અહીં નવી પેઢી, નવા વિચાર અને ભૌતિકવાદના સંદર્ભમાં ભારતીય નારીના વ્યવહાર અને સાચી પરિસ્થિતિ તેમ જ મૂક વાર્તાલાપ અને શબ્દવિહીન સંદેશાઓ પર વાતચીત કરી રહ્યા છીએ, જે અજાણતાં જ આપણું શિક્ષણ તેમ જ સુસંસ્કૃત વ્યવહારનો પરિચય કરાવે છે.

વાસ્તવમાં આજની નારી આધુનિક પણ છે, કારણ કે આજની જરૂરિયાત અનુસાર તેણે શિક્ષણ પ્રાપ્ત કરી પોતાની કારકિર્દી બનાવી, નોકરી કરવાની શરૂ કરી. ઓફિસમાં સારું વ્યક્તિત્વ જોઈએ તેથી ફેશન અપનાવી, પરંતુ તે ગભરાઈ ગઈ કે પોતાના પુરુષ સહકર્મચારીઓ સાથે કેવો વ્યવહાર કરવો, શું ભારતીય સંસ્કૃતિના નામ પર દર વખતે માત્ર હાથ જોડીને નમસ્કાર જ કરતી રહે કે પછી પોતાનાં વ્યક્તિત્વમાં વધારો કરીને એક વ્યાવસાયિક વ્યક્તિની જેમ ઓફિસમાં પોતાના સહયોગીઓની સાથે મળીને કામ કરે.

ખરેખર તો સ્ત્રીએ પોતાના વિચારમાં પરિવર્તન લાવવું જરૂરી છે. હવે તે અબળા, અસહાય કે વિવશ નથી રહી, પરંતુ સબળ, શિક્ષિત અને સક્ષમ બની છે. સ્ત્રી કે પુરુષ ગમે તે મળે, પરંતુ પુરુષોની જેમ તે પણ નમસ્કારને બદલે શેકહેન્ડ કરી શકે છે.

અગાઉ રોમમાં એકબીજાને મળતાં ત્યારે છાતી પર હાથ મૂકીને અભિવાદન કરવામાં આવતું હતું, પરંતુ પાછળથી એકબીજાની કોણી પકડવાનો રિવાજ શરૂ થયો. ત્યાર બાદશેકહેન્ડનો આધુનિક રિવાજ શરૂ થયો. જેને હાથ મેળવવાનું કહેવામાં આવે છે, એમાં બે વ્યક્તિ હથેળીઓ મેળવીને એકબીજાનું અભિવાદન કરે છે, જે વિશાળ દિલ અને એકતાનું પ્રતીક છે.

વિદેશોમાં હાથ મેળવતી વખતે સ્ત્રીપુરુષનો ભેદભાવ માનવામાં આવતો નથી. કારણ કે સ્ત્રીઓ પણ દરેક ક્ષેત્રમાં પુરુષોની જેમ બધાં જ કામ કરતી હોય છે. હવે આપણે ત્યાં પણ આવી જ પરિસ્થિતિ પેદા થઈ ગઈ છે. એટલા માટે જો સ્ત્રીઓ હાથ મેળવીને અભિવાદન કરે તો તેમાં જરા પણ ખોટું નથી. પછી ભલે તમે બીજી સ્ત્રી સાથે હાથ મેળવતા હોય કે પુરુષ સાથે, બસ આત્મવિશ્વાસ સાથે શેકહેન્ડ કરો.

તમે કેવી રીતે શેકહેન્ડ કરો છો તેનાથી તમારા વિચારો પ્રગટ થાય છે. જો તમારા હાથમાં થોડું પણ કંપન કે પરસેવો હોય તો સામેની વ્યક્તિ એમ જ સમજશે કે તમે નર્વસ છો, તમે ગભરાઈ રહ્યા છો. જો ખૂબ જ ઢીલા હાથે તમે શેકહેન્ડ કરશો તો હાથ મેળવનારને એવું લાગશે કે તમે માત્ર ઔપચારિકતા નિભાવી છે અને એનો કોઈ ખાસ અર્થ નથી.

હાથ વધુ પડતા દબાવીને મેળવશો તો બંને વ્યક્તિઓ વચ્ચે મિત્રતા અને સહયોગની ભાવના ઝળકે છે. બે મહિલાઓ જો આવી રીતે હાથ મેળવે તો તેમનાં મનની ભાવના પ્રગટ થાય છે. સારું એ જ રહેશે કે પુરુષો સાથે શેકહેન્ડ કરતી વખતે હાથ પર વધુ દબાણ આપશો નહીં, કારણ કે કેટલીક વાર તેનો ખોટોઅર્થ કાઢવામાં આવે છે. પુરુષ કોઈ પણ સ્ત્રીની પાછળ ત્યારે જ પડે છે કે જયારે તે મહિલા પોતે કમજોર હોય અથવા તો તેનાં દિલમાં ખોટા વિચાર હોય. તેથી જ પુરુષો સાથે એક સહકર્મચારીની જેમ, પૂરા આત્મવિશ્વાસ અને ઔપચારિકતા સાથે હાથ મેળવવો, સુદ્રઢ અને સંયમિત રીતે એક વ્યવસાયકર્તાની જેમ હાથ મેળવો.

સ્ત્રીઓ પરસ્પરના બંને હાથને પકડીને, ચહેરા પર સદ્ભાવના અને મિત્રતાના ભાવ સાથે પરસ્પર અભિવાદન કરે છે.

એક સમય એવો હતો કે જયારે આપણાં દેશમાં બંને હાથ જોડીને નમસ્કાર કરવામાં આવતાં હતાં, તેનો અર્થ એવો થતો હતો કે હું મારા શરીરનાં પંચતત્ત્વો અને પાંચ મુખ્ય શક્તિઓની સાથે તમારું અભિવાદન કરું છું, નમસ્કારની વ્યાખ્યા બદલાઈ ને હવે માત્ર એક ખાલી ઔપચારિક્તા જ રહી ગઈ છે, આવી પરિસ્થિતિમાં શેકહેન્ડ કરવું જ યોગ્ય છે.

# ભારતીય પ્રોફેસર અનિમા આનંદકુમારનું AI જે ગૂગલ-એન્થ્રોપિકને પાછળ છોડે છે

**AI ની દિશા બદલતું ઇનોવેશન ડિજિટલ દુનિયાનો એક એવો ચમત્કાર બની ચૂક્યો છે જેને જોઈને દુનિયા આશ્ચર્યચકિત છે. આ એક એવો ચમત્કાર ભારતીય મૂળના આઇટી એન્જિનિયરે કર્યો છે જેને કારણે વિશ્વની સૌથી મોટી કંપનીઓ પણ પાછળ રહી ગઈ છે**

**આસપાસ ચોપાસ** સુરેશ ભટ્ટ

છેલ્લા ત્રણ વર્ષથી આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સની દુનિયા ભાષા પર કેન્દ્રિત રહી છે. ChatGPT, Gemini અને Claude જેવા મોડલ્સ કરોડો શબ્દો વાંચીને આગળ કયો શબ્દ આવશે તે શીખે છે. પણ હવે આ વ્યાખ્યા બદલાઈ રહી છે. મૂળ મૈસૂરના અને હાલમાં કેલિફોર્નિયા ઈન્સ્ટિટ્યૂટ ઓફ ટેકનોલોજી (Caltech) માં કમ્પ્યુટિંગ અને મેથેમેટિકલ સાયન્સના પ્રોફેસર અનિમા આનંદકુમાર અને તેમના પતિ તથા AI ઈન્ફ્રાસ્ટ્રક્ચર એન્જિનિયર બેનેડિક્ટ જેનિકે એક એવું AI બનાવ્યું છે જે ભાષા નહીં, પણ પ્રકૃતિને સમજે છે.

૨૫ ઓગસ્ટ ૨૦૨૬ ના રોજ સેન ફ્રાન્સિસ્કોમાં તેમની કંપની 'એક્સેલરેટેડ અન્ડરસ્ટેન્ડિંગ ઈન્ક' (Accelerated Understanding Inc) એ પોતાનું પહેલું મોડલ લોન્ચ કર્યું. કંપનીના દાવા મુજબ, ટેસ્ટિંગ દરમિયાન આ મોડલે એક જ પ્રોમ્પ્ટમાં ૫ ટ્રિલિયન એટલે કે ૫ લાખ કરોડ ડેટા પોઈન્ટ્સ હેન્ડલ કર્યા છે. આ આંકડો ગૂગલ અને એન્થ્રોપિકના ફ્લેગશિપ મોડલ્સની સામાન્ય કોન્ટેક્સ્ટ ક્ષમતા કરતાં લગભગ ૫૦ લાખ ગણો વધારે છે. સરળ શબ્દોમાં કહીએ તો, ટોલ્સટોયની 'War and Peace' નવલકથા એક વાર નહીં, પણ ૫૦ લાખ વાર એક સાથે વાંચવા જેટલી માહિતી એક જ વારમાં પ્રોસેસ કરવાની ક્ષમતા.

આ મોડલ અલગ કેમ છે? ટ્રાન્સફોર્મર નહીં, ન્યુરલ ઓપરેટર છે.

આજના લગભગ તમામ મોટા લેન્ગવેજ મોડલ્સ ગૂગલે શોધેલા ટ્રાન્સફોર્મર આર્કિટેક્ચર પર બને છે - ChatGPT માં '' નો અર્થ જ ટ્રાન્સફોર્મર છે. અનિમાની ટીમે આ રસ્તો છોડી દીધો છે.

તેમનું મોડલ અનિમા વર્ષો પહેલા જેના પર પાયોનિયર કામ કર્યું હતું તે 'ન્યુરલ ઓપરેટર્સ' (Neural Operatros) ટેકનોલોજી પર આધારિત છે. જ્યારે લેન્ગવેજ મોડલ શબ્દોની પેટર્ન શીખે છે, ત્યારે આ મોડલ ભૌતિક નિયમોની પેટર્ન શીખે છે. તે સમય અને અવકાશમાં ભૌતિક ઘટનાઓ કેવી રીતે બદલાય છે તેનું અનુમાન લગાવે છે.


અનિમા પોતે કહે છે, "ભાષા-કેન્દ્રિત દૃષ્ટિકોણ માણસને કેન્દ્રમાં રાખે છે. ફિઝિક્સને કેન્દ્રમાં રાખવું એ પ્રકૃતિ-કેન્દ્રિત દૃષ્ટિકોણ છે."આ વિચાર હાલમાં AI ની આગલી મોટી રેસ છે. Yann LeCun અને Fei-Fei Li જેવા દિગ્ગજો પણ 'વર્લ્ડ મોડલ્સ' પર કામ કરી રહ્યા છે જે દુનિયાની ભૌતિક વાસ્તવિકતાને ટેક્સ્ટ કરતાં વધુ સારી રીતે સમજે. અનિમાનો દાવો છે કે આંખે ન દેખાતી ભૌતિક ઘટનાઓને પણ પ્રિડિક્ટ કરી શકે તેવું જનરલ ન્યુરલ ઓપરેટર જ સાચો રસ્તો છે.

ક્યાં કામ લાગશે આ ટેકનોલોજી? તે જાણવું જરૂરી છે.કંપની શરૂઆતમાં કન્ઝ્યુમર પ્રોડક્ટ નહીં, પણ એન્ટરપ્રાઈઝ ડીલ્સ પર ફોકસ કરી રહી છે. તેના મુખ્ય ઉપયોગો આ છે:

ચિપ મેન્યુફેક્ચરિંગઃ આજે ચિપ ડિઝાઇનમાં AI કોડ લખવા માટે વપરાય છે, પણ અનિમાનું મોડલ ચિપના મટિરિયલ અને તાપમાનનું ભૌતિક વર્તન સીધું સમજીને લેબમાં વારંવારના પ્રયોગો વગર પરફોર્મન્સ ઓપ્ટિમાઈઝ કરી શકે છે.

હવામાન અને ક્લાઈમેટઃ ન્યુરલ ઓપરેટર્સથી હવામાનની આગાહી પહેલેથી જ ઝડપી અને સચોટ બની છે. આ નવું મોડલ extreme weather ની આગાહી વધુ સારી રીતે કરી શકશે.

રોબોટિક્સ અને એનર્જીઃ રોબોટને ભૌતિક દુનિયા સમજાવવી અને એનર્જી કંપનીઓ માટે જમીનના ઊંડાણના જિયોલોજિકલ ડેટાનું વિશ્લેષણ કરવું. કંપનીનું વિઝન છે કે દરેક અલગ ભૌતિક સમસ્યા માટે અલગ ગાણિતિક મોડલ બનાવવાને બદલે એક જ AI દરેક ફિઝિક્સના પ્રશ્નનો જવાબ આપે.આ વ્યક્તિએ બેઝોસની અબજો ડોલરની ઓફર ઠુકરાવીને પોતાનો રસ્તો લીધો અને ચમત્કાર કર્યો.આ સફળતા પાછળ એક રસપ્રદ કથા છે. ૨૦૨૪ ના અંતમાં લોસ એન્જલસની એક હાઈ-એન્ડ રેસ્ટોરન્ટમાં જેફ બેઝોસના સમર્થનથી બનનારા 'પ્રોજેક્ટ પ્રોમિથિયસ' ના કો-ફાઉન્ડર વિક બજાજે અનિમા અને બેનેડિક્ટ સાથે ડિનર મીટિંગ કરી હતી.ત્યારબાદ તેમને 'પ્રોજેક્ટ પ્રોમિથિયસ' નું ઓફર લેટર મળ્યું હતું. Reuters એ જોયેલા દસ્તાવેજો મુજબ, ઓફરમાં અનિમાને કંપનીનો પબ્લિક ચહેરો, બોર્ડ મેમ્બર અને સાયન્ટિફિક વિઝનની માલિક બનાવવાની વાત હતી. બંનેને કંપનીમાં ૩૫% હિસ્સો અને સંયુક્ત રીતે ઈ૧ મિલિયનની વાર્ષિક સેલેરી જે ત્રણ મહિનામાં બમણી થઈને ઈ૨ મિલિયન થઈ જાય, સાથે Series B સુધી ઈ૨ બિલિયનથી વધુના ફંડિંગની ખાતરી આપવામાં આવી હતી.




અનિમા અને બેનેડિક્ટે આ ઓફર ન સ્વીકારી અને એકલા પોતાની કંપની બનાવવાનું ચાલુ રાખ્યું. બીજી તરફ, બેઝોસ અને બજાજે જૂન ૨૦૨૬ માં પ્રોમિથિયસ માટે ઈ૧૨ બિલિયનની Series B રેઈઝ કરી, જેનો ઉદ્દેશ્ય જટિલ ભૌતિક સિસ્ટમ્સના મેન્યુફેક્ચરિંગને ઓટોમેટ કરવાનો છે.Nvidia થી શરૂઆત કરી હતી.અનિમા અગાઉ Amazon માં સાયન્ટિસ્ટ તરીકે કામ કરી ચૂક્યા છે અને ૨૦૧૮ થી ૫ વર્ષ સુધી Nvidia માં ડિરેક્ટર હતા. Nvidia માં તેમણે બતાવ્યું હતું કે કેવી રીતે AI હવામાનની આગાહીને પરંપરાગત ગણતરીઓ જેટલી જ સચોટ પણ અનેક ગણી ઝડપી બનાવી શકે છે. આ કામ જોઈને Nvidia ના CEO જેન્સન હુઆંગ એટલા પ્રભાવિત થયા હતા કે તેમણે ૨૦૨૧ ની એક કોન્ફરન્સમાં અનિમાનું કામ રજૂ કર્યું હતું.અનિમાના કહેવા મુજબ, જ્યારે તેમણે મજાકમાં કહ્યું કે AI ફિઝિક્સ થિયોરિસ્ટ્સનું લંચ ખાઈ જશે, ત્યારે હુઆંગે કહ્યું હતું, "હું ઈચ્છું છું કે તે તેમના બધા જ લંચ ખાઈ જાય."આજે એ જ વિચાર ૫ ટ્રિલિયન ડેટા પોઈન્ટ્સ સુધી પહોંચ્યો છે. આ માત્ર એક ભારતીય વૈજ્ઞાનિકની વ્યક્તિગત સિદ્ધિ નથી, પણ AI ની દુનિયામાં ભાષા પછીના યુગ - ભૌતિકશાસ્ત્રના યુગની શરૂઆતનો સંકેત છે.

## દીપિકા પાદુકોણ અને રણબીરસિંહની તસવીરે ૧૩ વર્ષ બાદ ફરી ચર્ચા જગાવી

મુંબઈ,

બોલિવૂડની અમુક ફિલ્મો એવી હોય છે જેની અસર લાંબા સમય સુધી ફેન્સના દિલ-દિમાગ પર રહે છે. આવી ફિલ્મ ગમે ત્યારે જોવી ગમે છે અને તેના કેટલાક સીનને યાદ કરવાની પણ અલગ મજા હોય છે. આવી જ એક ફિલ્મ છે 'યે જવાની હૈ દિવાની', ફિલ્મ રિલીઝ થઈ તેને ૧૩ વર્ષ થઈ ગયા છે. હજુ પણ ફિલ્મ એક આખા વર્ગની ફેવરીટ ફિલ્મ છે. ફિલ્મના કેટલાક પાત્રો ફેન્સના દિલમાં કાયમ માટે વસી ગયા છે. ફિલ્મના અનેક એવા સીન શાનદાર અને રસપ્રદ છે પણ એક સીન એવો પણ છે જે એકેડમી એવોર્ડ્સનો પણ ફેવરીટ છે.



ફિલ્મનિર્માતા અયાન મુખર્જીના ડાયરેક્શનમાં તૈયાર થયેલી ફિલ્મ 'યે જવાની હૈ દિવાની'ના એક સીનને એકેડમી તરફથી અચાનક પ્રશંસા મળી રહી છે.આ એ સીન છે જ્યારે દીપિકા પાદુકોણ એટલે કે નૈના અને બની (રણબીર કપૂર) એક કિલ્લા પર બેઠા છે. નૈના, બનીને ઝિંદગી સાથે જોડાયેલો એક ખાસ અને જરૂરી મેસેજ આપે છે. ધ એકેડેમીના ઓફિશિયલ સોશિયલ મીડિયા હેન્ડલે ફિલ્મના એક આઈકોનિક સીનનો વીડિયો શૅર કર્યો છે, આ પછી ફરીવાર આ ફિલ્મના પાત્ર અંગે ચર્ચા શરૂ થઈ છે.

સીનમાં નૈના અને બની ચિત્તોડગઢના કિલ્લા પર બેઠા છે. વીડિયોના કેપ્શનમાં લખ્યું છે કે, નૈના તરફથી એક રીમાઈન્ડર, 'જો આપકે ઠીક સામને હૈ ઉસકા આનંદ લે' વીડિયોમાં નૈના અને બની કિલ્લા પર બેસીને સનસેટનો આનંદ લઈ રહ્યા છે. એ સમયે બની કહે છે કે, ઔર અગર હમે બાદ મે પતા ચલા કી વો લાઈન્ટ એન્ડ સાઉન્ડ શૉ,સોલિડ ડાન્સ શૉ નિકલા તો?

આનો રીપ્લાય આપતા નૈના કહે છે કે, વો તો હોગા હી ધાંસુ,....લેકીન અગર હમ ચલે ગયે તો યે સોલિડ સનસેટ મિસ હો જાયેગા ન? કિતના ભી કર લો બની, લાઈફ મેં કુછ ન કુછ તો છૂટેગા હી. તો જહાં હૈ વહીં કા મઝા લેતે હૈ ન. જેવો આ વીડિયો સોશિયલ મીડિયા પર શૅર કરવામાં આવ્યો ફેન્સ પણ રીએક્ટ કર્યા વગર રહી ન શકયા,એક સોશિયલ મીડિયા યુઝરે કોમેન્ટ કરતા લખ્યું હતું કે, આ તો મારો પણ ફેવરીટ સીન છે. એક યુઝરે લખ્યું કે, આ કોઈ ડાયલોગ નથી, ઝિંદગીનો એક ઊંડો અર્થ છે, જેને હંમેશા યાદ રાખવામાં આવે. એક યુઝરે લખ્યું કે, શું હું ખરેખર સપનું તો જોઈ નથી રહ્યો ને? એકેડમી એવોર્ડ્સે આ શૅર કર્યું છે.

## યશની ટોક્સિક ફિલ્મમાં ચમક્યા બાદ કિયારા અડવાણી વધુ એક મોટા પ્રોજેક્ટમાં જોવા મળશે

મુંબઈ,

બોલિવૂડ અભિનેત્રી કિયારા અડવાણી ફરી એકવાર ચર્ચામાં આવી છે. યશની ફિલ્મ ટોક્સિકમાં મહત્વની ભૂમિકા ભજવ્યા બાદ હવે કિયારાને વધુ એક મોટા પ્રોજેક્ટ સાથે જોડવામાં આવી હોવાના અહેવાલો સામે આવ્યા છે.આ પ્રોજેક્ટને લઈ હજુ સુધી એક્ટ્રેસ તરફથી ખાસ કોઈ વિગત જાણવા મળી નથી. ચર્ચા એવી છે કે, આ પ્રોજેક્ટ સાથે ક્નેક્ટ થશે તો ફરી એકવાર એની ઈમોશન ફીલિંગ્સ સ્ક્રિન પર જોવા મળશે.



કિયારા અડવાણીને ૨૦૧૯માં આવેલી ફિલ્મ કી એન્ડ કા ની સિક્વલ માટે સંપર્ક કરવામાં આવ્યો હોવાનું કહેવાય છે, જોકે આ અંગે હજુ સુધી મેકર્સ અથવા કિયારા તરફથી કોઈ સત્તાવાર જાહેરાત કરવામાં આવી નથી. ફિલ્મમાં અર્જુન કપૂર અને કરીના કપૂરે મુખ્ય ભૂમિકા ભજવી હતી. ફિલ્મની સ્ટોરી પરંપરાગત પતિ-પત્નીની ભૂમિકાઓથી અલગ વિચાર રજૂ કરતી હતી. પતિ ઘરના કામમાં પણ કેટલી સરળતાથી શિફ્ટ થઈ શકે છે અને એક કોર્પોરેટ વર્લ્ડમાં સ્ત્રી પણ એક પદ સુધી પહોંચી શકે છે એની સ્ટોરી આ ફિલ્મમાં બતાવવામાં આવે છે. ફિલ્મમાં અર્જુન કપૂરનું પાત્ર ઘર સંભાળવાનું પસંદ કરે છે, જ્યારે કરીના કપૂરનું પાત્ર કારકિર્દી પર ધ્યાન કેન્દ્રિત કરે છે.

ફિલ્મનો મુખ્ય વિચાર એ હતો કે લગ્નજીવનમાં પતિ અને પત્નીની ભૂમિકા સમાજની પરંપરાગત અપેક્ષાઓથી અલગ પણ હોઈ શકે છે. આ કારણે ફિલ્મે તે સમયે દર્શકોમાં ચર્ચા જગાવી હતી અને લિંગ આધારિત સામાજિક ભૂમિકાઓ અંગે સવાલો પણ ઉઠાવ્યા હતા. ફિલ્મમેકર્સ આર.બલ્કી કમબેક ધમાકેદાર રીતે કરી શકે છે. આ માટે તેમણે તૈયાર કરી લીધી હોવાનું પણ જાણવા મળી રહ્યું છે ખાસ કરીને ફિલ્મની સ્ક્રિપ્ટ પર પહેલા કામ થવાનું છે. હવે જોવાનું એ રહે છે કે, ફિલ્મની થીમ એ જ રહે છે કે, મેકર કોઈ બીજી વાર્તા લઈને આવે છે. શક્યતા એવી છે કે, આ જ વાર્તા સતત આગળ વધશે અને કિયારા સાથે બીજા પાત્રો પણ જોડાશે.

## ઈમરાન ખાન અંગે કોઈપણ પ્રકારનું નિવેદન ન આપવા પાકિસ્તાની ક્રિકેટરોને પીસીબીનું ફરમાન

કરાચી,

પાકિસ્તાનના ૧૯૯૨ની સાલના વર્લ્ડ કપ ૭૩ વર્ષીય ચૅમ્પિયન-કૅપ્ટન ઈમરાન ખાન હાલમાં તેમના દીકરાઓના ઈન્ટરવ્યૂ બાદ ફરી ખૂબ ચર્ચામાં છે અને ક્રિકેટ જગતમાં તેમની જ વાતો થઈ રહી છે એટલે સ્વાભાવિક છે કે ખુદ પાકિસ્તાનના ક્રિકેટરોમાં પણ તેમની જ ચર્ચા થાય, પરંતુ પાકિસ્તાન સરકારના તાબા હેઠળના પાકિસ્તાન ક્રિકેટ બોર્ડને એ જરાય પસંદ નથી અને એટલે જ તેમણે પોતાના ખેલાડીઓને ચેતવણી આપી દીધી છે કે તમારે ઈમરાન ખાન વિશે કંઈ જ બોલવું નહીં.

ઈમરાન ખાન ભ્રષ્ટાચારના આક્ષેપને પગલે જેલમાં બંધ છે. પાકિસ્તાનના ખેલાડીઓ હાલમાં ઈંગ્લૅન્ડમાં ટેસ્ટ-સિરીઝ રમે છે. શ્રેણી દરમ્યાન બ્રિટિશ પત્રકારોએ કેટલાક પાકિસ્તાની ખેલાડીઓને ઈન્ટરવ્યૂ દરમ્યાન ઈમરાન ખાન વિશે ટિપ્પણી કરવા તરફ પ્રેરિત કર્યા હતા. એ ઉપરાંત સિરીઝના બ્રૉડકાસ્ટર સ્કાય સ્પોર્ટ્સે ઈમરાન ખાનના બે પુત્ર સાથેનો ઈન્ટરવ્યૂ લૉર્ડ્સની બીજી ટેસ્ટના પ્રથમ દિવસે લંચના બ્રેક દરમ્યાન પ્રસારિત કર્યો હતો. પૅટ કમિન્સ સહિત વિશ્વભરના કુલ ૨૩ વર્તમાન અને ભૂતપૂર્વ કૅપ્ટનોએ જેલમાં ઈમરાન ખાનની સરખી કાળજી લેવાની પાકિસ્તાન સરકારને વિનંતી કરતો પત્ર લખ્યો છે. આ બાબતોને કારણે ઈમરાન ખાનનો મુદ્દો હાલમાં ખૂબ ચગ્યો છે.

પાકિસ્તાનના ખેલાડીઓએ સ્કાય સ્પોર્ટ્સ ચૅનલ પર પ્રસારિત થયેલો ઈમરાન ખાનના પુત્રો સુલેમાન અને કાસિમનો ઈન્ટરવ્યૂ જોયો કે નહીં? પાકિસ્તાન ક્રિકેટ બોર્ડે (ઈમરાનના પુત્રોના ઈન્ટરવ્યૂ સામેના વિરોધમાં) ટેસ્ટના બીજા દિવસે લંચ પછી ખેલાડીઓને મેદાન પર નહીં ઊતારવામાં આવે એવી પીસીબીની ધમકી વિશે તમે કંઈ જાણો છો, એવું પૂછાતાં પાકિસ્તાનની ટીમના હેડ-કોચ સરફરાઝ અહમદે બ્રિટિશ પત્રકારને કહ્યું, 'અમે બધા બપોરનું ભોજન કરી રહ્યા હતા એટલે એ ઈન્ટરવ્યૂ નથી જોયો.

## ભારતીય સ્પિનરોની ગેરશિસ્તથી સુનિલ ગાવસ્કર નારાજ : મોટો દંડ કરવા કર્યું સૂચન



નવી દિલ્હી,

ભારતીય બોલરોની મેદાન પર બોલિંગને લગતી એક પ્રકારની ગેરશિસ્તથી બૅટિંગ-લેજન્ડ સુનીલ ગાવસકર નારાજ છે અને તેમણે આવી ગેરશિસ્ત બદલ બોલરોને (ખાસ કરીને સ્પિનરોને) નાણાકીય દંડ કરવાનું તેમ જ ફરી ભૂલ થાય તો દંડ બમણો કરી દેવાનું સૂચન કર્યું છે.

ગાવસકર ઘણા દાયકાઓથી ક્રિકેટર તરીકે નિવૃત્ત છે, પરંતુ ભારતીય ક્રિકેટના વહીવટમાં આડકતરી રીતે તેમની ઘણી હાજરી રહી છે. તેઓ સમયાંતરે રાષ્ટ્રીય ક્રિકેટના તેમ જ આંતરરાષ્ટ્રીય ક્રિકેટના સુધારા માટે કોઈને કોઈ સૂચન કરતા હોય છે તેમ જ જો કોઈ ખેલાડીમાં કોઈ પ્રકારની ક્ષતિ દેખાય તો તેઓ કૉમેન્ટરી દરમ્યાન અથવા મીડિયા સાથેની મુલાકાત દરમ્યાન એ વિશે ટકોર કરતા હોય છે.

ઉતાવળે ઊંચા શૉટ મારીને વિકેટ ફેંકી દેવાની રિષભ પંતની આદત વિશે થોડા મહિના પહેલાં ગાવસકરે કૉમેન્ટરી દરમ્યાન 'સ્ટૂપિડ...સ્ટૂપિડ...સ્ટૂપિડ...'ની બૂમ સાથે જે ટકોર કરી હતી એની ઘણા દિવસ સુધી ક્રિકેટ જગતમાં ચર્ચા થઈ હતી.

આ વખતે ગાવસકરે ભારતના ટેસ્ટ સ્પિનરો (Spinners)ને નિશાન બનાવ્યા છે. તાજેતરમાં શ્રીલંકા ખાતેના પ્રવાસમાં ભારતે ૧-૦થી જીતેલી સિરીઝ દરમ્યાન ભારતીય સ્પિનરોએ ઘણા નો બૉલ ફેંક્યા હતા. સિરીઝ દરમ્યાન ઓવરસ્ટેપિંગ નો બૉલની સમસ્યા ભારતીય ટીમને ખૂબ નડી હતી. એ બાબતને ધ્યાનમાં લઈને ગાવસકરે કેટલાક તાકીદના પગલાં સૂચવ્યા છે.

એક જાણીતા અંગ્રેજી દૈનિકની કૉલમમાં ગાવસકરનું કહેવું છે કે 'હવે તો રન-અપ માપવા માટે મેઝર ટેપથી માંડીને આધુનિક સાધનો અને યંત્રો સુધીની સુવિધા ઉપલબ્ધ હોય છે એ જોતાં બોલર જો બૉલ ફેંકતી વખતે ક્રીઝ પરની લાઈન વારંવાર પાર કરી જાય એ વિશે તેમનું કોઈ બહાનું ચાલે જ નહીં.

નો બૉલ ન પડી જાય એવો અંકુશ ખુદ બોલરના પોતાનામાં જ હોવો જોઈએ. ભારતીય બોલરો વારંવાર નો બૉલ ફેંકે છે એ મુદ્દો હાલમાં ચર્ચાસ્પદ થયો છે. નો બૉલને લીધે મૅચમાં બાજી પલટાઈ શકે છે એટલે આ ક્ષતિ તત્કાળ દૂર કરવી રહી.'

ભારતના સ્પિન-બોલિંગ કોચે તાજેતરમાં મજાકમાં સૂચવ્યું હતું કે 'ટેસ્ટ-ક્રિકેટમાં પણ જો ફ્રી-હિટ શરૂ કરવામાં નો બૉલની સંખ્યા ઘટાડવામાં ઘણી મદદ મળશે.' જોકે ગાવસકરે આ દરખાસ્ત દૃઢપણે નકારી દેતાં એવી દલીલ કરી કે 'અન્ય નિયંત્રણો દરમ્યાન સિનારિયો જ્યારે બૅટિંગની તરફેણમાં હશે ત્યારે નિયમમાં આવા ફેરફારથી બૅટ્સમેનો માટે રન કરવા વધુ આસાન થઈ જશે.

## ટીમ ઈન્ડિયાના કોચ ગૌતમ ગંભીરની દીકરી બની ફિટ ઈન્ડિયા એમ્બેસેડર : ગંભીર થયો ભાવુક

નવી દિલ્હી,

ટીમ ઈન્ડિયાના કોચ ગૌતમ ગંભીરની દીકરીએ સ્પોર્ટ્સ ક્ષેત્રે એક મોટી સફળતા મેળવી છે. નાની ઉંમરમાં એક પદ સુધી પહોંચીને તેણે સાબિત કર્યું છે કે, પિતા તરફથી સ્પોર્ટ્સના સંસ્કાર વારસામાં મળ્યા છે. નવી દિલ્હીના જવાહરલાલ નહેરૂ સ્ટેડિયમમાં આયોજિત સંડેઝ ઓન સાયકલની ૮૮મી એડિશનમાં એક ખાસ ક્ષણ જોવા મળી હતી. ટીમ ઈન્ડિયાના કોચ ગૌતમ ગંભીરની દીકરી આજીન ફિટ ઈન્ડિયાની એમ્બેસેડર બની છે. ફિટ ઈન્ડિયાની



એમ્બેસેડર તરીકે એનું સન્માન કરવમાં આવ્યું હતું.

કેન્દ્રીય મંત્રી મનસુખ માંડવિયાએ આજીનનું સન્માન કર્યું હતું. આ પ્રસંગે આજીનના પિતા અને ટીમ ઈન્ડિયાના કોચ ગૌતમ ગંભીર પણ હાજર રહ્યા હતા. આ ક્ષણે કોચ પણ ભાવુક થઈ ગયા હતા. ૧૨ વર્ષની આજીનને ફિટ ઈન્ડિયાના એમ્બેસેડર તરીકે સન્માન કરવા પાછળનો હેતુ યુવાવર્ગમાં ફિટનેસ અને એક્ટિવ જીવનશૈલીને વેગ આપવાનો છે. આજના યુવાનોની લાઈફસ્ટાઈલ સુધારવાનો છે. આને એક અભિયાનના રૂપમાં જોવામાં આવે છે. સંડેઝ ઓન સાયકલ જેવા આયોજન માટે લોકો સાયકલિંગ કરે અને નિયમિત રીતે શારીરિક પ્રવૃતિઓ કરે એ દિશામાં સમગ્ર અભિયાનને વેગ આપવાનો આશય છે.

## લિયોનેલ મેસ્સીએ આઠમી વખત મેચ દરમિયાન ચારથી વધુ ગોલ કર્યા

માયામી,

૨૦૨૨ ફિફા વર્લ્ડ કપના ચૅમ્પિયન-કૅપ્ટન અને ૨૦૨૬ વિશ્વ કપના રનર-અપ સુકાની લિયોનેલ મેસીએ એક મૅચમાં ચાર કે વધુ ગોલ કર્યા હોય એવી તેની કરીઅરની આઠમી અસાધારણ ઘટના શનિવારે અમેરિકાના માયામી શહેરમાં મેજર લીગ સૉકર (MLS)માં બની હતી જેમાં તેણે ઈન્ટર માયામી વતી સીએફ મૉન્ટ્રિયલ સામેની મૅચમાં ઉપરાઉપરી ચાર ગોલ કર્યા હતા.



મેસીએ એમએલએસની એક મૅચમાં ચાર ગોલ કર્યા હોય એવું પહેલી જ વખત બન્યું છે. તેના આ ચાર ગોલની મદદથી માયામીએ મૉન્ટ્રિયલ સામે ૭-૧થી વિજય મેળવ્યો હતો. ઈન્ટર માયામીએ એક મૅચમાં સાત ગોલ કર્યા હોય એવું પણ પ્રથમ વખત બન્યું છે. આ સાત ગોલમાંથી એક ગોલ એવો હતો જેમાં મેસીએ ગોલ કરવામાં સાથી ખેલાડી લુઈસ સુઆરેઝને મદદ કરી હતી. મેસીએ ચારમાંથી ત્રણ ગોલ ૪૫ મિનિટના બીજા હાફમાં કર્યા હતા. મેસીએ માયામીની ટીમ વતી એક મૉચમાં ચાર ગોલ કર્યા હોય એવું પણ પહેલી જ વખત બન્યું છે.

## શબ્દ શોધો

| | | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| લ | ચ | ગ | એ | જ | અ | ગ | ર | ગ | ગુ | ડ | ર |
| ક | ક | તી | એ | સા | આ | બા | ઝ | મા | મ | સ | ગ |
| બિ | ચા | વા | ભા | ફ | શ | લ | ન | રી | ગ | બ | ર |
| શ | ર | તી | કા | એ | સા | ચ | મ | ચી | કા | ર | ર |
| જી | આ | કા | ધ | જ્ઞા | ધ | ઇ | સ | બ | ણા | વા | ર |
| મા | વા | પ્ર | સ | ક | ન | સા | ઇ | ક્રો | બૂ | વ | ળ |
| ગુ | લા | મ | મા | બા | તા | ગુ | મ | ના | મ | ખ | લી |
| ર | પ્રા | ધ | ધ | મા | પ | ભો | ડ | કા | ગ | વા | રી |
| ર | કી | બા | બં | ત | સ | હિ | મ | પ્રા | ક | રા | બં |
| ક | ક | કા | શ | મા | બા | ભો | રો | હિ | બિ | ણે | દા |
| ઇ | કી | દા | ણા | લ | વા | ચા | લા | બં | ર | ત | વા |
| બા | લ | સા | લ | સ | ત | ભ | ડી | ક | ગ | ક | દ |

શબ્દ શોધો

ગઝલ, ગુમનામ, ગુમાન, ગુલામ, ચકચાર, ચમચી, જ્ઞાન, ડમરી, ડમરો, તાપસ

## શ્રીલંકા પ્રવાસ પૂરો થતાં બીસીસીઆઈ સક્રિય, ટીમ ઈન્ડિયાના ખેલાડીઓ ફિટનેસ ટેસ્ટ માટે બેંગલુરુ પહોંચ્યા

બેંગ્લુરૂ,

ભારતે બે મેચની ટેસ્ટ શ્રેણીમાં શ્રીલંકાને ૧-૦થી હરાવ્યું. ગેલમાં રમાયેલી શ્રેણીની પહેલી મેચમાં, ટીમ ઈન્ડિયાએ શ્રીલંકાને ૧૬૫ રનથી હરાવ્યું. કોલંબોમાં રમાયેલી બીજી ટેસ્ટ ડ્રો રહી. શ્રીલંકા શ્રેણીના માત્ર બે દિવસમાં, કેન્દ્રીય કરારબદ્ધ ખેલાડીઓ સીધા બેંગલુરુના સેન્ટર ઓફ એક્સેલન્સ પહોંચ્યા. મેદાન પર સતત પ્રયાસો છતાં, ખેલાડીઓએ તાત્કાલિક તેમના ફિટનેસ ટેસ્ટ કરાવ્યા. આગામી આઠ મહિના દરમિયાન ટીમનું શેડ્યૂલ ખૂબ જ વ્યસ્ત રહેવાની ધારણા છે, જે આવતા વર્ષે ૨૦૨૭ આઈપીએલ સુધી લંબાશે.



શ્રીલંકા સામે તાજેતરમાં પૂર્ણ થયેલી ટેસ્ટ શ્રેણીમાં તેમની તીવ્ર તાલીમ છતાં, ટીમ ઈન્ડિયાના સ્ટાર ખેલાડીઓને આરામ મળ્યો નથી. રવિન્દ્ર જાડેજા, ઋષભ પંત અને યશસ્વી જયસ્વાલ જેવા ટેસ્ટ નિયમિત ખેલાડીઓ, શ્રેયસ ઐયર, રિંકુ સિંહ, સંજુ સેમસન અને રુતુરાજ ગાયકવાડ જેવા ખેલાડીઓ સાથે, નવી સીઝનની શરૂઆત પહેલા બેંગલુરુ પહોંચ્યા. શ્રીલંકા શ્રેણી દરમિયાન થાક અને મેદાન પર સતત દિવસો હોવા છતાં, આ બધા ક્રિકેટરોએ તેમની ફિટનેસ સાબિત કરવા માટે ઋઝૈં ની ફિટનેસ ડ્રીલમાં સક્રિયપણે ભાગ લીધો હતો.

ભારતીય ક્રિકેટ ટીમમાં રહેવા માટે, ખેલાડીઓએ ઘણા કડક ફિટનેસ ધોરણોને પૂર્ણ કરવા પડશે. પહેલી કસોટી "બ્રોન્કો ટેસ્ટ" છે, જેમાં ખેલાડીઓએ ૫ મિનિટ અને ૩૦ સેકન્ડની અંદર અલગ અલગ અંતરે આશરે ૧૨૦૦ મીટર દોડવાનું હોય છે, જે તેમની ગતિ અને સહનશક્તિ માપે છે.

## શ્રીલંકાની મહિલા ટીમે એશિયા કપમાં રેકોર્ડ બ્રેક વિજય મેળવ્યો, ૭.૫ ઓવરમાં લક્ષ્ય હાંસલ કર્યું

દુબઈ,

મહિલા એશિયા કપ ૨૦૨૬ ની બીજી મેચ દુબઈ ઈન્ટરનેશનલ સ્ટેડિયમ ખાતે શ્રીલંકા અને યુએઈ વચ્ચે રમાઈ હતી. આ મેચમાં, શ્રીલંકાએ યુએઈ ને ૯ વિકેટથી હરાવીને ટી ૨૦ ઈતિહાસમાં પોતાનો સૌથી મોટો વિજય નોંધાવ્યો. પ્રથમ બેટિંગ કરતા,યુએઈ ટીમ ૧૯.૫ ઓવરમાં ૭૯ રનમાં ઓલઆઉટ થઈ ગઈ. જવાબમાં, શ્રીલંકાની મહિલા ટીમે ૭.૫ ઓવરમાં ૯ વિકેટ અને ૭૩ બોલ બાકી રહેતા લક્ષ્ય હાંસલ કરી લીધું. બાકીના બોલના આધારે, આ ટી ૨૦ આંતરરાષ્ટ્રીય ક્રિકેટમાં શ્રીલંકાની સૌથી મોટી અને સૌથી પ્રભાવશાળી જીત છે.



ટોસ હારી પહેલા બેટિંગ કરવાનો નિર્ણય લેનારી યુએઈ ટીમની શરૂઆત ખૂબ જ ખરાબ રહી. તીર્થા સતીશ મેચના ચોથા બોલ પર એક પણ રન બનાવ્યા વિના આઉટ થઈ ગઈ, અને જ્યારે ટીમનો સ્કોર ૯ પર પહોંચ્યો, ત્યારે લાવણ્યા કેની (૩ રન) એ પણ પોતાની વિકેટ ગુમાવી દીધી. ત્યારબાદ કેપ્ટન ઈશા ઓઝા (૧૮ રન) અને હીના હોચચંદાની (૧૦ રન) એ સાવધાનીપૂર્વક રમી અને ત્રીજી વિકેટ માટે ૧૯ રન ઉમેર્યા. ત્યારબાદ રિનિતા રાજીથા (૧૫ રન) એ સમૈરા અને મેહુલ કુલકર્ણી (૩ રન) સાથે નાની ભાગીદારી કરી અને ટીમને ૫૦ રનથી વધુ રન બનાવ્યા. આ પ્રયાસો છતાં, સમગ્ર યુએઈ ટીમ ૧૯.૫ ઓવરમાં ફક્ત ૭૯ રનમાં ઓલઆઉટ થઈ ગઈ.

# રાજકોટમાં પી.જી.વી.સી.એલ. - જેટકોના રૂ. ૬૫.૧૪ કરોડના ખર્ચે નિર્મિત વિવિધ પ્રકલ્પોનું લોકાર્પણ કરતા ઊર્જા રાજ્યમંત્રી કૌશિકભાઈ વેકરિયા

## મહાનગરો અને નગરપાલિકા વિસ્તારોમાં વીજ વાયરોના નેટવર્ક અંડરગ્રાઉન્ડ કરવા સાથે આધુનિક શહેરી માળખું તૈયાર



રાજકોટ,

રાજકોટમાં આજે ઊર્જા રાજ્ય મંત્રી શ્રી કૌશિકભાઈ વેકરિયાની અધ્યક્ષતામાં પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમિટેડ તથા ગુજરાત એનર્જી ટ્રાન્સમિશન કોર્પોરેશન લિમિટેડના આશરે રૂ. ૬૫.૧૪ કરોડના ખર્ચે નિર્મિત વિવિધ વિકાસ પ્રકલ્પોનું લોકાર્પણ કરાયું હતું. જેમાં અંદાજે રૂ. ૨.૧૭ કરોડના ખર્ચે મોટા મવા પેટા વિભાગીય કચેરી, રૂ. ૨.૧૭ કરોડની બેડીનાકા પેટા વિભાગીય કચેરી, રૂ. ૨.૧૭ કરોડની માધાપર પેટા વિભાગીય કચેરી તેમજ રૂ. ૨૧.૩૦ કરોડના ૬૬ કે.વી. સ્માર્ટ સીટી - સી સબ સ્ટેશન, રૂ. ૨૩.૮૨ કરોડના ૬૬ કે.વી. સ્માર્ટ સીટી - બી સબ સ્ટેશન તેમજ રૂ. ૧૩.૫૧ કરોડના ૬૬ કે.વી. રાણપુર સબ સ્ટેશનનો સમાવેશ થાય છે.

આ પ્રસંગે કાયદો અને ન્યાયતંત્ર, ઊર્જા અને પેટ્રોકેમિકલ્સ, વૈધાનિક અને સંસદીય બાબતોના મંત્રી શ્રી કૌશિકભાઈ વેકરિયાએ જણાવ્યું હતું કે, મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલ અને નાયબ મુખ્યમંત્રી શ્રી હર્ષભાઈ સંઘવીના નેતૃત્વમાં ગુજરાત ઉર્જા ક્ષેત્રે અભૂતપૂર્વ પ્રગતિ કરી રહ્યું છે. આજે વીજ વિતરણ ક્ષેત્રે ક્રાંતિકારી સુધારા આવ્યા છે. તત્કાલીન મુખ્યમંત્રી તરીકે વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના દૂરંદેશી વિઝનને કારણે 'જ્યોતિગ્રામ યોજના' થકી સમગ્ર રાજ્યમાં ૨૪ કલાક નિરંતર વીજળી પહોંચાડવાનું ઐતિહાસિક કાર્ય શક્ય બન્યું છે.

તેમણે ઉમેર્યું હતું કે, રાજ્યમાં ઉર્જા માળખાને વધુ સુદ્રઢ બનાવવા માટે અંડરગ્રાઉન્ડ કેબલિંગ અને વાયરલેસ સીટીના પ્રોજેક્ટ્સ ઝડપથી આગળ વધી રહ્યા છે. મહાનગરો અને નગરપાલિકા વિસ્તારોમાં વીજ વાયરના નેટવર્કને ભૂગર્ભમાં ખસેડીને આધુનિક શહેરી માળખું તૈયાર કરવામાં આવી રહ્યું છે. તાજેતરમાં વરસાદ ખેંચાવાના સમયે ખેડૂતોની જરૂરિયાતને ધ્યાને રાખીને ૧૦ કલાક વીજળી પૂરી પાડવાનો નિર્ણય સરકારના ખેડૂતલક્ષી અભિગમની પ્રતીતિ કરાવે છે. આ તકે મંત્રીશ્રીએ કુદરતી આપદાઓ અને વાવાઝોડા જેવી વિપરીત પરિસ્થિતિઓમાં પણ જીવના જોખમે કામગીરી કરી, વીજ પુરવઠો પુનઃસ્થાપિત કરનારા વીજ સ્ટાફની કામગીરીને બિરદાવી હતી.

આ તકે સાંસદ શ્રી પરશોત્તમભાઈ રૂપાલાએ જણાવ્યું હતું કે, દેશમાં સૌ પ્રથમ વખત એગ્રીકલ્ચર ફીડર અને ડોમેસ્ટિક ફીડરને અલગ કરવાનું ઐતિહાસિક કામ ગુજરાત વીજ બોર્ડ દ્વારા કરવામાં આવ્યું હતું. આજે ગુજરાત ઊર્જા ક્ષેત્રે સરપ્લસ સ્ટેટ બન્યું છે, જેનો યશ ગુજરાત વિદ્યુત બોર્ડને જાય છે. વહીવટી કાર્યક્ષમતા વધારવા માટે ગુજરાત સરકાર દ્વારા વીજ બોર્ડનું વિભાજન કરીને જેટકો, પી.જી.વી.સી.એલ., ડી.જી.વી.સી.એલ. જેવી કંપનીઓની રચના કરવાનો પ્રગતિશીલ નિર્ણય લેવામાં આવ્યો હતો. ચોવીસ કલાક ઘર-ઘર સુધી વીજળી પહોંચાડવા માટે અથાક પ્રયાસો કરતા અને જોખમ ઉઠાવીને સતત કાર્યરત રહેતા વીજ નિગમના કર્મયોગીઓની કામગીરી સરાહનીય છે.

ઉલ્લેખનીય છે કે, મંત્રીશ્રીએ માધાપર અને બેડીનાકા સબ ડિવિઝન અને સ્માર્ટ સીટી બી અને સી સબ સ્ટેશનની મુલાકાત લઈને ઉદ્ઘાટન તેમજ રાણપુર સબ સ્ટેશનની ઈ-તક્તીનું ડિજિટલ લોકાર્પણ કર્યું હતું.

આ તકે પી.જી.વી.સી.એલ. મેનેજિંગ ડિરેક્ટર શ્રી એમ. ડી. ચુડાસમાએ શાબ્દિક સ્વાગત અને જેટકો સી.ઈ. શ્રી કે. એચ. રાઠોડે આભારવિધિ કરી હતી. ધારાસભ્ય શ્રી ડો. દર્શિતાબેન શાહ, અગ્રણીઓશ્રી વલ્લભભાઈ દુધાત્રા, શ્રી યોગેન્દ્રસિંહ જાડેજા, કોર્પોરેટરશ્રીઓ, અધિકારીશ્રીઓ, કર્મચારીશ્રીઓ ઉપસ્થિત રહ્યાં હતાં.

# રાજકોટમાં બાલાજી દાદાને 'ડ્રાયફ્રુટ અન્નકૂટ' ધરાવાયો: ધ્વજારોહણ કરાયું



રાજકોટ,

મહાપ્રતાપી બાલાજી હનુમાનજી મહારાજના દિવ્ય સાનિધ્યમાં (કરણસિંહજી હાઈસ્કૂલ, ભૂપેન્દ્ર રોડ) આજે શનિવારે ભક્તિ નો ત્રિવેણી સંગમ સર્જાયો છે. સવારે દિવ્ય શણગારની સાથે જ દાદાને આજે 'ડ્રાયફ્રુટ અન્નકૂટ' પણ ધરાવવામાં આવ્યો છે. ભાવિક ભક્તો દાદાના આ મનોરમ્ય ડ્રાયફ્રુટ અન્નકૂટના દર્શનનો દિવ્ય લાભ લઈ સાથે સાંજે ૦૫:૩૦ કલાકે ઢોલ-નગારાના સથવારે અને ભારે ઉત્સાહ સાથે વાજતે-ગાજતે દાદાના મંદિરના શિખર પર પવિત્ર ધ્વજા આરોહણ કરવામાં આવી હતી

ધ્વજારોહણની મંગલ વિધિ બાદ સાંજે ૭:૧૫ કલાકે સંધ્યા આરતી ઉતારવામાં આવિ ઉપરાંત રાત્રે ૯: થી ૧૧ વાગ્યા સુધી શ્રી બાલાજી હનુમાનજી મંદિરે ભવ્ય 'સુંદરકાંડના પાઠ' મંદિરના મહંત વિવેકસાગરદાસજી સ્વામી, સ્વામિનારાયણ મુખ્ય મંદિરના મહંત શાસ્ત્રી રાધારમણદાસજી સ્વામી અને કોઠારી મુનિવત્સલદાસજી સ્વામીના સાનિધ્યમાં પણ રાખવામાં આવ્યા હતા

# મંગળવારે રાજકોટમાં સરગમ કલબ દ્વારા દિવ્યાંગો માટે જયપુર ફૂટ કેમ્પ યોજાશે

રાજકોટ,

રાજકોટ સરગમ ક્લબ એને કલાવંતીબેન ભૂપતલાલ માઉં અને કમાણી ફાઉન્ડેશનનાં સયુંકત ઉપક્રમે તા.૧/૦૯/૨૦૨૬ મંગળવાર થી તા.૩/૦૯/જયપુર કેમ્પ યોજાશે. કેમ્પધનો લાભ લેવા ઈચ્છતા દર્દીઓએ પોતાના ફોટોવાળુ સરકાર માન્ય ઓળખપત્રા આધાર કાર્ડ અને ડોકટરનું વિકલાંગ સર્ટીફીકેટની ઝેરોક્ષ સાથે લાવવા યાદીમાં જણાવાયું છે.

આ કેમ્પમાં જરૂરતમંદોને વિનામૂલ્યે કૃત્રિમ પગ બેસાડવામાં આવે છે. આ કેમ્પનો લાભ લેવા ઈચ્છતા લોકોને તા. ૦૧/૦૯ મંગળવાર સવારે ૮ કલાકે સરગમ ભવન, જામટાવરરોડ, નવી કલેકટર કચેરીની બાજુમાં, રાજકોટ. ફોન નં.૦૨૮૧-૨૪૫૭૧૬૮ ખાતે ઉપરાંત જે લોકો અગાઉ સાધનો લઈ ગયા છે. અને તેઓને રીપેરીંગ કરાવવાનું હોઈ તેઓએ પણ ઉપસ્થિત રહેવું.

કલાવંતીબેન ભૂપતલાલ માઉં ના પરિવારજનો શીલાબેન શૈલેષભાઈ માઉં, પ્રિયાંશી હર્ષિલ માઉં, પ્રીતિબેન વિરેન્દ્રભાઈ શાહ, દેવાંશી, કાવ્યાના સહયોગથી આયોજીત આ કેમ્પને સફળ બનાવા સરગમ ક્લબના પ્રમુખ ગુણવંતભાઈ ડેલાવાળા તથા કમાણી ફાઉન્ડેશનનાં માર્ગદર્શન હેઠળ સરગમ સેવા કેન્દ્રના ચેરમેન અરવિદભાઈ પટેલ તથા શીલાબેન શૈલેષભાઈ માઉં, કમાણી ફાઉન્ડેશનના દીપકભાઈ કમાણી તેમજ રશ્મીભાઈ કમાણી જહેમત ઉઠાવી રહ્યા છે.

# રાજકોટમાં મંત્રી શ્રી કૌશિકભાઈ વેકરીયાએ પી.જી.વી.સી.એલ.ની માધાપર અને બેડીનાકા પેટા વિભાગીય કચેરીઓ લોકાર્પિત કરી






રાજકોટ

રાજકોટમાં પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમિટેડ (પી.જી.વી.સી.એલ.) તથા ગુજરાત એનર્જી ટ્રાન્સમિશન કોર્પોરેશન લિમિટેડ (જેટકો)ના વિવિધ વિકાસ પ્રકલ્પોનું લોકાર્પણ આજે રાજ્ય કક્ષાના મંત્રી શ્રી કૌશિકભાઈ વેકરિયાની અધ્યક્ષતામાં થઈ રહ્યું છે. જે પૈકી મંત્રીશ્રીએ માધાપર અને બેડીનાકા પી.જી.વી.સી.એલ. સબ ડિવિઝનનું રીબીન કટ કરીને ઉદ્ઘાટન કર્યું હતું. આ તકે મંત્રીશ્રીનું કુમકુમ તિલકથી પરંપરાગત સ્વાગત કરાયું હતું. મંત્રીશ્રીએ કચેરીઓની મુલાકાત લઈ, નિરીક્ષણ કરીને જરૂરી સૂચના આપી હતી. તેમજ પર્યાવરણ જતન અર્થે વૃક્ષારોપણ કર્યું હતું. આ અવસરે કચેરીઓને રંગોળી અને ફૂલોથી સુશોભિત કરી હતી. આ તકે ધારાસભ્યો શ્રી ઉદયભાઈ કાનગડ અને શ્રી ડો. દર્શિતાબેન શાહ, પી.જી.વી.સી.એલ. એમ.ડી. શ્રી એમ. ડી. ચુડાસમા સહિત અધિકારીઓ ઉપસ્થિત રહ્યાં હતાં.

# રાજકોટના રણછોડદાસબાપુ આશ્રમે વ્યાજબી ભાવે મીઠાઇનું વેચાણ



રાજકોટ,પ.પૂ. શ્રી રણછોડદાસબાપુ આશ્રમ (શ્રી સદ્દગુરૂ સદન ટ્રસ્ટ) રાજકોટ સંચાલિત શ્રી સદ્દગુરૂ સામગ્રી ભંડાર દ્વારા સાત-આઠમનાં પવિત્ર તહેવાર નિમિતે ઘરે લઇ જવા માટે તથા ભગવાનને ભોગ પ્રસાદ ધરાવવા માટે સ્વાદિષ્ટ મીઠાઈઓ દુધના પેંડા, ટોપરાપાક, થાબડી પેંડા, મોહનથાળ વિગેરેનું વેચાણ કરવામાં આવે છે. આ અંગે સંપર્ક માટે સવારે ૭ થી ૧, બપોરે ૪ થી ૯ પ.પૂ. શ્રી રણછોડદાસજીબાપુ આશ્રમ (શ્રી સદ્દગુરૂ સદન ટ્રસ્ટં) રાજકોટ સંચાલિત શ્રી સદ્દગુરૂ સામગ્રી ભંડાર મો. ૯૮૬૦૯ ૨૮૫૦૮/ ૯૫૮૬૩ ૦૮૧૭૮.

# રાજકોટની ઓસ્કાર સિટીમાં ફાયર સેફ્ટી અંગે તાલીમ યોજાઇ




રાજકોટ,

રાજકોટ મહાનગર પાલિકા ફાયર અને ઈમરજન્સી સર્વિસીઝ દ્વારા રાજકોટ શહેર વિસ્તારમાં આવેલ હાઈરાઈઝ બિલ્ડીંગમાં લગાવવામાં આવતી ફાયર સેફ્ટીના સાધનો જે બિલ્ડીંગમાં રહેતા લોકોને જાગળતી માટે ઓસ્કાર સિટી(રેસીડેન્સી) સાધુવાસવાણી રોડ, વિશ્વકર્માં સોસાયટી, ખાતે ફાયર સેફટીની મોકડ્રીલનું આયોજન કરવામા આવેલ, જેમાં અંદાજે ૧૫૦ રહેવાસીઓ જોડાયેલ.

આ મોકડ્રીલ દ્વારા બિલ્ડીંગમાં લગાવવામાં આવેલ ફાયર સીસ્ટમ અને ફાયર સેફટીના સાધનોને આગ લાગે ત્યારે કઇ રીતે ઉપયોગ કરવો, શું કરવું અને શું ન કરવું જોઈએ તેમજ આગ બુઝાવવા માટેની ફાયર સીસ્ટમ અને સાધનો તથા ફાયર એક્ષ્ટીંગ્યુસરનો ઉપયોગ કેવી રીતે કરવો, જાળવણી અને કઇ રીતે પોતાનો તથા અન્યનો બચાવ કરવો તે અંગે ફાયર એન્ડ ઈમરજન્સી, વિભાગના સ્ટેશન ઓફીસર સંજયભાઈ મકવાણા, લિડિંગ ફાયરમેન હરેશભાઈ નાકિયા, ફાયર ઓપરેટર કિશોરભાઈ વડેખણીયા, અવિનાશભાઈ માધડ, રૂતુરાજસિંહ જાડેજા, મહાવીરસિંહ ડાભી, સહિતના સ્ટાફ દ્વારા માહિતગાર કરવામાં આવ્યા હતા.

# "વિરાસતથી વિકાસ-૨૦૨૬": રાજકોટના લોકમેળામાં લુપ્ત થતી કઠપૂતળી કલાથી રેલાશે લોકશિક્ષણની સરવાણી

## લોકમેળામાં રાજકોટ પ્રાદેશિક માહિતી કચેરીના કઠપૂતળી કલાકારો જમાવશે અનોખો રંગ



રાજકોટ

રાજકોટના આંગણે તા. ૨ થી ૬ સપ્ટેમ્બર દરમિયાન યોજાઈ રહેલા ''વિરાસતથી વિકાસ-૨૦૨૬'' લોકમેળામાં મનોરંજનની સાથે લોકશિક્ષણ અને પ્રાચીન લોકકળાનો ત્રિવેણી સંગમ જોવા મળશે. પ્રાદેશિક માહિતી કચેરી, રાજકોટ દ્વારા લોકમેળા પરિસરમાં માહિતી ખાતાના પ્રદર્શન સ્ટોલ ખાતે પ્રાચીન અને પરંપરાગત કઠપૂતળી કલાના વિશેષ કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું છે.

### પરંપરાગત કલાના માધ્યમથી લોકજાગૃતિ

રાજ્ય સરકારના માહિતી ખાતામાં નોંધાયેલા અનુભવી કઠપૂતળી કલાકારો કલા પ્રદર્શિત કરશે. આ કાર્યક્રમનો ઉદ્દેશ્ય લુપ્ત થતી પ્રાચીન કઠપૂતળી કલાને જીવંત રાખવાની સાથે-સાથે સરળ અને મનોરંજક શૈલીમાં નાગરિકો સુધી સરકારશ્રીની વિવિધ કલ્યાણકારી યોજનાઓ તથા સામાજિક જાગૃતિના સંદેશાઓ પહોંચાડવાનો છે.

### દરરોજ યોજાશે બે વિશેષ કાર્યક્રમો

પ્રાદેશિક માહિતી કચેરી-રાજકોટના આયોજન મુજબ લોકમેળા દરમિયાન કલાકારો દ્વારા કઠપૂતળીના બે વિશેષ કાર્યક્રમો રજૂ કરવામાં આવશે. જે બાળકોથી લઈને મોટેરાઓ સુધીના તમામ લોકો માટે મનોરંજક અને માહિતીસભર બની રહેશે. માહિતી ખાતાના સ્ટોલ પર પરંપરાગત માધ્યમ એવા કઠપૂતળીના કલાકારો દ્વારા રજૂ થનારા કાર્યક્રમો લોકમેળાના ઉત્સાહમાં વધારો કરશે અને મુલાકાતીઓને પોતાની સંસ્કૃતિ તથા વિરાસત સાથે જોડશે.

# કણસાગરા કોલેજમાં 'નેશનલ સ્પોર્ટ્સ ડે'ની ઉત્સાહભેર ઉજવણી

રાજકોટ:

ખેલેગા ભારત, જીતેગા ભારત'ના સંદેશ સાથે શ્રીમતી કે. એસ. એન. કણસાગરા મહિલા કોલેજ, રાજકોટ ખાતે નેશનલ સ્પોર્ટ્સ ડેની ઉત્સાહભેર ઉજવણી કરવામાં આવી હતી. કાર્યક્રમનો મુખ્ય હેતુ વિદ્યાર્થીઓમાં રમતગમત પ્રત્યે રસ, શારીરિક તંદુરસ્તી, ટીમભાવના, શિસ્ત અને ખેલદિલીની ભાવના વિકસાવવાનો હતો.

નેશનલ સ્પોર્ટ્સ ડે નિમિત્તે કોલેજના વિદ્યાર્થીઓ માટે વિવિધ રમતગમત અને મનોરંજક સ્પર્ધાઓનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં ખાસ કરીને ખો- ખો, વોલીબોલ, દોડ, મ્યુઝિકલ ચેર સહિતની વિવિધ રમતો રમાડવામાં આવી હતી. વિદ્યાર્થીઓએ તમામ રમતોમાં ઉત્સાહપૂર્વક ભાગ લઈ પોતાની રમતગમતની પ્રતિભા દર્શાવી હતી. રમતગમતની વિવિધ પ્રવૃત્તિઓ દ્વારા વિદ્યાર્થીઓમાં ટીમવર્ક, ઝડપી નિર્ણયશક્તિ, આત્મવિશ્વાસ, શારીરિક સ્ફૂર્તિ અને રમતગમતની ભાવના વિકસે તેવો પ્રયાસ કરવામાં આવ્યો હતો. મ્યુઝિકલ ચેર જેવી મનોરંજક રમતો દ્વારા કાર્યક્રમમાં આનંદ અને ઉત્સાહનું વાતાવરણ સર્જાયું હતું.આ પ્રસંગે કોલેજના પ્રિન્સિપાલ ડૉ. સ્નેહલ પલાણ વિદ્યાર્થીઓને રમતગમતને જીવનનો અભિન્ન ભાગ બનાવવા તથા સ્વસ્થ જીવનશૈલી અપનાવવા પ્રેરણા આપી હતી. રમતગમત વિભાગના પ્રો. રાજેન્દ્ર સેજલીયાના માર્ગદર્શન હેઠળ સમગ્ર રમતોત્સવનું આયોજન કરવામાં આવ્યું હતું.

# રાજકોટમાં મચ્છુ યુવા ગ્રુપ દ્વારા જન્માષ્ટમી મહોત્સવનું આયોજન

રાજકોટ,મચ્છુ યુવા ગ્રુપ દ્વારા નાણાવટી સર્કલ ખાતે જન્માષ્ટમી મહોત્સવ નું ભવાયાતીભવ્ય આયોજન કરવામાં આવી રહ્યું છે અંદાજે ૫૦થી વધુ કાર્યકર્તાઓની ટીમ આ ઉત્સવની ઉજવણીમાં ભાવથી જોડાઈ ગઈ છે..

છેલ્લા દસ વર્ષથી આ યુવાનો દ્વારા જન્માષ્ટમી મહોત્સવનું સુંદર મજાનું ઉજવણીનું આયોજન કરવામાં આવી રહ્યું છે. દ્વારકાધીશ નગરી, કેદારનાથ ભગવાન મંદિર, ગોવર્ધન પર્વત ઊંચકી રહ્યા છે એવા શ્રી કૃષ્ણ ભગવાન, હિમાલય પર્વત, કૃષ્ણ ભગવાન ઝૂંપડી માં છે.

એવું સુંદર મજાનું આરોપણ, કૃષ્ણ ભગવાનનો હિંડોળો, કૃષ્ણ ભગવાનને સૌથી વધુ પ્રિય એવી ગૌમાતાઓનું આકર્ષણ આ દરેક સુશોભન નાણાવટી ચોકને ખૂબ જ સુંદર મજાનો બનાવે છે. જેનું છ૬ ૨ સપ્ટેમ્બર ના રોજ સાંજે ૬.૦૦ કલાકે ઉદ્ઘાટન કરવામાં આવશે.

# રાજકોટ મનપાના વર્ગ ૧ થી ૪ના અધિકારીઓ- કર્મચારીઓની બીમારીની સહાય સત્વરે મંજુર મ્યુ.કમિશનરને રજૂઆત

રાજકોટ,રાજકોટ મહાનગરપાલિકામાં વર્ગ ૧ થી ૪ માં ફરજ બજાવતા અધિકારીઓ/કર્મચારીઓએ બીમારી સબબ તબીબી સારવાર લીધેલ હોય, ખાસ કિસ્સામાં તબીબી સહાય સત્વરે મંજુર કરવા પછાતવર્ગ મ્યુનિસિપલ કર્મચારી મંડળ દ્વારા મ્યુ.કમિશનરને પત્ર લખી રજુઆત કરવામાં આવી છે.

પત્રમાં જણાવ્યા મુજબ રાજકોટ મહાનગરપાલિકામાં ફરજ બજાવતા વર્ગ ૧ થી ૪ ના અધિકારીઓ/કર્મચારીઓને બીમારી સબબ લીધેલ સારવાર માટે ગુજરાત સરકારશ્રીના તબીબી સારવારના નિયમો-૧૯૮૮ અને ગુજરાત સરકારશ્રીના તબીબી સારવારનાં નિયમો ૨૦૦૪ અન્વયે હાલ તબીબી સહાય ચુકવવામાં આવે છે.

આ અંગે રાજકોટ મહાનગરપાલિકાના અધિકારીઓ/કર્મચારીઓને આર્થિક તબીબી સહાય રૂ. એક લાખ સુધીની મર્યાદામાં રકમ ચૂકવવાની સ્થાયી સમિતિ મારફત ઠરાવ કરવામાં આવેલ હતો.

સ્થાયી સમિતિ ઠરાવ નં.૨૮૭ તા.૨૪ ઓગસ્ટ ૨૦૧૨ અનુસાર અધિકારીઓ/કર્મચારીઓએ બીમારી સબબ તબીબી સારવાર લીધેલ હોય, જેમાં સારવારનો ખર્ચ રૂ.૧ લાખથી વધુ હોય, જે અંગેની ફાઈલો જાન્યુઆરી-૨૦૨૬ થી પેન્ડીંગ છે.

વર્તમાન સમયમાં સારવારના વધતા જતા ખર્ચ અને મોંઘવારીના દરને ધ્યાને લઇ કર્મચારીઓને બીમારી સમયે આર્થિક રક્ષણ મળી રહે તે અંગે જરૂરી દરખાસ્ત કરી સ્થાયી સમિતિ મારફત ખાસ કિસ્સાની આર્થિક તબીબી સહાયની ફાઈલો મંજુર કરાવવા પત્રના અંતમાં જણાવાયુ છે.

# વિકસિત ભારત બનાવવા માટે ડ્રગ્સ મુક્ત બનીએ : પીએમ મોદી

## પીએમ મોદીએ માસિક રેડિયો કાર્યક્રમ 'મન કી બાત'નો ૧૩૭માં એપિસોડમાં નશા-મુક્ત યુવા' અભિયાનની પણ પ્રશંસા કરી



નવી દિલ્હી,

'વિકસિત' (વિકસિત) બનવા માટે ભારતને 'ડ્રગ્સ-મુક્ત' રહેવું જોઈએ તે વાતનો પુનરોચ્ચાર કરતા, વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ રવિવારે કહ્યું કે દેશના ભવિષ્યને બચાવવાનો સરકારનો સંકલ્પ છે. તેમણે સરકારના 'વિકસિત ભારત માટે નશા-મુક્ત યુવા' અભિયાનની પણ પ્રશંસા કરી અને કહ્યું કે મોટી સંખ્યામાં લોકો, ખાસ કરીને યુવાનો, તેમાં સક્રિયપણે ભાગ લઈ રહ્યા છે.

તેમના માસિક રેડિયો કાર્યક્રમ 'મન કી બાત' ના ૧૩૭મા એપિસોડ દ્વારા રાષ્ટ્રને સંબોધતા, વડા પ્રધાને કહ્યું કે સરકારનો ધ્યેય સ્પષ્ટ છેઃ ડ્રગ-મુક્ત યુવાનો અને ભારત. તેમણે સામગ્રી નિર્માતાઓને ડ્રગના વ્યસન સામે વિવિધ ભાષાઓમાં સંદેશ ફેલાવવા અને યુવાનોએ ડ્રગ્સથી દૂર કેમ રહેવું જોઈએ તે પણ વિનંતી કરી.

"ડ્રગનું વ્યસન આખા પરિવારો અને સમાજને ઘેરી લે છે," પીએમ મોદીએ કહ્યું, "હું એવા લોકોની પ્રશંસા કરવા માંગુ છું જેઓ ડ્રગ્સ સામે જાગૃતિ લાવે છે અને વ્યસન સામે સંઘર્ષ કરી રહેલા વ્યક્તિઓને મદદ કરવા આગળ વધે છે... શું તમે શક્તિશાળી સૂત્રો, ગીતો અને ટૂંકા નાટકો બનાવી શકો છો જે ડ્રગ્સના જોખમોને પ્રકાશિત કરે છે અને સાથે સાથે પુનઃપ્રાપ્તિનો માર્ગ પણ બતાવે છે?"

તેમણે એ પણ જણાવ્યું કે ઓગસ્ટ મહિનાએ ભારતીયોમાં દેશભક્તિની ભાવના કેવી રીતે જગાવી છે, કારણ કે આ મહિનામાં રાષ્ટ્રીય હાથવણાટ દિવસ, સ્વતંત્રતા દિવસ, રાષ્ટ્રીય અવકાશ દિવસ અને ભારત છોડો ચળવળ અને ભાગલાના ભયાનક સ્મૃતિ દિવસ જેવા પ્રસંગો આવે છે. ઓગસ્ટમાં દરેકના હૃદયમાં રાષ્ટ્ર પ્રત્યે પ્રેમની ભાવના તીવ્ર બને છે, એમ તેમણે કહ્યું.

વધુમાં, પીએમ મોદીએ કહ્યું કે 'હર ઘર તિરંગા' અભિયાને આ ભાવનાને મજબૂત બનાવી છે. "આ વર્ષ વધુ ખાસ બન્યું છે કારણ કે તે 'વંદે માતરમ' ની ૧૫૦મી વર્ષગાંઠ ઉજવે છે, અને ત્રિરંગાની આ ઉજવણી ફક્ત ભારત પૂરતી મર્યાદિત નહોતી; આ વર્ષે, 'સૂર્યપથ તિરંગા' પહેલ દ્વારા, આપણો ધ્વજ વિશ્વભરમાં એક અનોખી યાત્રા પર નીકળ્યો છે," તેમણે કહ્યું. તેમણે 'પીએમ સ્વનિધિ યોજના' વિશે પણ વાત કરી અને કહ્યું કે આ યોજનાએ દેશભરની ૩૫ લાખ મહિલાઓને તેમના વ્યવસાયનો વિસ્તાર કરવાની મંજૂરી આપી છે. તેમણે કહ્યું કે જ્યારે કોઈ મહિલાનો વ્યવસાય વધે છે, ત્યારે તેના સમગ્ર પરિવારનું ભવિષ્ય તેની સાથે આગળ વધે છે. પ્રધાનમંત્રીએ સ્વચ્છતાના મહત્વ પર પણ ભાર મૂક્યો અને કહ્યું કે દરેક વ્યક્તિએ આસપાસના વાતાવરણને સ્વચ્છ રાખવા માટે પ્રતિબદ્ધ રહેવું જોઈએ.

# ઈઝરાયલની ટીકા કરનારા ગેરબંધારણીય વિદ્યાર્થીઓને ટ્રમ્પ દેશનિકાલ કરી શકે નહીં

## યુએસ સરકાર ગાઝામાં ઈઝરાયલના યુદ્ધના ટીકાકારો અને અન્ય લોકોને ગેરબંધારણીય રીતે ચૂપ કરી રહીં હોવાનો કોર્ટનો નિર્દેશ

વોશિંગ્ટન,સેન જોસ,

પ્રથમ સુધારાના મહત્વનો ઉલ્લેખ કરતા, કેલિફોર્નિયાના એક ફેડરલ ન્યાયાધીશે કહ્યું કે યુએસ સરકાર ગાઝામાં ઈઝરાયલના યુદ્ધના ટીકાકારો અને અન્ય લોકોને ગેરબંધારણીય રીતે ચૂપ કરી રહી છે, જે ટ્રમ્પ વહીવટીતંત્રના બિન-નાગરિકોને દેશનિકાલ કરવાના પ્રયાસના ભાગ રૂપે છે, જેમના મંતવ્યો વ્યક્ત કરતી વખતે કોલેજ કેમ્પસમાં વિક્ષેપ પડ્યો હતો.

જજ નોએલ વાઈસે શુક્રવારે આપેલા ચુકાદામાં સ્ટેનફોર્ડ યુનિવર્સિટીના વિદ્યાર્થી અખબાર માટે વિજય મેળવ્યો, જેમાં કહેવામાં આવ્યું છે કે કેટલાક આંતરરાષ્ટ્રીય વિદ્યાર્થીઓ દેશનિકાલના ભયને કારણે બોલવામાં ડરતા હતા.

આ નિર્ણય મોટે ભાગે બોસ્ટનમાં એક યુએસ ડિસ્ટ્રિક્ટ જજ દ્વારા લગભગ એક વર્ષ પહેલા આપવામાં આવેલા તારણો પર આધારિત છે, જેમણે ચુકાદો આપ્યો હતો કે ટ્રમ્પ વહીવટીતંત્રે બંધારણનું ઉલ્લંઘન કર્યું છે જ્યારે તે એવા લોકોને લક્ષ્ય બનાવે છે જેઓ નાગરિક નથી, ફક્ત પેલેસ્ટિનિયનોને ટેકો આપવા અને ઈઝરાયલની ટીકા કરવા બદલ દેશનિકાલ માટે.

વાઈસે લખ્યું હતું કે વાણી અને પ્રેસની સ્વતંત્રતા "અમેરિકાના કાયમી લોકશાહી માટે પાયારૂપ છે." ન્યાયાધીશે દેશનિકાલ અંગે ફેડરલ સરકાર જે જોગવાઈઓનું પાલન કરે છે તેના કેટલાક ભાગોને ફગાવી દીધા હતા, કારણ કે તેમણે પ્રથમ સુધારા અને પાંચમા સુધારાનું ઉલ્લંઘન કરતી વાણી-સ્વતંત્રતા અને અસ્પષ્ટતા ખામીઓનો ઉલ્લેખ કર્યો હતો. વાઈસે માર્ચ ૨૦૨૫ માં યુએસ ઈમિગ્રેશન અધિકારીઓ દ્વારા પેલેસ્ટિનિયનોને ટેકો આપતા ભાષણ કરનારા અને ઈઝરાયલના પગલાં વિરુદ્ધ બદલો લેવાનો ઉલ્લેખ કર્યો હતો.

# કર્ણાટક : વેટરનરી પરીક્ષા કેસમાં IAS અધિકારી જ્ઞાનેન્દ્ર કુમાર ગંગવારની અટકાયત કરાઈ

બેન્ગ્લુરુ,

કર્ણાટક પોલીસના ક્રિમિનલ ઇન્વેસ્ટિગેશન ડિપાર્ટમેન્ટ (CID) એ કર્ણાટક પબ્લિક સર્વિસ કમિશન (KPSC) દ્વારા લેવામાં આવેલી વેટરનરી ઓફિસર્સની પરીક્ષામાં કથિત ગેરરીતિઓના સંદર્ભમાં IAS અધિકારી જ્ઞાનેન્દ્ર કુમાર ગંગવારની અટકાયત કરી છે.

ગંગવાર, જે હાલમાં માઈક્રો, સ્મોલ અને મીડિયમ એન્ટરપ્રાઇઝ (MSME) ના ડિરેક્ટર છે, તેમની CID દ્વારા ઘણા કલાકો સુધી પૂછપરછ કર્યા બાદ અટકાયત કરવામાં આવી હતી. અધિકારીઓએ જણાવ્યું હતું કે પૂછપરછ દરમિયાન તેઓ તપાસમાં સહકાર આપી રહ્યા ન હતા, જેના પગલે એજન્સીએ તેમને કસ્ટડીમાં લીધા હતા.

કથિત ગેરરીતિઓ દરમિયાન ગંગવાર KPSC પરીક્ષા નિયંત્રક હતા અધિકારીઓના જણાવ્યા અનુસાર, જ્યારે વેટરનરી ઓફિસર્સની પરીક્ષામાં કથિત ગેરરીતિઓ થઈ ત્યારે ગંગવાર કર્ણાટક પબ્લિક સર્વિસ કમિશનમાં પરીક્ષા નિયંત્રક તરીકે સેવા આપી રહ્યા હતા. પશુપાલન વિભાગ માટે વેટરનરી ઓફિસર્સની ભરતી માટે KPSC દ્વારા આ પરીક્ષા લેવામાં આવી હતી. પરીક્ષામાં કથિત ગેરરીતિઓની તપાસ હવે CID દ્વારા કરવામાં આવી રહી છે.

IAS અધિકારીની અટકાયત આ કેસ અને પરીક્ષા પ્રક્રિયા સાથે સંકળાયેલા અધિકારીઓની ભૂમિકાની ચાલી રહેલી તપાસ વચ્ચે આવી છે. જુલાઈમાં કેસ CID ને ટ્રાન્સફર કરવામાં આવ્યો.આ કેસ શરૂઆતમાં વિધાન સૌધા પોલીસ સ્ટેશનમાં નોંધવામાં આવ્યો હતો.

# ઈરાનના સુપ્રીમ લીડર મોજતબા ખામેનીએ મુસ્લિમ દેશો વચ્ચે એકતા માટે હાકલ કરી

## અમેરિકા અને ઈઝરાયલ સાથેના યુદ્ધ વચ્ચે ઈરાની નેતાનું મોટું નિવેદન

તેહરાન,

ઈરાનના સર્વોચ્ચ નેતા મોજતબા ખામેનીએ રવિવારે (૩૦ ઓગસ્ટ) મધ્ય પૂર્વ યુદ્ધ શરૂ થયાના છ મહિના પૂરા થયાના લેખિત સંદેશમાં પ્રદેશના મુસ્લિમ દેશોને યુનાઈટેડ સ્ટેટ્સ અને ઈઝરાયલ સામે એક થવા હાકલ કરી હતી. ૨૮ ફેબ્રુઆરીના રોજ સંઘર્ષની શરૂઆતમાં તેમના પિતા આયાતુલ્લાહ અલી ખામેનીની હત્યા થયાના થોડા સમય પછી ખામેનીએ ઈરાનનું ટોચનું નેતૃત્વ સંભાળ્યું હતું. જોકે, પદ સંભાળ્યા પછી મોજતબા ખામેનીએ જાહેરમાં દેખાયા નથી, અને ઈરાની અધિકારીઓએ હજુ સુધી તેમનો કોઈ વીડિયો કે ઓડિયો રેકોર્ડિંગ બહાર પાડ્યો નથી.

ઈસ્લામનો દુશ્મન વંશીય, સાંસ્કૃતિક, સામાજિક તફાવતોનો લાભ લેવાનો પ્રયાસ કરે છે

રવિવારે શ્રેણીબદ્ધ ૮ પોસ્ટ્સમાં, સર્વોચ્ચ નેતા ખામેનીએ કહ્યું કે "ઈસ્લામનો દુશ્મન" મુસ્લિમોમાં વિભાજન વાવવા અને તેમની શક્તિને નબળી પાડવા માટે વંશીય, સાંસ્કૃતિક, સામાજિક, આર્થિક, રાજકીય અને ભૌગોલિક તફાવતોનો લાભ લેવાનો પ્રયાસ કરે છે. "ઈસ્લામનો દુશ્મન



મુસ્લિમોમાં વિભાજન વાવવાના બહાનામાં વંશીય, સાંસ્કૃતિક, સામાજિક, આર્થિક, રાજકીય અને ભૌગોલિક તફાવતોને ફેરવવાનો પ્રયાસ કરે છે જેથી મુસ્લિમોમાં તેમની શક્તિનું ધોવાણ થાય, કારણ કે તે તેમના પર પોતાનું વર્ચસ્વ લાદવા માટે યોગ્ય સમયની રાહ જુએ છે," તેમણે રવિવારે શિયા મુસ્લિમોએ પયગંબર મુહમ્મદના જન્મદિવસની ઉજવણી કરી હતી.

"કોઈપણ વ્યક્તિ, કોઈપણ પદ પર, જે કંઈપણ કરે છે જે મુસ્લિમોમાં વિભાજન તરફ દોરી જાય છે અને મુસ્લિમ સમુદાયમાં સંઘર્ષ પેદા કરે છે, જાણી જોઈને કે અજાણતાં, ઈરાદાપૂર્વક કે અજાણતાં, તેણે ઈસ્લામના દુશ્મનોના હેતુને પૂર્ણ કર્યો છે," ખામેનીએ કહ્યું.

# યુપી સીએમનો ગુના અને તહેવારોની દેખરેખને કડક બનાવવા તંત્રને નિર્દેશ આપ્યો

## મુખ્યમંત્રી યોગીનો ૫ વર્ષ જૂના મહેસૂલ કેસોનો સમયબદ્ધ નિકાલ કરવાનો આદેશ

લખનૌ,

ઉત્તર પ્રદેશના મુખ્યમંત્રી યોગી આદિત્યનાથે અધિકારીઓને વર્ષોથી પડતર રહેલા મહેસૂલ કોર્ટના કેસોનો નિકાલ કરવાનો નિર્દેશ આપ્યો છે, ભારપૂર્વક જણાવ્યું છે કે જમીન, મિલકત અને નાગરિકોના અધિકારોને લગતા કેસોમાં વિલંબ ચાલુ રહી શકે નહીં. તેમણે અધિકારીઓને નાયબ તહસીલદાર કોર્ટથી લઈને મહેસૂલ પરિષદ સુધીના પાંચ વર્ષથી વધુ સમયથી પડતર તમામ મહેસૂલ કેસોની ઓળખ કરવા અને આયોજિત, સમયબદ્ધ પ્રક્રિયા દ્વારા તેમનો નિકાલ સુનિશ્ચિત કરવા જણાવ્યું છે.

વરિષ્ઠ અધિકારીઓ અને ક્ષેત્ર-સ્તરના પોલીસ અને વહીવટી અધિકારીઓ સાથેની સમીક્ષા બેઠક દરમિયાન, યોગીએ જાહેર ફરિયાદો પર ઝડપી અને વધુ અર્થપૂર્ણ કાર્યવાહી કરવા પણ હાકલ કરી. તેમણે કહ્યું કે ઉદ્દેશ્ય ફક્ત કાગળ પર ફરિયાદોની સંખ્યા ઘટાડવાનો ન હોવો જોઈએ, પરંતુ ફરિયાદીને સામનો કરતી વાસ્તવિક સમસ્યાનું નિરાકરણ થાય તે સુનિશ્ચિત કરવાનો હોવો જોઈએ.

યોગીએ જૂના મહેસૂલ કેસ માટે સમયમર્યાદા નક્કી કરી

મુખ્યમંત્રીએ અધિકારીઓને પાંચ વર્ષથી વધુ સમયથી પડતર રહેલા મહેસૂલ કેસોને પ્રાથમિકતા આપવાનો નિર્દેશ આપ્યો.

# નેપાળે અજાણ્યા પૂર પીડિતોની સામૂહિક દફનવિધિ શરૂ કરી; ભારતે ફોરેન્સિક નિષ્ણાતો મોકલ્યા

## બહાર કાઢવામાં આવેલા અડધાથી વધુ મૃતદેહો ઓળખી ન શકાય તેવી સ્તિતિ

કાઠમાંડુ,

ગયા બુધવારે નેપાળમાં ભયંકર પૂર આવ્યું હતું, જેના કારણે વિનાશક પરિણામો આવ્યા હતા, જેમાં સેંકડો લોકોના મોત થયા હતા. અંધાધૂંધી વચ્ચે, રવિવારે બચાવકર્તાઓ આપત્તિ પછી ગુમ થયેલા લોકોને શોધવા માટે સમય સામે દોડી રહ્યા છે. દરમિયાન, અધિકારીઓએ સડી ગયેલા, અજાણ્યા પીડિતોને સામૂહિક દફનાવવાનું શરૂ કર્યું કારણ કે શબઘર અને રાહત કેન્દ્રો ભરાઈ ગયા હતા.

ભારત, જે આપત્તિગ્રસ્ત રાષ્ટ્રને રાહત અને સહાય પૂરી પાડનારા પ્રથમ દેશોમાંનો એક છે, તેણે પીડિતોને ઓળખવામાં મદદ કરવા માટે ફોરેન્સિક નિષ્ણાતોની એક ટીમ મોકલવાનું પણ નક્કી કર્યું છે.

રવિવાર સુધીમાં મૃત્યુઆંક ૭૦૦ ને વટાવી ગયો છે, જ્યારે લગભગ ૨,૫૦૦ લોકો ગુમ છે.

નેપાળમાં આપત્તિ આવ્યાના દિવસો પછી અને પીડિતોના સંબંધીઓએ હોસ્પિટલો, શબઘરો અને અન્ય સ્થળોએ શોધખોળ કરી, અધિકારીઓએ સેંકડો અજાણ્યા મૃતદેહોને સામૂહિક દફનાવવાનું શરૂ કર્યું, મીડિયા સુત્રોના અહેવાલ મુજબ.

ભવિષ્યમાં ઓળખમાં મદદ કરવા માટે, અધિકારીઓ ડીએનએ નમૂનાઓ એકત્રિત કરી રહ્યા છે, અવશેષોના ફોટોગ્રાફ લઈ રહ્યા છે અને દફન પહેલાં વિશિષ્ટ નિશાનો રેકોર્ડ કરી રહ્યા છે.

પોલીસ અધિકારી અનિલ થાપાએ રોઈટર્સને જણાવ્યું હતું કે બહાર કાઢવામાં આવેલા અડધાથી વધુ મૃતદેહો ઓળખી શકાતા નથી.

"અત્યાર સુધી અમે જેટલા મૃતદેહો શોધી કાઢ્યા છે, તેમાંથી અડધાથી વધુ ઓળખી શકાય તેવા નથી," અધિકારીએ જણાવ્યું. થાપાએ ઉમેર્યું કે કેટલાક કિસ્સાઓમાં પીડિતોના ફક્ત ચોક્કસ શરીરના ભાગો જ મળી આવ્યા છે. "ઘણા લોકોના ચહેરા દેખાતા નથી. કેટલાક કિસ્સાઓમાં, ફક્ત હાથ કે પગ બાકી છે; અન્યમાં, શરીરના ફક્ત ભાગો જ ઉપલબ્ધ છે. ઘણા કિસ્સાઓમાં, અડધાથી વધુ માથા ગુમ છે," અધિકારીએ ઉમેર્યું. અધિકારીઓએ શનિવારે ૧૦૦થી વધુ અજાણ્યા મૃતદેહોને દફનાવ્યા હોવાના અહેવાલ છે અને રવિવારે વધુ માટે વધારાની કબરો ખોદી રહ્યા છે.

# પંજાબના ફિરોઝપુરમાં AAP નેતાની ગોળી મારીને હત્યા

## હુમલાખોરો કારમાં ભાગી ગયા; પોલીસે તપાસ શરૂ કરી

ફિરોઝપુર,

રવિવારે પંજાબ પોલીસે જણાવ્યું હતું કે, ફિરોઝપુરમાં અજાણ્યા હુમલાખોરોએ આમ આદમી પાર્ટી (AAP) ના નેતાની ગોળી મારીને હત્યા કરી હતી. મૃતકની ઓળખ ૪૫ વર્ષીય ગુરપ્રીત સિંહ ઉર્ફે ગોપી તરીકે થઈ હતી.

આ ઘટના શનિવારે સાંજે બની હતી જ્યારે ગોપી, ૨૨ વર્ષીય હરપ્રીત ઉર્ફે હેપ્પી તરીકે ઓળખાતા એક વ્યક્તિ સાથે જિલ્લાના મામદોટ શહેરમાં મોટરસાયકલ પર મુસાફરી કરી રહ્યા હતા ત્યારે હુમલાખોરો તેમની પાસે પહોંચ્યા.

ચારેય હુમલાખોરો કાર પર હતા, પરંતુ મુખ્ય બજારમાં તેમના વાહનમાંથી નીચે ઉતર્યા અને ગોપી અને હરપ્રીત પર ગોળીબાર કર્યો. AAP નેતાને તાત્કાલિક સિવિલ હોસ્પિટલમાં લઈ જવામાં આવ્યા હતા, પરંતુ ડોકટરોએ તેમને મૃત જાહેર કર્યા હતા. દરમિયાન, હરપ્રીતને લુધિયાણાની એક ખાનગી હોસ્પિટલમાં રિફર કરવામાં આવ્યો છે.

પોલીસે ઘટના અંગે કોઈ નિવેદન જારી કર્યું નથી, પરંતુ હુમલાખોરો વિશે વધુ જાણવા માટે તપાસ શરૂ કરી છે. તેમને પકડવા માટે ઘણી ટીમો પણ રવાના કરવામાં આવી છે અને પોલીસ ગુનાના સ્થળની તપાસ કરી રહી છે.

આ ઘટનાનું કારણ શું હતું તે સ્પષ્ટ નથી, પરંતુ કેટલાક અહેવાલોમાં ગોપી અને હુમલાખોરો વચ્ચેના જૂના વિવાદને જવાબદાર ઠેરવવામાં આવ્યો છે.

# ૧૨ સપ્ટેમ્બર સુધીમાં માંગણીઓ નહીં સંતોષાય તો મનોજ જરાંગેની મુંબઈ સુધી મરાઠા કૂચની જાહેરાત

## અનામત મુદ્દે મહારાષ્ટ્રમાં ફરીવાર રાજકારણ ગરમાયું

મુંબઈ,

મરાઠા અનામત આંદોલનના નેતા મનોજ જરંગે પાટીલે ફરી એકવાર સરકારને મોટું અલ્ટીમેટમ આપ્યું છે અને કહ્યું છે કે જો ૧૨ સપ્ટેમ્બર સુધીમાં મરાઠા સમુદાયની માંગણીઓનો ઉકેલ નહીં આવે તો મરાઠા સમુદાય મુંબઈ તરફ કૂચ કરશે. જરંગે પાટીલે કહ્યું કે સરકાર આંદોલનની મર્યાદા અને અવકાશ ઘટાડવાનો પ્રયાસ કરી રહી છે, પરંતુ "જોકે મરાઠા છુપાયેલા નથી અને દેખાશે."

આંદોલનથી સામાન્ય લોકોને મુશ્કેલી ન થવી જોઈએઃ મનોજ જરંગે

તેમણે મહારાષ્ટ્ર અને મુંબઈમાં મરાઠા સમુદાયને અપીલ કરી કે આંદોલનથી સામાન્ય લોકોને મુશ્કેલી ન પડે. તેમણે કહ્યું કે મુંબઈમાં એવું વાતાવરણ બનાવવું જોઈએ કે લોકોને સમજાય કે સરકારે મરાઠા સમુદાયના પ્રશ્નોનું નિરાકરણ કર્યું નથી, તેથી મરાઠાઓએ મુંબઈ આવવું પડશે.

જરંગેએ કહ્યું કે મરાઠા સમુદાય કુણબી દ્વારા જ ટકાઉ અને મજબૂત અનામત મેળવી શકે છે. તેમણે એમ પણ કહ્યું કે SEBC, EWS, સારથી અને કુણબી ય઼ઈ સંબંધિત મુદ્દાઓને મજબૂતીથી ઉઠાવવા જોઈએ. તેમણે કાર્યકરોને સ્પષ્ટ સૂચના આપી હતી કે આંદોલન શાંતિપૂર્ણ રહે અને વિરોધ કરતી વખતે કોઈ આગજની અને પથ્થરમારો ન થવો જોઈએ.

૧૨ સપ્ટેમ્બરે મુંબઈ કૂચ કરશે જરાંગે પાટીલે કહ્યું કે મહારાષ્ટ્રના વિવિધ ભાગોમાંથી સમાજના લોકોને ૧૨ સપ્ટેમ્બરે મુંબઈ આંદોલનની તારીખ અને આગળની રણનીતિ જાહેર કરવા માટે આમંત્રિત કરવામાં આવશે. "જો મુદ્દાઓ પર ધ્યાન આપવામાં નહીં આવે, તો હું મરાઠાઓને મુંબઈથી પાછા લાવી શકીશ નહીં અને હું પાછો પણ નહીં આવું," તેમણે કહ્યું. ઝરંગેએ કહ્યું કે ૨૯ ઓગસ્ટથી ૧૨ સપ્ટેમ્બર સુધી, તેઓ દરરોજ સવારે અને સાંજે આંદોલન સ્થળની મુલાકાત લેશે જેથી સરકાર પર તેમની માંગણીઓ પૂર્ણ કરવા દબાણ કરી શકાય.

# ભારતીય ડાયસ્પોરાએ તેમની જન્મભૂમિમાં યોગદાન આપવાની ઈચ્છા પહેલા તેમની કર્મભૂમિ પ્રત્યેની તેમની જવાબદારીઓ પૂર્ણ કરવી જોઈએ

## ભારતની વિવિધતા અને મુસ્લિમો માટે RSS વડાનો મોટો સંદેશ


ન્યુ યોર્ક,

રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘ (RSS) ના વડા મોહન ભાગવતે કહ્યું હતું કે, 'ભારતીય ડાયસ્પોરા' એ તેમની 'કર્મભૂમિ' પ્રત્યે વફાદાર રહેવું જોઈએ, જે તેમનો રહેઠાણનો દેશ છે, પરંતુ ભારપૂર્વક જણાવ્યું હતું કે તેમણે તેમની 'જન્મભૂમિ' દ્વારા આપવામાં આવેલા મૂલ્યોને વહન કરવા જોઈએ.

ન્યૂ યોર્કના મેડિસન સ્કવેર ગાર્ડન ખાતે યુનિવર્સલ એકતા ઉજવણીમાં બોલતા, ભાગવતે કહ્યું કે 'ભારતીય ડાયસ્પોરા' એ તેમની 'જન્મભૂમિ'માં યોગદાન આપવાની ઈચ્છા વિકસાવતા પહેલા તેમની 'કર્મભૂમિ' પ્રત્યેની તેમની જવાબદારીઓ પૂર્ણ કરવી જોઈએ. જોકે, તે ફરજિયાત નથી, તેમણે સ્પષ્ટતા કરી. "આપણી ફરજ શું છે? આપણે અમેરિકામાં છીએ, આપણે અમેરિકામાં રહીએ છીએ, આપણે અમેરિકામાં કમાઈએ છીએ. તેથી આપણે અમેરિકન છીએ. અને આપણે અમેરિકા પ્રત્યે સાચા વર્તવું જોઈએ. ડાયસ્પોરા, ભારતીય ડાયસ્પોરા, તેમની કર્મભૂમિ પ્રત્યે ફરજ છે. તેમણે તે પૂર્ણ કરવું જોઈએ. તેઓએ તેમની કર્મભૂમિ પ્રત્યે વફાદાર રહેવું જોઈએ," તેમણે કહ્યું.

પોતાની ટિપ્પણીમાં, RSS વડાએ એ વાત પર પણ ભાર મૂક્યો કે ભારતનો DNA 'વિવિધતામાં એકતા' સાથે જોડાયેલો છે અને કહ્યું કે ભારતે વિશ્વને બતાવવું જોઈએ કે વિવિધતા એકતા સાથે સહઅસ્તિત્વ ધરાવે છે. તેમણે સ્વામી વિવેકાનંદને પણ યાદ કરીને કહ્યું કે રાષ્ટ્રો ફક્ત ભૌગોલિક અસ્તિત્વ નથી અને તેમને પૂર્ણ કરવા માટે એક મોટું મિશન અને પરિપૂર્ણ કરવા માટે એક ભાગ્ય છે.

"હું ભારતના નાગપુરથી અહીં તમારી સાથે આજના આનંદ અને આજના ભાવનાને શેર કરવા આવ્યો છું. જ્યારે આપણે યુનાઈટેડ સ્ટેટ્સ ઑફ અમેરિકા કહીએ છીએ, ત્યારે એક શબ્દની વારંવાર ચર્ચા થાય છે. તે બહુલવાદ છે. અને જ્યારે આપણે ભારત કહીએ છીએ, ત્યારે બીજા વાક્યની ચર્ચા થાય છે: વિવિધતામાં એકતા. ભારત માટે,



આ એકતા અને આ વિવિધતા, બંને તેમના DNA માં છે," ભાગવતે કહ્યું. મુસ્લિમો પર RSS વડાનો સંદેશ ન્યૂ યોર્કમાં અન્ય એક કાર્યક્રમમાં, RSS વડાએ કહ્યું કે જો હિન્દુઓને લાગે કે ભારતમાં કોઈ મુસ્લિમ ન હોવા જોઈએ તો તેઓ હિન્દુ નહીં રહે, તેમણે ઉમેર્યું કે દરેકને આશ્રય આપવો એ દેશની પરંપરા છે.

# ભારત અને ઉઝબેકિસ્તાન લાંબા ગાળાના યુરેનિયમ સપ્લાય માળખા પર સંમત

## ૨૦૩૦ સુધીમાં વાર્ષિક દ્વિપક્ષીય વેપારમાં USD ૫ બિલિયનનો લક્ષ્યાંક

તાશ્કંદ/નવી દિલ્હી,

ભારત અને ઉઝબેકિસ્તાન યુરેનિયમ પુરવઠા માટે લાંબા ગાળાનું માળખું સ્થાપિત કરવા સંમત થયા છે, જેની જાહેરાત વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ તાશ્કંદમાં ઉઝબેક રાષ્ટ્રપતિ શવકત મિર્ઝીયોયેવ સાથે પ્રતિનિધિમંડળ સ્તરની વાટાઘાટો દરમિયાન કરી હતી. ચર્ચામાં ઊર્જા, મહત્વપૂર્ણ ખનિજો, માળખાગત સુવિધાઓ, સંરક્ષણ, ટેકનોલોજી અને અન્ય ક્ષેત્રોમાં સહયોગને વધુ ગાઢ બનાવવાના માર્ગો પર પણ ચર્ચા થઈ હતી.

બંને દેશોએ તેમના સંબંધોને વ્યાપક વ્યૂહાત્મક ભાગીદારી સુધી વધારવાનો પણ નિર્ણય લીધો અને ૨૦૩૦ સુધીમાં વાર્ષિક દ્વિપક્ષીય વેપારમાં USD ૫ બિલિયનનો લક્ષ્યાંક નક્કી કર્યો, જે વર્તમાન વેપાર વોલ્યુમ જીદ્ઘ ૧ બિલિયનથી વધુ છે. યુરેનિયમ વ્યવસ્થા મહત્વપૂર્ણ છે કારણ કે નવી દિલ્હી નાગરિક પરમાણુ ઊર્જા માટે ઉઝબેકિસ્તાનથી યુરેનિયમ આયાત પર ધ્યાન આપી રહી છે.

ભારત અને ઉઝબેકિસ્તાન લાંબા ગાળાના યુરેનિયમ પુરવઠા પર સંમત છે

વાર્તા દરમિયાન પીએમ મોદીએ કહ્યું કે, "અમે યુરેનિયમના પુરવઠા માટે લાંબા ગાળાની વ્યવસ્થા પણ સ્થાપિત કરીશું," બંને દેશો વચ્ચે ઊર્જા સહયોગમાં આગામી પગલાની રૂપરેખા આપી.

પીએમ મોદીએ એમ પણ કહ્યું કે ભારત અને ઉઝબેકિસ્તાને નવી વ્યાપક વ્યૂહાત્મક ભાગીદારી હેઠળ નક્કર લક્ષ્યો નક્કી કરવા જોઈએ. તેમણે દ્વિપક્ષીય સહયોગને માર્ગદર્શન આપવા માટે વિદેશ મંત્રી સ્તરે સંકલન પરિષદનો પ્રસ્તાવ મૂક્યો અને કહ્યું કે હાલના સંયુક્ત કમિશનને સચિવ સ્તરથી મંત્રી સ્તર સુધી અપગ્રેડ કરવામાં આવશે. બંને પક્ષો બંને દેશોની કંપનીઓને સામેલ કરીને સંયુક્ત રીતે એક વ્યાપાર સમિટનું આયોજન કરવા પણ સંમત થયા.

યુરેનિયમ ઉપરાંત, પીએમ મોદીએ ડિજિટલ જાહેર માળખાગત સુવિધાઓ, કૃત્રિમ બુદ્ધિમત્તા, મહત્વપૂર્ણ ખનિજો, સ્વચ્છ ઊર્જા, અવકાશ અને પરમાણુ ઊર્જામાં સહયોગ પર ભાર મૂક્યો. તેમણે શહેરી વિકાસ કુશળતા અને ટેકનોલોજી શેર કરવા માટે ભારતના ગિફ્ટ સિટી અને ઉઝબેકિસ્તાનના નવા તાશ્કંદ તરફ પણ ધ્યાન દોર્યું. ઉઝબેકિસ્તાનના રાષ્ટ્રપતિએ કહ્યું કે બંને દેશો ઊર્જા, મહત્વપૂર્ણ ખનિજો, ફાર્માસ્યુટિકલ્સ, ઝવેરાત અને કૃષિ સહિતના ક્ષેત્રોને આવરી લેતા ક્ષેત્ર-વિશિષ્ટ રોડમેપ તૈયાર કરશે. તેમણે અવકાશ, ડિજિટલ નવીનતા, કૃત્રિમ બુદ્ધિમત્તા અને સ્ટાર્ટ-અપ્સમાં સહયોગ પર પણ ભાર મૂક્યો.

વેપાર, માળખાગત સુવિધાઓ અને વ્યાપક સહયોગ પર ધ્યાન કેન્દ્રિત કરવામાં આવ્યું

વાર્તાઓમાં વેપાર અને રોકાણ, માળખાગત સુવિધાઓ, ખાણકામ, મહત્વપૂર્ણ ખનિજો, સંરક્ષણ અને સુરક્ષા, કૃષિ, ફાર્માસ્યુટિકલ્સ, આરોગ્યસંભાળ, માહિતી ટેકનોલોજી, UPI સહિત ડિજિટલ જાહેર માળખાગત સુવિધાઓ અને શિક્ષણનો સમાવેશ થાય છે.

# લાઠી તાલુકાના આંબરડી ગામના સામુહિક બળાત્કારના બે આરોપી ઝડપાયા

(મિલાપ રૂપારેલ દ્વારા)અમરેલીઃ

દામનગર પોલિસ સ્ટેશનના BNS કલમ64(2) (i), 64(2) (m),65(1), 70(2),75(2), 351(3),352, 356(2),3(5) પોક્સો ક.૪,૬,૧૦,૧૨,૧૭ તથા આઈ.ટી.એક્ટ ક.૬૬(ઈ), ૬૭(બી) મુજબના ગુન્હાના કામે સંડોવાયેલ આરોપીઓ પૈકી કાયદાના સંઘર્ષમાં આવેલ બાળ કિશોર તથા સાગરભાઈ વિપુલભાઈ નાથાણી ને હ્યુમન ઈન્ટેલીજન્સ તથા ટેક્નીકલ સોર્સ આધારે સુરત, નાના વરાછા ખાતેથી તથા આણંદ જિલ્લાના તારાપુર ખાતેથી તા.30 ના રોજ રાઉન્ડ અપ કરી દામનગર પોલિસને સોંપી આપવા તજવીજ કરેલ છે.

આ બનાવમાં અમરેલી જિલ્લાના લાઠી તાલુકાના એક ગ્રામ્ય વિસ્તારમાં રહેતી અને અભ્યાસ કરતી એક ૧૬ વર્ષીય તરૂણી લાઠી તાલુકાના આંબરડી ગામે રહેતા આરોપી ભૌતીક વિપુલભાઈ તળાવીયાએ તેણી સગીરવયની હોવાનુ જાણતા હોવા છતા આરોપીએ ભોગ બનનારને તેના ઘરના સભ્યોને જાનથી પતાવી દેવાની ધમકી આપી ગત તા.૨૧/૧૧/૨૪ થી તા.૧૧/૮/૨૬ ના સમયગાળા દરમ્યાન ભોગબનનાર તરૂણી પાસે ગંદા વિડીયો અને ફોટા બનાવડાવી તેના ઈન્સ્ટાગ્રામમાં મેળવી લઈ અને ત્યારબાદ આ વિડીયો



અને ફોટા વાયરલ કરવાની ધમકી આપી ભોગબનનારની મરજી વિરૂધ્ધ તેણી સાથે અવાર-નવાર શરીર સંબંધ બાંધી બળાત્કાર કરેલ હતો.

તેમજ લાઠી તાલુકાના આંબરડી ગામે રહેતા બીજા આરોપી નિકુલ રાજુભાઈ ડેર એ પણ ભોગબનનારના ગંદા વિડીયો અને ફોટો તેની પાસે છે. અને તેને વાયરલ કરવાની ધમકી આપી ઈન્સ્ટાગ્રામના વિડીયોકોલ દરમ્યાન ભોગબનનારને કપડા કાઢી ગુપ્તાંગનો ભાગ બતાવવાનું કહી, ભોગબનનારની છાતીના ભાગનો તેણીની જાણ બહાર સ્કીન રેકોડ'ગ કરી લઈ, ભોગબનનારનો ગંદો વિડીયો બનાવી, વાયરલ કરવાની ધમકી આપી ભોગબનનારની મરજી વિરૂધ્ધ તેણી સાથે શરીર સંબંધ બાંધી બળાત્કાર કરેલ તેમજ ભોગબનનારનો ગંદો વિડીયો વાયરલ પણ કરેલ હતો.

તેમજ લાઠી તાલુકાના આંબરડી ગામે રહેતા આરોપી સાગર વિપુલભાઈ નાથાણી તથા જોગડદાસ રાવળે પણ ભોગબનનારના ગંદા વિડીયો અને ફોટો વાયરલ કરવાની તથા બદનામ કરવાની ધમકી આપી, ભોગબનનાર સાથે શરીર સંબંધ બાંધવાની તથા વિડીયોકોલ કરી ન્યુડ થવાની માંગણી કરી અને જાતીય સતામણી કરી હતી. અને ગાળો આપેલ હતી અને જાનથી મારી નાખવાની ધમકી આપી હતી.

આમ આ ચારેય આરોપીઓએ ભોગબનનાર તરૂણી સાથે શરીર સંબંધ બાંધવાના સમાન ઈરાદા સાથે આરોપી ભૌતીક વિપુલભાઈ તળાવીયા અને નિકુલ રાજુભાઈ ડેરે બળાત્કાર કરી તથા આરોપી સાગર વિપુલભાઈ નાથાણી તથા જોગડદાસ રાવળે ભોગબનનારને શરીર સંબંધ બાંધવાની માંગણી કરી સામુહિક બળાત્કાર કર્યાની પોલીસમાં ફરિયાદ નોંધાતા પોલીસે બે આરોપીને સુરત, નાના વરાછા ખાતેથી તથા આણંદ જિલ્લાના તારાપુર ખાતેથી તા.30 ના રોજ રાઉન્ડ અપ કરી દામનગર પોલિસને સોંપી આપવા તજવીજ કરેલ છે.

# રિસાયેલી પત્નીને મનાવવા આવેલો પતિ છરી લઈ તૂટી પડ્યો

## લોહીલુહાણ હાલતમાં મૂકીને નાસી છૂટ્યો, અફસોસ થતા ટ્રેન નીચે આત્મહત્યા કરી

અમરેલીઃઅમરેલીના દંપતી વચ્ચે ચાલતા ઘરકંકાસનો કરુણ અંજામ આવ્યો. પતિથી નારાજ થઈ ૧૦ દિવસ પહેલા પરિણીતા અમદાવાદના નિકોલમાં રહેતી તેમની બહેનના ઘરે આવી રહેતી હોય પતિ સમજાવવા આવ્યો હતો. સાળીના ઘરની અગાશી પર દંપતી વચ્ચે વાતચીત ચાલી રહી હતી ત્યારે જ ઝઘડો ઉગ્ર બનતા પતિએ પત્નીને ધડાધડ છરીના ચારથી પાંચ ઘા મારી દીધા અને નાસી છૂટ્યો. ટ્રેનમાં અમરેલી જતી સમયે અફસોસ થતા ઢસા નજીક ટ્રેન નીચે પડતું મૂકી આત્મહત્યા કરી લીધી. જ્યારે પત્નીની હાલત ગંભીર ગણાવાઈ રહી છે.

અમરેલી જિલ્લામાં સાસરીમાં રહેતી રેખાને તેના પતિ ભાવેશ બારૈયા સાથે અણબનાવ બનતા ૧૦ દિવસ પહેલા અમદાવાદના



નિકોલ વિસ્તારમાં રહેતી તેની નાની બહેનના ઘરે આવીને રહેતી હતી. જેને સમજાવવા માટે શનિવારે બપોરના સમયે ભાવેશ અમદાવાદ આવ્યો'તો. રેખાને પોતાની સાથે આવવા માટે ભાવેશ સમજાવી રહ્યો હતો આ સમયે જ બંને વચ્ચે ઉગ્ર બોલાચાલી થતા ભાવેશે પોતાની પાસે રહેલી છરીથી રેખા પર હુમલો કરી દીધો. ચારથી પાંચ ઘા મારતા રેખાએ બૂમાબૂમ કરતા ભાવેશ ડરના માર્યો નાસી છૂટ્યો હતો.

રેખાને લોહીલુહાણ હાલતમાં મૂકી ભાવેશ અમદાવાદથી ટ્રેનમાં વતન જવા માટે રવાના થયો. પરંતુ, અફસોસ થતા અને પોલીસના ડરના કારણે બોટાદના ઢસા પાસે ટ્રેન હેઠલ પડતુ મૂકી જીવ દઈ દીધો.

ભાવેશે છરીના ચારથી પાંચ ઘા મારતા રેખાને લોહીલુહાણ હાલતમાં જ સારવાર માટે ખસેડવામાં આવી છે. જ્યાં તેમની હાલત પણ ગંભીર ગણાવવામાં આવી રહી છે. રેખા અને ભાવેશને ત્રણ સંતાનો હોવાનું જાણવા મળ્યું છે.

# અખબારી અહેવાલ બાદ એસ. ટી. તંત્ર જાગ્યુ: અમરેલીથી ચિતલ રેલવે સ્ટેશન સુધી બસ સેવા શરૂ

## અમરેલીના સાંસદ ભરત સુતરીયાએ બસને આપી લીલી ઝંડી



(મિલાપ રૂપારેલ દ્વારા)અમરેલીઃ

અમરેલી શહેરના મુસાફરોને ચિતલ રેલવે સ્ટેશનથી વંદે ભારત ટ્રેનનો સરળતાથી લાભ મળી રહે તે માટે અખબારી અહેવાલ બાદ ઉર્જા મંત્રી કૌશિક વેકરીયાની જાહેરાત રંગ લાવી હતી. અને અમરેલીથી ચિતલ રેલવે સ્ટેશન સુધી બસ સેવા શરૂ કરવામાં આવતા વંદે ભારતના મુસાફરોને મોટી સુવિધા મળી છે.

વંદે ભારત ટ્રેનને લીલી ઝંડી આપવાના કાર્યક્રમ દરમિયાન ઉર્જા મંત્રી કૌશિક વેકરીયાએ અમરેલીથી ચિતલ રેલવે સ્ટેશન સુધી બસ સેવા શરૂ કરવાની જાહેરાત કરી હતી. મંત્રીની આ જાહેરાત બાદ અમરેલીથી ચિતલ રેલવે સ્ટેશન સુધીની બસ સેવાનો પ્રારંભ કરવામાં આવ્યો હતો.

આ પ્રસંગે અમરેલીના સાંસદ શ્રી ભરત સુતરીયાએ બસને લીલી ઝંડી આપી પ્રસ્થાન કરાવ્યું હતું. અમરેલીથી ચિતલ સુધી બસ સેવા શરૂ થતાં શહેર તથા આસપાસના વિસ્તારના મુસાફરોને ચિતલ રેલવે સ્ટેશન સુધી પહોંચવામાં સરળતા રહેશે.

ખાસ કરીને વંદે ભારત ટ્રેનના સમયને ધ્યાનમાં રાખીને શરૂ કરવામાં આવેલી આ બસ સેવા મુસાફરો માટે મહત્વપૂર્ણ સુવિધા બની રહેશે. અમરેલીના મુસાફરોમાં આનંદની લાગણી જોવા મળી હતી. આ કાર્યક્રમ દરમિયાન અમરેલી જિલ્લા ભાજપ પ્રમુખ અતુલભાઈ કાનાણી, શહેર ભાજપ પ્રમુખ વિજયભાઈ ચોટલીયા, અમરેલી નગરપાલિકા પ્રમુખ વૈશાલીબેન સંદીપભાઈ માંગરોળીયા સહિતના ભાજપના આગેવાનો અને કાર્યકર્તાઓ ઉપસ્થિત રહ્યા હતા.

# અમરેલીના પીપળવા ગામમાંથી દીપડી અને બે બચ્ચા પાંજરે પુરાયા

## વન વિભાગે જંગલમાં મુક્ત કરતા ગ્રામજનોએ રાહતનો શ્વાસ લીધો

અમરેલીઃ

અમરેલીના ખાંભા તાલુકાના પીપળવા ગામમાં છેલ્લા કેટલાક દિવસથી દીપડી અને તેના બે બચ્ચાની લટાર જોવા મળી રહી હતી. જેથી વિસ્તારમાં ભયનો માહોલ ફેલાયો હતો. જોકે, વન વિભાગે દીપડી અને તેના બચ્ચાંને પાંજરે પૂરી સુરક્ષિત રીતે જંગલ વિસ્તારમાં મુક્ત કર્યા છે, જેનાથી ગ્રામજનોએ રાહત અનુભવી છે.ગામની વચ્ચે આવેલા એક મકાન નજીક દીપડીએ બે બચ્ચાંને જન્મ આપ્યો હતો. જન્મ આપ્યા બાદ દીપડી પોતાના બચ્ચાંની આસપાસ જ ગામની શેરીઓમાં સતત આંટાફેરા મારતી જોવા મળતી હતી. આ કારણે છેલ્લા



ચાર-પાંચ દિવસથી ગ્રામજનોમાં ભારે ભય અને ફફડાટ વ્યાપી ગયો હતો.

ઘટનાની જાણ થતાં જ ખાંભા વન વિભાગની ટીમ સક્રિય બની હતી. વન વિભાગે દીપડીને પકડવા માટે ગામમાં પાંજરા ગોઠવીને પ્રયાસો હાથ ધર્યા હતા. ચાર દિવસના સતત પ્રયાસો બાદ આખરે દીપડી તેના બંને બચ્ચાં સાથે પાંજરે પુરાઈ હતી.

વન વિભાગની દેખરેખ હેઠળ દીપડી અને તેના બચ્ચાંને ગામમાંથી સુરક્ષિત રીતે દૂર લઈ જઈને જંગલ વિસ્તારમાં મુક્ત કરવામાં આવ્યા હતા. દીપડી અને તેના બચ્ચાં જંગલ તરફ ખસી જતાં પીપળવા ગામમાં ફેલાયેલો ભયનો માહોલ શાંત થયો છે, અને ગ્રામજનોએ હાશકારો અનુભવ્યો છે.

# વાંસોજ રોડ પર પાંચ ફૂટનો અજગર દેખાયો: જસાધાર વન વિભાગે સુરક્ષિત રેસ્ક્યૂ કર્યું

ઉનાઃઉના તાલુકાના વાંસોજ-અહેમદપુર માંડવી રોડ પર આવેલા એક નાળા નજીક શુક્રવારે મોડી રાત્રે પાંચ ફૂટથી વધુ લાંબો અજગર જોવા મળ્યો હતો. આ ઘટનાને પગલે થોડા સમય માટે દોડધામ મચી ગઈ હતી.રોડ નજીક અજગર દેખાતા રાહદારીઓ, વાહનચાલકો અને આસપાસના લોકોનું ધ્યાન ખેંચાયું હતું. લોકોમાં અજગરને જોવા માટે કુતૂહલ પણ જોવા મળ્યું હતું. સ્થાનિકોએ તાત્કાલિક જસાધાર વન વિભાગને જાણ કરી હતી.

માહિતી મળતા જ વન વિભાગનો સ્ટાફ ઘટનાસ્થળે પહોંચ્યો હતો. વનકર્મીઓએ સાવચેતીપૂર્વક કામગીરી હાથ ધરી અજગરને સુરક્ષિત રીતે રેસ્ક્યૂ કર્યો હતો.

વન વિભાગની ટીમે અજગરને પકડી લીધા બાદ તેને સલામત સ્થળે ખસેડવાની કાર્યવાહી હાથ ધરી હતી. રોડ નજીક અજગરની હાજરીને કારણે કોઈ અનિચ્છનીય બનાવ ન બને તે માટે



વનકર્મીઓએ જરૂરી તકેદારી રાખી હતી.

ઉલ્લેખનીય છે કે ચોમાસાની સિઝનમાં ગીર પંથકમાં હરિયાળી વધતા વિવિધ વન્યજીવો અને સરીસૃપોની અવરજવર પણ જોવા મળે છે. આને કારણે ઘણી વખત વન્યજીવો રસ્તાઓ, ખેતરો કે રહેણાંક વિસ્તારો નજીક દેખાય છે.આવા સમયે લોકોમાં ભય ફેલાવવાને બદલે સાવચેતી રાખવી જરૂરી છે. અજગર કે અન્ય કોઈ વન્યજીવ દેખાય તો તેને પકડવાનો કે હેરાન કરવાનો પ્રયાસ ન કરવો જોઈએ, પરંતુ તાત્કાલિક વન વિભાગને જાણ કરવી હિતાવહ છે.

# ધારાસભ્ય જનક તળાવીયાને 'બેસ્ટ MLA એવોર્ડ' મળ્યો: ગાંધીનગરમાં 'Shining India Top 10 Best MLA Awards'માં સન્માનિત

અમરેલીઃગાંધીનગર ખાતે યોજાયેલા "Shining India Top 10 Best MLA Awards – Gujarat 2026" કાર્યક્રમમાં લાઠી-બાબરા-દામનગર વિધાનસભા વિસ્તારના ધારાસભ્ય જનકભાઈ તળાવીયાને "Best MLA Award"થી સન્માનિત કરવામાં આવ્યા છે. આ સન્માનથી સમગ્ર લાઠી-બાબરા-દામનગર પંથકમાં આનંદ અને ગૌરવની લાગણી પ્રસરી છે.

Shining India News & Survey Ltd. દ્વારા આયોજિત આ પ્રતિષ્ઠિત એવોર્ડ સમારોહમાં ગુજરાતના વિવિધ ક્ષેત્રોમાં જનસેવા અને વિકાસલક્ષી કામગીરી કરનાર પ્રતિનિધિઓને સન્માનિત કરાયા હતા. ધારાસભ્ય જનકભાઈ તળાવીયાને મળેલું આ સન્માન તેમના સતત જનસંપર્ક, વિકાસ પ્રત્યેની પ્રતિબદ્ધતા અને વિસ્તારના પ્રશ્નોના નિરાકરણ માટેના અવિરત પ્રયાસોનું પરિણામ છે.

ધારાસભ્ય જનકભાઈ તળાવીયાએ લાઠી-બાબરા-દામનગર વિધાનસભા વિસ્તારના સર્વાંગી વિકાસને પ્રાથમિકતા આપી છે. તેમણે માર્ગ, પીવાનું પાણી, શિક્ષણ,




આરોગ્ય અને ગ્રામ વિકાસ સહિતના વિવિધ ક્ષેત્રોમાં વિકાસકાર્યોને વેગ આપવા સતત પ્રયત્નો કર્યા છે.સામાન્ય જનતાના પ્રશ્નોને સરકાર સમક્ષ અસરકારક રીતે રજૂ કરીને તેના ઉકેલ માટેની તેમની કાર્યશૈલીને કારણે તેઓ વિસ્તારના લોકોમાં લોકપ્રિય બન્યા છે. તાજેતરમાં, વિધાનસભા વિસ્તારમાં પીવાના પાણીની નવી ટાંકીઓ, માર્ગોના વિકાસ અને રીસર્ફેસિંગ, શૈક્ષણિક સુવિધાઓ તેમજ આંગણવાડી કેન્દ્રો સહિતના વિવિધ વિકાસકાર્યોને મંજૂરી અપાવવામાં તેમના પ્રયાસો સફળ રહ્યા છે.

ગાંધીનગર ખાતે યોજાયેલા આ એવોર્ડ સમારોહમાં લાઠી, બાબરા અને દામનગર વિસ્તારના આગેવાનો તેમજ ભારતીય જનતા પાર્ટીના કાર્યકર્તાઓ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા. પોતાના લોકપ્રિય ધારાસભ્યને પ્રતિષ્ઠિત એવોર્ડથી સન્માનિત થતા નિહાળી સૌએ આનંદ અને ગૌરવની લાગણી વ્યક્ત કરી હતી. કાર્યકર્તાઓ અને આગેવાનોએ ધારાસભ્ય જનકભાઈ તળાવીયાને હાર્દિક અભિનંદન પાઠવ્યા હતા.

આ પ્રસંગે ધારાસભ્ય જનકભાઈ તળાવીયાએ એવોર્ડ પ્રાપ્ત કરવા બદલ આયોજક સંસ્થા તેમજ સમગ્ર વિધાનસભા વિસ્તારની જનતાનો આભાર વ્યક્ત કર્યો હતો. તેમણે જણાવ્યું હતું કે, "આ સન્માન માત્ર મારું વ્યક્તિગત સન્માન નથી, પરંતુ લાઠી-બાબરા-દામનગર વિધાનસભા વિસ્તારની જનતા, કાર્યકર્તાઓ અને વિકાસની પ્રક્રિયામાં સહભાગી બનેલા સૌનું સન્માન છે. વિસ્તારની જનતાએ મારા પર મૂકેલા વિશ્વાસને વધુ મજબૂત બનાવવા માટે હું સતત વિકાસ અને જનસેવાના કાર્યો માટે કાર્યરત રહીશ."

# ઉનાના ગરાળ ગામે ખોરાકની શોધમાં રહેણાંક વિસ્તારમાં સિંહોનો હુમલો

## બે પશુઓ પૈકી એકનું વાડીમાં મારણ કર્યું, ઈજાગ્રસ્ત પશુની પશુચિકિત્સક દ્વારા સારવાર શરુ

ઉનાઃઉના તાલુકાના ગરાળ ગામે રહેણાંક વિસ્તારમાં સિંહો ત્રાટક્યા હતા. આ ઘટનામાં બે પશુઓના મોત થયા છે, જ્યારે એક પશુ ગંભીર રીતે ઈજાગ્રસ્ત થયું છે. વન વિભાગની ટીમ ઘટનાસ્થળે પહોંચી કાર્યવાહી હાથ ધરી છે.ગઈકાલે રાત્રિના સમયે ખોરાકની શોધમાં સિંહો ગરાળ ગામના રહેણાંક વિસ્તારમાં ઘૂસી આવ્યા હતા. ગામની શેરીઓમાં રખડતા પશુઓ પર તેમણે હિંસક હુમલો કર્યો હતો, જેના કારણે ગ્રામજનોમાં ભયનો માહોલ છે.સિંહોના આ હુમલામાં બે રખડતા પશુઓના ઘટનાસ્થળે જ મોત થયા હતા, જેમાં બે પૈકીમાં એક પશુ ને ગામ ની બાજુ આવેલ



વાડીમા મારણ ની મીઝબાની માણી હતી જ્યારે એક પશુને ગંભીર ઈજાઓ પહોંચી હતી. ઘટનાની જાણ થતાં જ આજે વહેલી સવારે વન વિભાગની ટીમ તાત્કાલિક ગરાળ ગામે પહોંચી હતી.વન વિભાગના અધિકારીઓએ ઘટનાસ્થળની મુલાકાત લીધી હતી અને મૃત પશુઓ અંગે જરૂરી કાર્યવાહી શરૂ કરી છે. ઈજાગ્રસ્ત પશુની પશુચિકિત્સક દ્વારા સારવાર ચાલી રહી છે. રહેણાંક વિસ્તારમાં સિંહોના વારંવારના પ્રવેશથી ગ્રામજનોમાં ભયનો માહોલ છે, જેને પગલે સ્થાનિકો દ્વારા વન વિભાગ દ્વારા નાઈટ પેટ્રોલિંગ વધારવાની માંગ કરવામાં આવી છે.

તો ઉનાના કાણકબરડા ગામે પણ રામશીભાઈ ગીગાભાઈ ખટાણા ના ફળિયામાં આવીને સિહો દ્વારા એક પાડા નું મારણ કર્યુ હતું

# ઉનામાં જાહેરમાં જુગાર રમતા ૧૦ શખ્સો ઝડપાયા: ૬૫,૧૨૦નો મુદ્દામાલ જપ્ત

ગીર સોમનાથઃઉના ટાઉન વિસ્તારમાં જાહેરમાં જુગાર રમતા ૧૦ શખ્સોને પોલીસે ઝડપી પાડ્યા છે. તેમની પાસેથી રોકડ રકમ અને મોબાઈલ ફોન સહિત કુલ ૬૫,૧૨૦નો મુદ્દામાલ જપ્ત કરવામાં આવ્યો હતો.ઉના વિભાગના નાયબ પોલીસ અધિક્ષક એમ.એફ. ચૌધરીની સૂચના અને માર્ગદર્શન હેઠળ આ કાર્યવાહી કરવામાં આવી હતી. પોલીસ ઈન્સ્પેક્ટર કે.આઈ. જાડેજાની રાહબરી હેઠળ ઉના પોલીસ સ્ટાફ પેટ્રોલિંગમાં હતો. પેટ્રોલિંગ દરમિયાન પોલીસ હેડ કોન્સ્ટેબલ હરપાલસિંહ ચુડાસમા, કોન્સ્ટેબલો રાહુલભાઈ છેલાણા અને સુનિલભાઈ બાંભણીયાને ખાનગી રાહે બાતમી મળી હતી.

બાતમી મુજબ, ઉના શાહ એચ.ડી. હાઈસ્કૂલ પાછળ આવેલી જૂની ખંડેર થયેલી હોમગાર્ડ ઓફિસ પાસે ખુલ્લી જગ્યામાં કેટલાક શખ્સો પૈસાની હાર-જીતનો જુગાર રમી રહ્યા હતા. બાતમીના આધારે પોલીસે સ્થળ પર રેઈડ કરી ૧૦ શખ્સોને ઝડપી પાડ્યા હતા. પોલીસે તેમની પાસેથી ૪૦,૧૨૦ રોકડા અને ૨૫,૦૦૦ની કિંમતના મોબાઈલ ફોન મળી કુલ ?૬૫,૧૨૦નો મુદ્દામાલ કબજે કર્યો હતો.



પોલીસે ઝડપી પાડેલા શખ્સોમાં સચીનભાઈ દિલીપભાઈ ડાભી, ગીરીશભાઈ કાનજીભાઈ વાજા, કમલેશભાઈ નાનજીભાઈ ડાભી, રાજભાઈ કનુભાઈ બારડ, નીતિનભાઈ દિલીપભાઈ ડાભી, હિતેશભાઈ છગનભાઈ બારૈયા (મહુવા), નરેશકુમાર મનુભાઈ બાંભણીયા, મુકેશભાઈ ચનાભાઈ ડાભી, લાલજીભાઈ ચનાભાઈ ડાભી અને પ્રતીકભાઈ રમેશભાઈ બાંભણીયાનો સમાવેશ થાય છે.આ સમગ્ર મામલે ઉના પોલીસ સ્ટેશનમાં જુગારધારા કલમ-૧૨ હેઠળ ગુનો નોંધી વધુ કાર્યવાહી હાથ ધરવામાં આવી છે. પોલીસની આ કાર્યવાહીને પગલે ઉના ટાઉન વિસ્તારમાં જુગારની પ્રવૃત્તિ કરતા તત્વોમાં ફફડાટ ફેલાયો છે.

# ગીર ગઢડામાં દારૂ-ડ્રગ્સના વેપાર સામે કોંગ્રેસનું આવેદન

## પૂર્વ ધારાસભ્ય પુંજાભાઈ વંશની આગેવાનીમાં પોલીસને રજૂઆત, કડક કાર્યવાહીની માંગ

ગીર સોમનાથઃ

ગીર ગઢડા તાલુકામાં દારૂ અને ડ્રગ્સના ખુલ્લેઆમ વેપાર સામે કોંગ્રેસ સમિતિએ પોલીસ તંત્રને આવેદનપત્ર પાઠવી કડક કાર્યવાહીની માંગ કરી છે. પૂર્વ ધારાસભ્ય પુંજાભાઈ વંશની આગેવાની મા રજૂઆત કરવામાં આવી હતી.આવેદનપત્ર સુપરત કરતા પહેલા ગીર ગઢડામાં કોંગ્રેસના કાર્યકરો અને આગેવાનો દ્વારા રેલી કાઢી સૂત્રોચ્ચાર કરવામાં આવ્યા હતા. આ પ્રવૃત્તિઓથી સમાજ અને યુવાધન પર થતી ગંભીર અસરો અંગે ચિંતા વ્યક્ત કરવામાં આવી હતી.

કોંગ્રેસે આક્ષેપ કર્યો છે કે ગીર ગઢડા સહિત ગીર સોમનાથ જિલ્લામાં દારૂબંધી હોવા છતાં દેશી-વિદેશી દારૂની હેરાફેરી અને વેચાણ



બેરોકટોક ચાલી રહ્યું છે. ડ્રગ્સ સહિતની ગેરકાયદેસર પ્રવૃત્તિઓ પણ વધી રહી છે, જેના કારણે યુવાનોમાં નશાની લત વધવાની શક્યતા છે.

આવેદનપત્રમાં પોલીસ અને વહીવટી તંત્રની કામગીરી સામે સવાલો ઉઠાવવામાં આવ્યા હતા. કોંગ્રેસે જણાવ્યું કે આવા ગેરકાયદેસર વેપારને કારણે સમાજના યુવાધન પર ગંભીર અસર પડી શકે છે અને ગામડાઓ તથા શહેરી વિસ્તારોમાં આ પ્રવૃત્તિઓ પર નિયંત્રણ લાવવું અત્યંત જરૂરી છે.કોંગ્રેસે માંગ કરી છે કે દારૂ અને ડ્રગ્સના સપ્લાયના મૂળ સુધી પહોંચી મુખ્ય આરોપીઓ તથા સપ્લાયરો સામે કાર્યવાહી કરવામાં આવે. માત્ર નાના પાયે વેચાણ કરતા લોકો સામે કાર્યવાહી કરવાથી સમગ્ર નેટવર્ક અટકાવી શકાય નહીં તેમ રજૂઆતમાં જણાવાયું હતું.

આ ઉપરાંત, પોલીસ પેટ્રોલિંગ વધારવા, શંકાસ્પદ પ્રવૃત્તિઓ પર નજર રાખવા, નશીલા પદાર્થોના વેચાણના સ્થળો શોધી કાઢવા અને યુવાધનને નશાની લતથી બચાવવા અસરકારક પગલાં ભરવાની પણ માંગ કરવામાં આવી હતી. ગેરકાયદેસર પ્રવૃત્તિઓ અંગે મળતી ફરિયાદો પર તાત્કાલિક કાર્યવાહી કરવા પર ભાર મુકાયો હતો.

આ રજૂઆત ગીર ગઢડા તાલુકા કોંગ્રેસ સમિતિના પ્રમુખ મનસુખભાઈ ભેંસાણીયા સહિત કોંગ્રેસના અન્ય આગેવાનો અને કાર્યકરો દ્વારા કરવામાં આવી હતી. જિલ્લામાં અગાઉ પણ દારૂ સંબંધિત ગંભીર બનાવો સામે આવી ચૂક્યા હોવાનો ઉલ્લેખ કરવામાં આવ્યો હતો.

# ધારીના નવાપરામાં દીપડાએ પાડીનું મારણ કર્યું

અમરેલીઃઅમરેલી જિલ્લાના ધારી તાલુકાના નવાપરા ગામમાં દીપડાએ એક પાડીનું મારણ કર્યું છે. આ ઘટનાને પગલે સ્થાનિક ગ્રામજનોમાં ભયનો માહોલ સર્જાયો છે.

સ્થાનિકોના જણાવ્યા અનુસાર, છેલ્લા કેટલાક સમયથી નવાપરા વિસ્તારમાં દીપડાના આંટાફેરા વધી ગયા છે. પાડીના મારણની આ ઘટનાથી ગ્રામજનોમાં ચિંતા વ્યાપી છે.

આ બનાવની જાણ થતાં જ વન વિભાગની ટીમ તાત્કાલિક ઘટનાસ્થળે પહોંચી હતી. વન વિભાગ દ્વારા દીપડાને પકડવા માટે પાંજરા ગોઠવવાની કામગીરી શરૂ કરવામાં આવી છે.ધારી પંથક વન્યપ્રાણીઓનું મોટું નિવાસસ્થાન હોવાથી અહીં સિંહ અને દીપડા જેવા પ્રાણીઓના આંટાફેરા સામાન્ય છે. જોકે, માનવ વસ્તી નજીક આવા બનાવોથી લોકોમાં સતત ભય જોવા મળી રહ્યો છે.